અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 14 સપ્ટેમ્બર 2026 સોમવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00

વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ-3 | અંક : 75 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ભારતે આતિથ્યના ઉન્માદ વચ્ચે ભૌગોલિક વાસ્તવિકતા સમજવી પડશે

4  બ્રિક્સનું યજમાન ભારત ચીન-રશિયા સામે આર્થિક ગુલામીની ગર્તામાં કેમ!

6  'વાઇબ', 'મડગાંવ એક્સપ્રેસ' અને 'ગો ગોવા ગોન' એક જ યુનિવર્સનો ભાગ?

7 નવરાત્રિ પહેલા કેન્દ્રીય કર્મચારીઓને મળી શકે મોટી ભેટ, DA 60%થી વધીને 64% થવાની શક્યતા

BRICS ફોટો સેશનમાં જિનપિંગ-પુતિનની વચ્ચે PM મોદી

ટેકનોલોજી-મિનરલ્સને હથિયાર બનાવવા ખોટું, તેનાથી વિશ્વના વિકાસ પર અસર પડશે : PM મોદી

નવી દિલ્હી, તા.13

BRICS સમિટના બીજા દિવસે PM મોદીએ કહ્યું કે ટેકનોલોજી અને જરૂરી મિનરલ્સને હથિયાર તરીકે ઉપયોગ કરવો ખોટું છે. તેનાથી વિશ્વની પ્રગતિ પર અસર પડે છે. મોદીએ કહ્યું કે દુનિયામાં તણાવ સતત વધી રહ્યો છે અને તેની સીધી અસર સામાન્ય લોકોના જીવન પર પડી રહી છે. વડાપ્રધાને કહ્યું કે મહામારી, જળવાયુ આફતો અને સપ્લાય ચેઈનમાં અવરોધોએ દર્શાવ્યું છે કે આજે વિશ્વના દેશો એકબીજા સાથે જોડાયેલા છે. આવી સ્થિતિમાં, એક જગ્યાએ આવતું સંકટ અન્ય દેશોને પણ અસર કરી શકે છે.

BRICS સમિટના બીજા દિવસે ભારત મંડપમમાં સભ્ય દેશોના નેતાઓનું ગ્રુપ ફોટો સેશન થયું. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બંને બાજુ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન જોવા મળ્યા.

PM મોદી 7 દેશોના નેતાઓ સાથે અલગ-અલગ દ્વિપક્ષીય બેઠકો કરશે. સમિટના પહેલા દિવસે ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ચીનના રાષ્ટ્રપતિ અને અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ સિવાયના તમામ વર્લ્ડ લીડર પહોંચ્યા હતા.

અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ સમિટમાં સામેલ થયા બાદ પોતાના દેશ પરત ફર્યા હતા. જ્યારે, PTIએ સૂત્રોના હવાલેથી જણાવ્યું કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આરામ કરવા માટે પોતાની હોટેલ પરત ફર્યા હતા.

BRICS દેશોએ શનિવારે સમિટ દરમિયાન નવી દિલ્હી ડેક્લરેશનને મંજૂરી આપી. તેમાં ઘણા મુદ્દાઓ પર સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યું.

ડેક્લરેશનમાં રશિયા અને ચીન સહિત BRICS દેશોએ પહેલગામ આતંકી હુમલાની નિંદા કરી. દેશોએ કહ્યું કે આતંકવાદીઓને આશ્રય આપનારાઓ વિરુદ્ધ મળીને કાર્યવાહી કરવામાં આવશે.

આ સાથે જ, આતંકવાદીઓ સુધી પહોંચતી ફંડિંગ રોકવા અને તેમને સુરક્ષિત ઠેકાણાં આપનારાઓ સામે કાર્યવાહી કરવા પર પણ સહમતિ બની.

BRICS દેશો વચ્ચે સંયુક્ત નિવેદન જારી કરવા પર સહમતિ એવા સમયે બની છે, જ્યારે પશ્ચિમ એશિયામાં તણાવ છે અને ઈરાન, સાઉદી અરબ અને UAEના ઘણા મુદ્દાઓ પર અલગ-અલગ વલણ છે. BRICS નવી દિલ્હી ઘોષણાપત્ર પર વર્લ્ડ મીડિયાની પ્રતિક્રિયાઓ આવવાની શરૂ થઈ ગઈ છે. રોયટર્સે આ સમિટને ભારતની મોટી રાજદ્વારી સફળતા ગણાવી.

રિપોર્ટ અનુસાર, ભારતે ઈરાન, સાઉદી અરેબિયા, UAE, ચીન અને રશિયા જેવા અલગ-અલગ હિતો ધરાવતા દેશોને એક સામાન્ય નિવેદન પર સહમત કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

જ્યારે, ફાઈનાન્સિયલ ટાઈમ્સે લખ્યું કે ચીન BRICSને વૈશ્વિક શક્તિ તરીકે ઉભરવા માંગે છે, જ્યારે ભારત તેને અમેરિકા-વિરોધી જૂથને બદલે વિકાસશીલ દેશોના સહયોગના મંચ તરીકે જુએ છે.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજેશકિયાનની દીકરી ઝહરા પજેશકિયાન અને તેમના પતિ હસન મજીદીએ નવી દિલ્હીના પ્રધાનમંત્રી સંગ્રહાલયની મુલાકાત લીધી.

પીએમ મોદીએ કહ્યું કે BRICS હવે તેના ત્રીજા દાયકામાં પ્રવેશ કરવા જઈ રહ્યું છે. દુનિયાને હવે BRICS પાસેથી માત્ર વિચારો અને વચનો નહીં, પરંતુ નક્કર પરિણામોની અપેક્ષા છે. મને વિશ્વાસ છે કે આપણે સૌ સાથે મળીને આ અપેક્ષાઓ પુર્ણ કરીશું.

તેમણે આગામી BRICS સમિટની યજમાની માટે ચીનને શુભેચ્છાઓ પાઠવી. સાથે જ, નવી દિલ્હીમાં યોજાયેલી BRICS સમિટને સફળ બનાવવા માટે તમામ નેતાઓ અને તેમની ટીમોની પ્રશંસા કરી. અંતમાં તેમણે સૌને સુરક્ષિત અને સુખદ યાત્રાની શુભેચ્છાઓ આપી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે BRICS માત્ર દેશોનો સમૂહ નથી, પરંતુ સમાધાનનું મંચ છે. તેમણે કહ્યું કે સમિટમાં અપનાવવામાં આવેલો નવી દિલ્હી ઘોષણા-પત્ર સામાન્ય લક્ષ્યો અને ભવિષ્યના સહયોગને દિશા આપશે. લેવાયેલા નિર્ણયોને નિર્ધારિત સમયમાં લાગુ કરીને તેની અસર સામાન્ય લોકો સુધી પહોંચાડવી જરૂરી છે.

BRICS સમિટના બીજા અને છેલ્લા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે સંમેલન હવે સમાપન તરફ આગળ વધી રહ્યું છે. તેમણે તમામ દેશોના નેતાઓની સક્રિય ભાગીદારી અને મહત્વપૂર્ણ સૂચનો આપવા બદલ આભાર વ્યક્ત કર્યો. PM મોદીએ કહ્યું કે નેતાઓના વિચારો અને સૂચનોથી BRICS દેશો વચ્ચેના સહયોગને વધુ વ્યાપક અને મજબૂત બનાવવામાં મદદ મળી છે. તેમણે કહ્યું કે નેતાઓની હાજરી BRICSના વધતા મહત્વ, ખુલ્લાપણું અને સમાવેશીતા દર્શાવે છે.

NEWS BRIEF

મમતા બેનર્જીને બળવાખોર જૂથનો ખુલ્લો પ્રસ્તાવ

ઋતબ્રત બેનર્જીએ કહ્યું- નંદીગ્રામથી પૂર્વ CM ઉતરે, અપક્ષ તરીકે પણ લડશે તો સપોર્ટ કરશે

પશ્ચિમ બંગાળની નંદીગ્રામ અને રેજીનગર વિધાનસભા બેઠકો પર 6 ઓક્ટોબરે પેટાચૂંટણી યોજાવાની છે. જોકે, અત્યાર સુધી ભાજપ અને વિપક્ષી ટીએમસીએ પોતાના ઉમેદવારોના નામ જાહેર કર્યા નથી. આ દરમિયાન એક નવો અને રસપ્રદ રાજકીય વળાંક સામે આવ્યો છે. બળવાખોર જૂથનું નેતૃત્વ કરી રહેલા ઋતબ્રત બેનર્જીએ મમતા બેનર્જીને ખુલ્લી ઓફર આપી છે. શનિવારે ઋતબ્રતે કહ્યું છે કે જો પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી આગામી વિધાનસભા પેટાચૂંટણી લડે છે, તો તેમનું જૂથ પોતાનો ઉમેદવાર પાછો ખેંચી લેશે. ઋતબ્રત બેનર્જીએ આ નિર્ણય પાછળનું કારણ પણ જણાવ્યું છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે તેમનું જૂથ ઈચ્છે છે કે પૂર્વ મુખ્યમંત્રી ફરી એકવાર વિધાનસભામાં પાછા ફરે. તેમણે કટાક્ષભર્યા અંદાજમાં એ પણ ઉમેર્યું કે જો મમતા બેનર્જી નંદીગ્રામ બેઠક પરથી ચૂંટણી લડીને ગૃહમાં આવે છે, તો તે વધુ સારું રહેશે. 2021ની વિધાનસભા ચૂંટણીમાં મમતા બેનર્જીને નંદીગ્રામ બેઠક પરથી હારનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસે શુક્રવારે રેજીનગરથી મોહમ્મદ અબ્દુલ્લાહિલ કાફ અને નંદીગ્રામથી મિલન પ્રધાનને ઉમેદવાર બનાવ્યા હતા. પાર્ટીના નિવેદન મુજબ, આ નામોને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મંજૂરી આપી.

માયાવતીએ બીમાર હોવાની અફવાઓને ફગાવી દીધી

હું બિલકુલ ઠીક છું, આકાશ હજુ પણ સસરાના મગજથી ચાલી રહ્યા છે

બસપા સુપ્રીમો માયાવતી તેમની બીમારીની અફવાઓ પછી રવિવારે સામે આવ્યા. તેમણે લખનઉમાં પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું- હું સંપૂર્ણપણે સ્વસ્થ છું. મારું કામ કરી રહી છું. તેમણે કહ્યું- તેનો પુરાવો એ છે કે પાર્ટીના ઈન્ચાર્જ આલોક કુમાર પાસે શનિવારે રાત્રે 10:04 વાગ્યે ભત્રીજા આકાશ આનંદનો ફોન આવ્યો. પૂછ્યું- બહેનજી બીમાર છે કે શું? તેમનું સ્વાસ્થ્ય કેવું છે? આલોક કુમારે જવાબ આપતા કહ્યું- તેઓ બિલકુલ ઠીક છે. કામમાં લાગેલા છે. તેના પર આકાશે આલોક કુમારને કહ્યું કે મારી આ વાત બહેનજીને ન કહેતા અને ફોન મૂકી દીધો. આ ગંભીરતાથી વિચારવા જેવી વાત છે. માયાવતી 3 સપ્ટેમ્બરે લખનઉમાં જાહેરમાં જોવા મળ્યા હતા. તેમણે બસપા નેતાઓ સાથે બેઠક કરી હતી. ત્યારથી તેઓ X પર ટ્વીટ કરીને નિર્ણયોની જાણકારી આપી રહ્યા છે. માયાવતીએ 4 દિવસ પહેલા આકાશને પાર્ટીમાં પદ પાછું આપવા માટે તેમના સસરા અને પૂર્વ સાંસદ અશોક સિદ્ધાર્થના રાજકારણમાંથી સંન્યાસ લેવાની શરત મૂકી હતી. 17 કલાક પછી અશોક સિદ્ધાર્થે સંન્યાસની જાહેરાત કરી દીધી.

આ પછી પણ માયાવતીએ આકાશને પાર્ટીમાં પદ આપ્યું નહીં. પરંતુ ફરી ટ્વીટ કરીને આકાશને પાર્ટીમાંથી બહાર કરી દીધો. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે આકાશને પાર્ટી અને મિશન કરતાં વધારે પોતાના સસરા પ્રિય છે.

આ પછી શનિવારે માયાવતીએ X પર ફરી લાંબી અને ભાવુક પોસ્ટ કરી. તેમાં જાહેરાત કરી કે આકાશને જ નહીં, પરંતુ ઈશાનને પણ પાર્ટીમાં કોઈ પદ આપવામાં આવશે નહીં. તેમણે ભત્રીજી દીપિકા આનંદને પાર્ટીની કમાન સોંપવાના સંકેત આપ્યા.

માયાવતીએ પાર્ટીના જનાધારને વધારવા માટે પાર્ટીમાં મોટા ફેરફારોની પણ જાહેરાત કરી. આ અંતર્ગત, બસપામાં મુખ્ય સેક્ટર પ્રભારીનું પદ સમાપ્ત કરી દેવામાં આવ્યું. પહેલા આ પદ પર માયાવતીએ આકાશના નાના ભાઈ ઈશાનને જવાબદારી સોંપી હતી. જોકે, બાદમાં ઈશાનને પણ પાર્ટીમાં પદ નહીં આપવાની જાહેરાત કરી દીધી.

BRICSના વેજ ડિનર મેનૂ પર રાહુલે સવાલ ઉઠાવ્યો

કિરણ રિજિજુ બોલ્યા- દુનિયાભરના નેતાઓને ભારતીય ભોજન પસંદ આવ્યું, કોંગ્રેસ તેના પર રાજનીતિ કરી રહી છે

નવી દિલ્હી, તા.13

રાહુલ ગાંધીએ રવિવારે સોશિયલ મીડિયા X પર એક પોસ્ટ કરતા લખ્યું કે ભારતમાં 80% લોકો નોન-વેજિટેરિયન છે. ભારતનું નોન-વેજ ભોજન ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે.

તેના જવાબમાં કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ પોસ્ટ કરતા લખ્યું કે મને વિશ્વાસ નથી થઈ રહ્યો કે કોંગ્રેસ પાર્ટી BRICS દેશોના નેતાઓને પીરસવામાં આવેલા ભોજનના મેનૂ પર પણ રાજનીતિ કરી રહી છે.

મહેમાનોએ ભારતીય શાકાહારી ભોજનનો આનંદ માણ્યો, જે સ્વાદ અને પોષણથી ભરપૂર હતું અને જેમાં અલગ-અલગ પ્રદેશોની પરંપરાઓની ઝલક હતી.

હકીકતમાં 12 સપ્ટેમ્બરે આયોજિત ડિનરના મેનૂમાં પનીર સાથે સૂકી ભાજી, બીટનું રાયતુ, ગુજરાતી ખાંડવી અને મિલેટ્સનો પુલાવ રાખવામાં આવ્યો હતો. કાશ્મીરની મશરૂમ ડિશ અને મીઠાઈમાં ફ્રુટ ક્રીમ વિથ જલેબી પણ પીરસવામાં આવી હતી.

રાહુલ ગાંધીએ ભારતમાં 80% નોનવેજિટેરિયનના આંકડાનો કોઈ સ્ત્રોત જણાવ્યો નથી. 2023-24માં થયેલા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS-6)માં માંસાહારી ભોજનના સેવન સાથે સંકળાયેલો આવો કોઈ તુલનાત્મક આંકડો જણાવવામાં આવ્યો ન હતો. જોકે, 2019 થી 2021 વચ્ચે થયેલા અગાઉના NFHS-5 સર્વેક્ષણ મુજબ, 15 થી 49 વર્ષની ઉંમરના 83.4% પુરુષો અને 70.6% મહિલાઓ ઓછામાં ઓછું ક્યારેક-ક્યારેક માછલી, ચિકન અથવા માંસ ખાતા હતા.

બ્રિક્સ સમિટ જેવા મોટા આયોજનોમાં 'ડિનર ડિપ્લોમસી' નો અર્થ ઔપચારિક બેઠકો અને કડક પ્રોટોકોલથી હટીને, રાત્રિભોજનના મેજ પર અનૌપચારિક વાતચીત કરવાનો થાય છે. એકસાથે ભોજન લેતી વખતે નેતાઓ વચ્ચેનું વાતાવરણ સહજ બની જાય છે, જેનાથી તણાવ ઓછો કરવામાં, પરસ્પર વિશ્વાસ વધારવામાં અને વિવાદાસ્પદ મુદ્દાઓ પર ખુલ્લી ચર્ચા કરવામાં સરળતા રહે છે. ઘણીવાર જે મુશ્કેલ કરારો બંધ રૂમની ઔપચારિક ચર્ચામાં ઉકેલી શકાતા નથી, તેનો પાયો આવા જ ડિનર દરમિયાન અનૌપચારિક વાતચીતથી તૈયાર થાય છે.

અમિત શાહ બોલ્યા- ભારતનો PM પાકિસ્તાનમાં ઘૂસીને મારશે: પહેલાં કોણ વિચારી શકતું હતું કે મોદીએ એવી નીતિ બનાવી કે આજે દુશ્મન પણ ડરે છે

મુંબઈ, તા.13

ગૃહમંત્રી અમિત શાહે રવિવારે મુંબઈમાં કહ્યું કે પહેલાં કોણ વિચારી શકતું હતું કે આતંકવાદી હુમલાની સ્થિતિમાં ભારતનો વડાપ્રધાન પાકિસ્તાનની સરહદમાં ઘૂસીને જવાબ આપવા તૈયાર હશે. અમિત શાહે મુંબઈમાં 52મા ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી એવોર્ડ્સ સમારોહમાં આ વાતો કહી. આ પછી તેમણે મુંબઈમાં ભાજપના સેવા સંકલ્પ અભિયાનનું લોન્ચિંગ કર્યું અને પ્રેસ કોન્ફરન્સ કરી.

ભારત દુનિયાની ટોપ-5 ઈકોનોમી: કેન્દ્ર સરકારે છેલ્લા 12 વર્ષમાં પાયાના બદલાવ કર્યા છે. તેના પરિણામ સ્વરૂપ ભારત 2014માં 'ફ્રેજાઈલ ફાઈવ' (નબળી) અર્થવ્યવસ્થાઓમાં સામેલ થવાથી નીકળીને આજે દુનિયાની ટોચની પાંચ અર્થવ્યવસ્થાઓમાં પહોંચી ગયું છે. 2014માં ભારતને ફ્રેજાઈલ ફાઈવમાં ગણવામાં આવતું હતું, પરંતુ આજે તે દુનિયાની ટોપ 5 અર્થવ્યવસ્થાઓમાં સામેલ છે.

ભારત 2047 સુધીમાં દરેક ક્ષેત્રમાં આગળ રહેશે: ભારતે જીડીપીમાં 7.8% વૃદ્ધિ નોંધાવી છે અને મુખ્ય દેશોમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની ગયું છે. પીએમ મોદીએ લોકોમાં આ વિશ્વાસ જગાવ્યો છે કે 15 ઓગસ્ટ 2047 સુધીમાં ભારત દરેક ક્ષેત્રમાં વિશ્વના તમામ દેશોથી આગળ હશે. ભારત નિકાસના જૂના રેકોર્ડ તોડી રહ્યું છે: ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેન્યુફેક્ચરિંગ અને નિકાસમાં સરકારે ઘણું કામ કર્યું છે. તેમાં પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાઓ પણ સામેલ છે. ભારતની નિકાસ સતત જૂના રેકોર્ડ તોડી રહી છે.

દુનિયા ભારતના PMની વાત સાંભળે છે: છેલ્લા 12 વર્ષમાં દેશની વૈશ્વિક સ્થિતિમાં ઘણો સુધારો થયો છે. આજે દુનિયાનો મુદ્દો ભલે ગમે તે હોય, ભારતના વડાપ્રધાનના મતને મહત્વ આપવામાં આવે છે. દુનિયાભરમાં લોકો ભારતીય પાસપોર્ટ ધરાવતા નાગરિકોને સન્માનની દ્રષ્ટિએ જુએ છે.

21 રાજ્યોમાં 2029 પહેલા UCC લાગુ થશે: ત્રણ તલાકને ખતમ કરીને મુસ્લિમ મહિલાઓને સમાન અધિકાર આપવામાં આવ્યા છે. અમે ઘણા રાજ્યોમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરી છે. મને વિશ્વાસ છે કે ભાજપ-એનડીએ શાસિત 21 રાજ્યોમાં 2029 પહેલા UCC લાગુ કરી દેવામાં આવશે. આગામી લોકસભા ચૂંટણી 2029માં યોજાવાની છે. દરેક ગેરકાયદેસર ઘૂસણખોરને બહાર કાઢીશું: હું મારો સંકલ્પ પુનરાવર્તિત કરું છું કે અમે આ દેશમાંથી દરેક ગેરકાયદેસર ઘૂસણખોરને બહાર કાઢીશું. તેમની એક પછી એક ઓળખ કરવામાં આવશે અને તેમને દેશમાંથી બહાર મોકલવામાં આવશે.

અમિત શાહે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 25 વર્ષની જાહેર સેવા પૂર્ણ થવાના અવસર પર 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર સુધી દેશભરમાં એક મહિના સુધી ચાલનાર 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવશે. આ અભિયાન દરેક જિલ્લા, લોકસભા અને વિધાનસભા ક્ષેત્રની સાથે-સાથે દરેક મતદાન કેન્દ્ર સુધી પહોંચશે.

શાહે કહ્યું કે આ અભિયાનમાં સંપૂર્ણ NDA ગઠબંધન, સ્વયંસેવી સંગઠનો અને દેશભરના લોકો ભાગ લેશે. અભિયાનની શરૂઆત 17 સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદીના જન્મદિવસ પર થશે. જ્યારે, 6 ઓક્ટોબર 2026ના રોજ મુખ્યમંત્રી અને વડાપ્રધાન તરીકે સંયુક્ત રૂપે તેમના કાર્યકાળના 25 વર્ષ પૂર્ણ થશે. જોકે, સમગ્ર દેશમાં અભિયાન ચલાવવા ઉપરાંત પીએમ મોદીના સંસદીય ક્ષેત્ર વારાણસીમાં પણ વિશેષ આયોજન કરવામાં આવશે.

IRCTC પર એક જ દિવસમાં 20.06 લાખ ટિકિટ બુકિંગનો રેકોર્ડ

અમદાવાદ, તા.13

ભારતીય રેલવેની ઓનલાઈન ટિકિટ બુકિંગ સેવા IRCTCએ તહેવારોની સિઝન શરૂ થતાં જ ઓનલાઈન ટિકિટ બુકિંગમાં નવો રેકોર્ડ નોંધાવ્યો છે. અમદાવાદ સહિત દેશભરમાં મુસાફરો દ્વારા મોટી સંખ્યામાં અગાઉથી રેલવે ટિકિટ બુક કરવામાં આવી રહી છે. 7 સપ્ટેમ્બર 2026ના રોજ IRCTCના પ્લેટફોર્મ પર એક જ દિવસમાં કુલ 20,06,353 ટિકિટ બુક થઈ હતી. તહેવારો દરમિયાન મુસાફરોની વધતી અવરજવર અને એડવાન્સ રિઝર્વેશન પિરિયડ (ARP) હેઠળ શરૂ થયેલા બુકિંગને કારણે ટિકિટ બુકિંગમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને દિવાળી, દશેરા સહિતના તહેવારો નજીક આવતા દેશના વિવિધ શહેરોમાંથી પોતાના વતન જવા અને તહેવારોની રજાઓમાં મુસાફરી કરવા ઈચ્છતા લોકો દ્વારા અગાઉથી ટિકિટ બુક કરાવવાની પ્રક્રિયા તેજ બની છે.

IRCTCના આ નવા રેકોર્ડ પહેલાં 19 ઓગસ્ટ 2026ના રોજ એક દિવસમાં 18,40,203 ટિકિટ બુક થઈ હતી. એટલે કે માત્ર થોડા જ અઠવાડિયામાં દૈનિક ઓનલાઈન ટિકિટ બુકિંગના આંકડામાં નોંધપાત્ર વધારો થયો છે. 7 સપ્ટેમ્બરના રોજ 20 લાખનો આંકડો પાર કરીને નવો રેકોર્ડ બન્યા બાદ બીજા દિવસે એટલે કે 8 સપ્ટેમ્બરે પણ બુકિંગની ગતિ ઊંચી રહી હતી અને કુલ 19,50,699 ટિકિટ ઓનલાઈન બુક થઈ હતી. સતત બે દિવસ સુધી 19 લાખથી વધુ ટિકિટનું બુકિંગ થવું એ દર્શાવે છે કે તહેવારોની સિઝનમાં રેલવે મુસાફરી માટે લોકોમાં ભારે માંગ છે. IRCTCના જણાવ્યા અનુસાર હાલમાં ભારતીય રેલવેની કુલ રિઝર્વ ટિકિટમાંથી આશરે 89 ટકા ટિકિટ ઓનલાઈન માધ્યમથી બુક થઈ રહી છે. આટલા મોટા પ્રમાણમાં ઓનલાઈન બુકિંગ થતું હોવાથી તહેવારોના સમયગાળા દરમિયાન વેબસાઈટ અને એપ પર એકસાથે મોટી સંખ્યામાં મુસાફરોનો ટ્રાફિક આવે છે. આ વધેલા ટ્રાફિકને ધ્યાનમાં રાખીને IRCTC અને રેલવે દ્વારા NGeT એટલે કે નેક્સ્ટ જનરેશન ઈ-ટિકિટિંગ સિસ્ટમની ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. ખાસ કરીને એડવાન્સ રિઝર્વેશન શરૂ થવાના સમયે એકસાથે મોટી સંખ્યામાં મુસાફરો લોગિન કરીને ટિકિટ બુક કરવાનો પ્રયાસ કરતા હોવાથી સિસ્ટમ પર સૌથી વધુ ભાર પડે છે. તેમ છતાં 7 સપ્ટેમ્બરના રોજ જ્યારે 20 લાખથી વધુ ટિકિટનું બુકિંગ થયું ત્યારે સિસ્ટમમાં કોઈ મોટી નિષ્ફળતા કે આઉટેજ નોંધાયો નહોતો.

હાલના બુકિંગ ટ્રેન્ડનું વિશ્લેષણ કરવામાં આવે તો સવારે 8થી 9 વાગ્યા વચ્ચે દિવસના કુલ બુકિંગમાંથી આશરે 8.43 ટકાથી 14.14 ટકા સુધી ટિકિટ બુક થાય છે. જોકે, આ એક કલાકમાં પણ શરૂઆતના 15 મિનિટ સૌથી મહત્વપૂર્ણ હોય છે. સવારે 8 વાગ્યાથી 8.15 વાગ્યા સુધીના સમયગાળામાં સૌથી વધુ બુકિંગ ટ્રાફિક નોંધાય છે, કારણ કે એડવાન્સ રિઝર્વેશન શરૂ થતાની સાથે જ હજારો અને લાખો મુસાફરો એકસાથે ટિકિટ બુક કરવાનો પ્રયાસ કરે છે. તહેવારોના સમયમાં આ દબાણ વધુ વધી જાય છે, કારણ કે લાંબા અંતરની ટ્રેનોમાં કન્ફર્મ સીટ મેળવવા માટે મુસાફરો બુકિંગ વિન્ડો ખુલતાની સાથે જ ટિકિટ મેળવવાનો પ્રયાસ કરે છે. જોકે, રેલવેના જણાવ્યા મુજબ દિવસના બાકીના સમયમાં પણ 85 ટકાથી વધુ બુકિંગ સફળતાપૂર્વક પૂર્ણ થાય છે. મોટા પ્રમાણમાં વધેલા ઓનલાઈન ટ્રાફિકને સંભાળવા માટે NGeT સિસ્ટમમાં મોટા પાયે ટેક્નિકલ સુધારા કરવામાં આવ્યા છે. સિસ્ટમના રિફ્રેશ હેઠળ જૂના સર્વરોની જગ્યાએ નવા સર્વરો લગાવવામાં આવ્યા છે. માત્ર હાર્ડવેરની ક્ષમતા વધારવા પૂરતું જ કામ કરવામાં આવ્યું નથી, પરંતુ સોફ્ટવેર ઓપ્ટિમાઈઝેશન અને આર્કિટેક્ચરમાં જરૂરી ફેરફારો કરીને સમગ્ર ટિકિટિંગ સિસ્ટમની કાર્યક્ષમતા વધારવામાં આવી છે. આ ટેક્નિકલ અપગ્રેડનો મુખ્ય હેતુ એ છે કે બુકિંગના પીક અવર્સ દરમિયાન એકસાથે મોટી સંખ્યામાં લોકો વેબસાઈટ અથવા એપનો ઉપયોગ કરે ત્યારે પણ સિસ્ટમ ઝડપથી પ્રતિસાદ આપી શકે અને મુસાફરોને ટિકિટ બુક કરવામાં મુશ્કેલી ન પડે.

IRCTC દ્વારા મુસાફરોના અનુભવને સુધારવા માટે નવા યુઝર ઈન્ટરફેસ પર પણ કામ કરવામાં આવ્યું છે. 15 જુલાઈ 2026થી IRCTCના નવા યુઝર ઈન્ટરફેસનું બીટા વર્ઝન શરૂ કરવામાં આવ્યું છે. નવા ઈન્ટરફેસમાં મુસાફરોને સ્લીપર, થર્ડ એસી અને સેકન્ડ એસી સહિત વિવિધ કેટેગરીની સીટ ઉપલબ્ધતાની માહિતી એક જ સ્ક્રીન પર જોવા મળે છે. અગાઉ મુસાફરોને અલગ અલગ ક્લાસની ઉપલબ્ધતા તપાસવા માટે વારંવાર વિકલ્પ બદલવા પડતા હતા, પરંતુ નવા ઈન્ટરફેસમાં આ પ્રક્રિયા વધુ સરળ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેના કારણે મુસાફરો વિવિધ ક્લાસની ઉપલબ્ધતા અને ભાડાની સરખામણી કરીને પોતાની જરૂરિયાત મુજબ ટિકિટ પસંદ કરી શકે છે.

ટિકિટ બુકિંગની પ્રક્રિયામાં ગેરરીતિ અને ઓટોમેટેડ બોટ દ્વારા થતી અનધિકૃત બુકિંગ પ્રવૃત્તિઓને રોકવા માટે પણ IRCTCએ ટેક્નોલોજી આધારિત વ્યવસ્થા વધુ મજબૂત બનાવી છે. IRCTC દ્વારા એન્ટી-બોટ ટેક્નોલોજી અને CDN એટલે કે કન્ટેન્ટ ડિલિવરી નેટવર્ક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કંપનીના જણાવ્યા મુજબ, એન્ટી-બોટ સિસ્ટમના અમલ બાદ તાજેતરના મહિનાઓમાં શંકાસ્પદ બોટ ટ્રાફિકમાં આશરે 55થી 65 ટકા સુધી ઘટાડો થયો છે. આ વ્યવસ્થાનો હેતુ માનવીય મુસાફરોની જગ્યાએ ઓટોમેટેડ સિસ્ટમનો ઉપયોગ કરીને મોટા પાયે ટિકિટ બુક કરાવતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવાનો છે.

ટિકિટ બુકિંગમાં ગેરરીતિ સામેની કાર્યવાહી પણ વધુ કડક બનાવવામાં આવી છે. IRCTC દ્વારા 3.04 કરોડ યુઝર આઈડી ડિએક્ટિવેટ કરવામાં આવી છે, જ્યારે 6.33 કરોડ યુઝર આઈડીને રિ-વેલિડેશન માટે મૂકવામાં આવી છે. આ ઉપરાંત 16,041 શંકાસ્પદ ઈ-મેલ ડોમેનને બ્લોક કરવામાં આવ્યા છે. શંકાસ્પદ PNR અને ટિકિટ બુકિંગ સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ અંગે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

અમદાવાદીઓ સાવધાન! મોબાઈલ હેક કરી વેપારીના બેન્ક ખાતામાંથી 1.60 લાખની ઉચાપત

અમદાવાદ, તા.13

અમદાવાદ શહેરના ઘોડાસર વિસ્તારમાં આવેલા ઈસનપુર સ્થિત જયંત પાર્ક સોસાયટીના ઈલુ એપાર્ટમેન્ટ ખાતે રહેતા 53 વર્ષીય જીગર કૌશિકભાઈ જોશી મણિનગર વિસ્તારમાં 'ક્રિષ્ના ટ્રેડર્સ' નામના શોપિંગ એકમ હેઠળ લોખંડ અને સ્ટીલના ખરીદ-વેચાણનો મોટો વેપાર ચલાવે છે. તેઓ પોતાનું સેવિંગ્સ એકાઉન્ટ મણિનગર ખાતે આવેલી આઈડીએફસી ફર્સ્ટ બેંકની શાખામાં ધરાવે છે અને તમામ નાણાકીય વ્યવહારો તે ખાતા દ્વારા જ કરતા હોય છે. દરરોજની જેમ તેઓ મણિનગર ખાતેની પોતાની દુકાને વેપારના રોજિંદા કામકાજમાં વ્યસ્ત હતા. તે દરમિયાન બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યાના સુમારે તેમના મોબાઈલ ફોન પર અચાનક બેંક એકાઉન્ટમાંથી મોટા પ્રમાણમાં રૂપિયા કપાઈ ગયા હોવાના બે લિંક્ડ ડેબિટ મેસેજ આવી પડ્યા હતા. આ મેસેજ જોતાં જ જીગરભાઈ હેબતાઈ ગયા હતા અને કંઈ સમજ પડે તે પહેલાં જ તેમના મોબાઈલ ફોન પર સતત અજાણ્યા આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક નંબરો પરથી એકપછી એક OTP ઓટો-જનરેટ થઈને આવવા લાગ્યા હતા. મોબાઈલ પર ઓટીપીની વણઝાર અને ખાતામાંથી અચાનક નાણાં ગાયબ થવાની આ વિચિત્ર અને ગંભીર બાબત જોઈને તેમને

તુરંત જ પોતાનો ડિજિટલ મોબાઈલ ફોન સાયબર હેકરો દ્વારા હેક કરી લેવાયો હોવાની દ્રઢ શંકા ગઈ હતી. પરિસ્થિતિની ગંભીરતા સમજીને તેમણે કોઈપણ ક્ષણનો વિલંબ કર્યા વિના તુરંત જ મણિનગર સ્થિત પોતાની આઈડીએફસી ફર્સ્ટ બેંકની શાખાએ દોડી જવાનું નક્કી કર્યું હતું. બેંકમાં પહોંચીને તેમણે શાખા મેનેજર અને અધિકારીઓ સમક્ષ પોતાના ખાતામાંથી થયેલા અનધિકૃત ટ્રાન્ઝેક્શન અંગે વિગતે વાત કરી તપાસ કરવા વિનંતી કરી હતી. બેંકના અધિકારીઓએ જ્યારે સિસ્ટમમાં તેમના ખાતાનું સ્ટેટમેન્ટ અને હિસાબી વ્યવહારો ચકાસ્યા ત્યારે એક ચોંકાવનારો ખુલાસો થયો હતો. અજાણ્યા સાયબર ગઠિયાઓએ ચાલાકીપૂર્વક તેમનો ફોન હેક કરીને રિમોટ એક્સેસ મેળવી લીધું હતું અને બે અલગ-અલગ મોટા ઓનલાઈન ટ્રાન્ઝેક્શન મારફતે પ્રથમ રૂ. 73 હજાર અને ત્યારબાદ રૂ. 87 હજાર એમ કુલ મળીને રૂ. 1.60 લાખની રકમ અન્ય રાજ્યની બેંકોના ભળતા ખાતાઓમાં ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરી લીધી હતી. પોતાની મહેનતની કમાણીમાંથી એકસાથે રૂ. 1.60 લાખ જેટલી માતબર રકમ ગાયબ થઈ જતાં વેપારી સ્તબ્ધ થઈ ગયા હતા.

પોતે કોઈ મોટા સાયબર ક્રાઈમ અને ઓનલાઈન નાણાકીય છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનો સ્પષ્ટ અહેસાસ થતાં જ જીગરભાઈએ સૌપ્રથમ જાગ્રતતા દાખવીને તાત્કાલિક સાયબર ફ્રોડ હેલ્પલાઈન નંબર 1930 પર કોલ કરીને સમગ્ર બનાવની વિગતવાર ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી, જેથી ટ્રાન્સફર થયેલા નાણાં હોલ્ડ પર મૂકી શકાય. ત્યારબાદ તેઓ ઈસનપુર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને નાણાં ગુમાવ્યા અંગેની તમામ બેંક વિગતો અને મેસેજ સાથે અજાણ્યા સાયબર તસ્કરો સામે વિધિવત લેખિત ફરિયાદ નોંધાવી હતી. વેપારીની આ ગંભીર ફરિયાદના આધારે ઈસનપુર પોલીસે ત્વરિત ગુનો નોંધીને પ્રાથમિક તપાસનો દોર શરૂ કર્યો છે. પોલીસ હાલમાં જે બેંક એકાઉન્ટ્સમાં નાણાં ટ્રાન્સફર થયા છે તેના આઈપી એડ્રેસ, બેંક ડિટેલ્સ તથા વેપારીના ફોનના કોલ ડિટેલ્સ અને ડેટા લોગ્સના આધારે સાયબર સેલની મદદ લઈને આંતરરાજ્ય સાયબર ગઠિયાઓની ટોળકી સુધી પહોંચવા તીવ્ર તપાસ ચલાવી રહી છે.

અમદાવાદના પાઘડી મેને નવરાત્રિ માટે બનાવી 5 કિલોની 'મા આદ્યશક્તિ' થીમ આધારિત પાઘડી

અમદાવાદ, તા.13

નવરાત્રિના પવિત્ર પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે સમગ્ર ગુજરાતમાં ગરબા અને ટ્રેડિશનલ પહેરવેશને લઈને ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ જ ઉત્સાહ વચ્ચે અમદાવાદમાં 'પાઘડી મેન' તરીકે જાણીતા અને દર વર્ષે કંઈક નવું સર્જન કરતા અનુજ મુદલિયારે આ વર્ષે પણ એક અત્યંત વિશેષ અને આકર્ષક પાઘડી તૈયાર કરી છે. તેમણે આ વખતની નવરાત્રિ માટે ૫ કિલો વજન ધરાવતી 'મા આદ્યશક્તિ' થીમ પર આધારિત એક ભવ્ય ટ્રેડિશનલ પાઘડીનું સર્જન કર્યું છે. આ અનોખી અને કલાત્મક પાઘડીને સંપૂર્ણપણે ડિઝાઈન કરીને તૈયાર કરતા તેમને બે મહિના જેટલો લાંબો સમય લાગ્યો હતો. નોંધનીય છે કે, અનુજ મુદલિયાર વર્ષ 2016થી સતત દર નવરાત્રિમાં અવનવી થીમ પર આધારિત અનોખી પાઘડીઓ બનાવવા માટે સમગ્ર રાજ્યમાં પ્રખ્યાત છે અને દર વર્ષે ખેલૈયાઓ માટે કંઈક ખાસ લઈને આવે છે.

પોતાના આ નવા કલાત્મક સર્જન અને તેની વિવિધ વિશેષતાઓ અંગે વિગતે વાત કરતા અનુજ મુદલિયારે જણાવ્યું હતું કે, 'હું દર વર્ષે નવરાત્રિના

તહેવારમાં ખેલૈયાઓ માટે અલગ-અલગ થીમ પર આધારિત પાઘડીઓ તૈયાર કરું છું, જેથી પરંપરાગત સંસ્કૃતિ જીવંત રહે. આ વર્ષે મેં શક્તિ અને ભક્તિના પ્રતીક સમી 'મા આદ્યશક્તિ'ની થીમ પસંદ કરી છે. આ પાઘડીમાં માતાજીના દિવ્ય મુખારવિંદની સાથે સાથે તેમના શક્તિશાળી દિવ્ય શસ્ત્રો જેવા કે તલવાર, ત્રિશૂળ અને ભાલો પણ અત્યંત સુંદર રીતે સુશોભિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિમાં મંગળ પ્રતીક ગણાતા માતાજીના સામૈયાના પ્રતીકરૂપે એક આકર્ષક કળશ પણ પાઘડી પર ખાસ સ્થાન પામ્યો છે, જે આ પાઘડીની શોભામાં અદભુત વધારો કરે છે.'

આ પાઘડીની બનાવટ અને કારીગરી વિશે વાત કરીએ તો તેને આગળ અને પાછળ બંને બાજુથી અત્યંત બારીકાઈથી અને સુંદર રીતે ડેકોરેટ કરવામાં આવી છે, જેથી તે દરેક ખૂણેથી અદ્ભુત દેખાય. જેમાં ગુજરાતના પરંપરાગત કચ્છી વર્કની સાથે સાથે ઝીણવટભરી એમ્બ્રોઈડરી અને પ્રાચીન સમયથી ચાલી આવતું ગોલવાડી વર્ક કરવામાં આવ્યું છે. પાઘડીની સુંદરતા વધારવા માટે તેમાં કાળજીપૂર્વક કોડીઓ અને કિંમતી જેકો મોતીનું કામ પણ ઉમેરવામાં આવ્યું છે. આ બધી કારીગરી સાથે પાઘડી પર નવરાત્રિના તાલે રાસ-ગરબા રમતા નાના ખેલૈયાઓની સુંદર આકૃતિઓ પણ ઉપસાવવામાં આવી છે. ૫ કિલો જેટલું વજન ધરાવતી આ ભવ્ય અને વજનદાર પાઘડી આગામી નવરાત્રિના ઉત્સવ દરમિયાન ખેલૈયાઓ અને દર્શકો માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બનશે તે નક્કી છે.

ઈસ્કોન ક્રોસ રોડ પર AMTS-BRTS બસના ડ્રાઈવર વચ્ચે માથાકૂટ, બસ સેવા ખોરવાઈ

અમદાવાદ, તા.13

અમદાવાદના ઈસ્કોન ક્રોસ રોડ વિસ્તારમાં AMTS અને BRTS બસના ડ્રાઈવરો વચ્ચે થયેલા ઘર્ષણને કારણે થોડા સમય માટે જાહેર પરિવહન સેવા ખોરવાઈ જતા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વ્યસ્ત ઈસ્કોન ક્રોસ રોડ અને આસપાસના વિસ્તારમાં બસોની અવરજવર વચ્ચે અચાનક થયેલા વિવાદને પગલે પરિસ્થિતિ તંગ બની હતી અને રસ્તા પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. BRTS કોરિડોરમાં AMTS બસના ડ્રાઈવરે રોંગ સાઈડમાં જઈને ઓવરટેક કરવાનો પ્રયાસ કરતાં BRTS બસના ડ્રાઈવરોએ વાંધો ઉઠાવ્યો હતો. શરૂઆતમાં થયેલી બોલાચાલી બાદ મામલો ઉગ્ર બન્યો હતો અને બંને તરફના ડ્રાઈવરો વચ્ચે માથાકૂટ થતાં બસ વ્યવહાર પર તેની સીધી અસર પડી હતી.

મળતી માહિતી મુજબ, BRTS માટે નિર્ધારિત કોરિડોરમાં AMTS બસના ડ્રાઈવરે રોંગ સાઈડથી આગળ નીકળવાનો પ્રયાસ કર્યો હતો. BRTS કોરિડોરમાં બસોની અવરજવર માટે ચોક્કસ નિયમો અને વ્યવસ્થા હોવાને કારણે BRTS બસના ડ્રાઈવરો દ્વારા આ અંગે વાંધો લેવામાં આવ્યો હતો. ઓવરટેક કરવાના મુદ્દે શરૂ થયેલો વિવાદ ધીમે ધીમે ઉગ્ર બન્યો હતો અને બંને પક્ષના ડ્રાઈવરો વચ્ચે બોલાચાલી થઈ હતી. ઘટનાને કારણે થોડા સમય માટે રસ્તા પર બસોની અવરજવર અટકી જતા આસપાસથી પસાર થતા અન્ય વાહનચાલકોને પણ મુશ્કેલી પડી હતી અને ટ્રાફિકનું ભારણ વધ્યું હતું. વિવાદ વધુ ઉગ્ર બનતા AMTS બસના ડ્રાઈવરે પોતાની બસને BRTS કોરિડોરમાં જ ઊભી રાખી દીધી હતી અને ત્યારબાદ બસ છોડીને ચાલ્યો ગયો હતો. બસ રસ્તાની વચ્ચે જ ઊભી રહેતાં પાછળથી આવતી BRTS બસો અને અન્ય જાહેર પરિવહન વાહનોની અવરજવરમાં અડચણ ઊભી થઈ હતી. સ્થિતિ વધુ વણસતાં અન્ય બસોના ડ્રાઈવરોએ પણ પોતાની બસો રોકી દીધી હતી. બસો રસ્તા પર ઊભી રહી જતા મુસાફરોને પણ બસમાંથી નીચે ઉતારી દેવામાં આવ્યા હતા. અચાનક બસ સેવા અટકી પડતાં નોકરી-ધંધા માટે જતાં લોકો, વિદ્યાર્થીઓ અને અન્ય મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા.

સામાન્ય રીતે ઈસ્કોન ક્રોસ રોડ વિસ્તાર અમદાવાદના સૌથી વ્યસ્ત

માર્ગોમાંનો એક છે અને અહીંથી મોટી સંખ્યામાં AMTS તથા BRTS બસો પસાર થાય છે. આવી સ્થિતિમાં બસો વચ્ચેનો વિવાદ અને કોરિડોરમાં બસો અટકી જવાથી થોડા જ સમયમાં ટ્રાફિકની સ્થિતિ ગંભીર બની હતી. રસ્તા પર બસો ઊભી રહેતા અન્ય વાહનોની અવરજવર ધીમી પડી હતી અને વાહનચાલકોને ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો હતો. જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરતા મુસાફરો માટે પણ પરિસ્થિતિ મુશ્કેલીજનક બની હતી, કારણ કે બસો અચાનક રોકાઈ જતાં ઘણા મુસાફરોને પોતાના ગંતવ્ય સુધી પહોંચવા માટે અન્ય વિકલ્પો શોધવાની ફરજ પડી હતી.

ઘટનાની જાણ થતાં પોલીસને પણ જાણ કરવામાં આવી હતી. બીજી તરફ AMTS અને અમદાવાદ જનમાર્ગના અધિકારીઓ પણ ઘટનાની ગંભીરતા સમજીને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અધિકારીઓ દ્વારા બંને તરફના ડ્રાઈવરો સાથે વાતચીત કરીને સ્થિતિને નિયંત્રણમાં લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બસો કોરિડોરમાંથી ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને ટ્રાફિક વ્યવસ્થા ફરી સામાન્ય બનાવવા માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા હતા. અધિકારીઓની દખલ બાદ આખરે ટ્રાફિક ક્લિયર કરવામાં આવ્યો હતો અને અટવાયેલી બસોને આગળ વધારવામાં આવી હતી.

આ સમગ્ર ઘટનામાં સૌથી વધુ મુશ્કેલી સામાન્ય મુસાફરોને પડી હતી. રોજિંદા કામકાજ માટે AMTS અને BRTS બસ પર નિર્ભર રહેતા લોકો માટે બસ સેવા થોડા સમય માટે બંધ થઈ જતા મુસાફરીનું આયોજન ખોરવાઈ ગયું હતું. કેટલાક મુસાફરોને બસમાંથી નીચે ઉતરીને અન્ય વાહનોનો સહારો લેવો પડ્યો હતો. જ્યારે ટ્રાફિક જામને કારણે ખાનગી વાહનચાલકોને પણ તેમના ગંતવ્ય સુધી પહોંચવામાં વિલંબ થયો હતો. વ્યસ્ત માર્ગ પર જાહેર પરિવહનની બસો અટકી પડવાથી રસ્તા પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. ઘટનાને લઈને અધિકારીઓએ જણાવ્યું હતું કે હાલ તમામ ટ્રાફિક ક્લિયર કરી દેવામાં આવ્યો છે અને બસ વ્યવહારને ફરી પૂર્વવત્ કરી દેવામાં આવ્યો છે. AMTSની વિજિલન્સ ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સમગ્ર મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રાથમિક રીતે બસ ડ્રાઈવર દ્વારા BRTS કોરિડોરમાં રોંગ સાઈડથી ઓવરટેક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની બાબત સામે આવી છે. સમગ્ર ઘટનાની તપાસ બાદ નિયમોનું ઉલ્લંઘન કરનાર બસના ઓપરેટર સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેમ અધિકારીઓએ જણાવ્યું છે. જાહેર પરિવહન વ્યવસ્થામાં AMTS અને BRTS બંનેની બસો મોટી સંખ્યામાં શહેરના માર્ગો પર દોડતી હોવાથી બંને સેવાઓના ડ્રાઈવરો વચ્ચે ટ્રાફિક નિયમો અને કોરિડોરના ઉપયોગને લઈને તકરાર ન સર્જાય તે માટે સંકલન જરૂરી બની ગયું છે. ખાસ કરીને BRTS કોરિડોરમાં અન્ય વાહનોની અવરજવર અથવા રોંગ સાઈડથી ઓવરટેક જેવી બાબતોને કારણે અકસ્માતનો પણ ગંભીર ખતરો ઊભો થઈ શકે છે. ઈસ્કોન ક્રોસ રોડ પર બનેલી આ ઘટનાએ જાહેર પરિવહનના ડ્રાઈવરો દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન અને એકબીજા સાથે સંકલન જાળવવાની જરૂરિયાત ફરી એકવાર સામે લાવી છે.

અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડતી પ્રીમિયમ ટ્રેનમાં વરસાદી પાણી ઘૂસ્યું, પેસેન્જરોની હાલત કફોડી

અમદાવાદ, તા.13

અમદાવાદથી મુંબઈના દાદર તરફ જતી પ્રીમિયમ ટ્રેન નંબર 12902 ગુજરાત મેલમાં વરસાદ દરમિયાન મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હોવાની ઘટના સામે આવી છે. 12 સપ્ટેમ્બરની રાત્રે ટ્રેનના B1 કોચમાં વરસાદી પાણી છતમાંથી ટપકતું હોવાનો વીડિયો સામે આવતા રેલવેની કોચ મેન્ટેનન્સ વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે. મુસાફરોની સુવિધા અને આરામદાયક મુસાફરી માટે જાણીતી પ્રીમિયમ કેટેગરીની ટ્રેનના કોચમાં જ છતમાંથી પાણી ટપકવાની સ્થિતિ સર્જાતા મુસાફરોમાં રોષ જોવા મળ્યો હતો. વીડિયોમાં કોચની છતમાંથી પાણી નીચે પડતું જોવા મળે છે અને કેટલાક સ્થળોએ પાણીનો પ્રવાહ એટલો વધી ગયો હતો કે જાણે કોચની અંદર જ પાણીનો ધોધ વહેતો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી.

મળતી માહિતી મુજબ, ગુજરાત મેલ અમદાવાદથી મુંબઈ તરફ આગળ વધી રહી હતી ત્યારે વરસાદ શરૂ થતાં B1 કોચમાં અચાનક પાણીનું લીકેજ શરૂ થયું હતું. કોચની છતમાંથી સતત પાણી ટપકવાને કારણે સીટો અને પેસેજ વિસ્તારમાં પાણી તથા ભેજની સ્થિતિ ઊભી થઈ હતી. લાંબી મુસાફરી કરી રહેલા મુસાફરો માટે આ સ્થિતિ અત્યંત અસુવિધાજનક બની હતી. એક તરફ બહાર ભારે વરસાદ પડી રહ્યો હતો અને બીજી તરફ કોચની અંદર છતમાંથી પાણી ટપકતું હોવાથી મુસાફરોને પોતાની સીટ અને સામાનને પાણીથી બચાવવા માટે વ્યવસ્થા કરવી પડી હતી. મુસાફરો દ્વારા ઘટનાનો વીડિયો બનાવવામાં આવ્યો હતો, જે બાદ આ સમગ્ર મામલો સામે આવ્યો છે. સામાન્ય રીતે પ્રીમિયમ ટ્રેનમાં મુસાફરોને અન્ય ટ્રેનોની સરખામણીએ વધુ સારી સુવિધા, સ્વચ્છતા અને આરામદાયક મુસાફરી મળવાની અપેક્ષા રાખવામાં આવે છે. મુસાફરો પાસેથી પ્રીમિયમ ભાડું વસૂલવામાં આવતું હોવાથી કોચની જાળવણી



પણ ઉચ્ચ ધોરણની હોવી જરૂરી છે. આવી સ્થિતિમાં ટ્રેનના કોચની છતમાંથી વરસાદી પાણી અંદર પ્રવેશવાની ઘટના રેલવેના મેન્ટેનન્સ વિભાગની કામગીરી અંગે ગંભીર સવાલો ઉભા કરે છે. ખાસ કરીને ચોમાસાની સિઝન દરમિયાન ટ્રેનના કોચની છત, સીલિંગ, જોડાણો અને વોટરપ્રૂફિંગની યોગ્ય રીતે તપાસ કરવી જરૂરી હોય છે, જેથી મુસાફરોને મુસાફરી દરમિયાન આવી સમસ્યાનો સામનો ન કરવો પડે. ગુજરાત મેલ જેવી મહત્વની ટ્રેનમાં આ પ્રકારનું લીકેજ સામે આવતાં કોચની પ્રી-મોનસૂન તપાસ અને નિયમિત મેન્ટેનન્સ પ્રક્રિયા પર પણ પ્રશ્નો ઉભા થયા છે. વરસાદની સિઝન શરૂ થાય તે પહેલાં જ રેલવે દ્વારા કોચની છત અને વોટરપ્રૂફિંગની તપાસ કરવામાં આવતી હોય છે, પરંતુ જો તપાસ બાદ પણ વરસાદ દરમિયાન કોચની અંદર પાણી ટપકે તો જાળવણી વ્યવસ્થાની અસરકારકતા અંગે સવાલો સ્વાભાવિક રીતે ઊભા થાય છે. મુસાફરોનું કહેવું છે કે ટ્રેનમાં પાણી લીક થવાથી માત્ર અસુવિધા જ નહીં, પરંતુ સીટ, બેગ, કપડાં અને અન્ય સામાનને નુકસાન થવાની પણ શક્યતા રહે છે.

કોચની અંદર પાણી ભરાવાથી મુસાફરો માટે સલામતીનો પ્રશ્ન પણ ઊભો થઈ શકે છે. પેસેજમાં પાણી હોય તો મુસાફરોના પગ લપસી જવાની અથવા પડી જવાની શક્યતા રહે છે. જો પાણી વિદ્યુત ઉપકરણો અથવા કોચની અન્ય ટેક્નિકલ સિસ્ટમ સુધી પહોંચે તો વધુ ગંભીર સમસ્યા ઊભી થઈ શકે છે. તેથી આવી ઘટનાને માત્ર સામાન્ય પાણી લીકેજ તરીકે જોવાને બદલે કોચની ટેક્નિકલ અને સુરક્ષા વ્યવસ્થાની દૃષ્ટિએ પણ ગંભીરતાથી તપાસવાની જરૂરિયાત છે.

આ ઘટનાને લઈને મુસાફરોમાં પણ નારાજગી જોવા મળી હતી. પ્રીમિયમ ભાડું ચૂકવીને મુસાફરી કરતા મુસાફરોને ટ્રેનમાં સ્વચ્છ, સુરક્ષિત અને આરામદાયક વાતાવરણ મળવાની અપેક્ષા હોય છે. પરંતુ મુસાફરી દરમિયાન છતમાંથી પાણી ટપકતું હોય અને સીટ તથા પેસેજમાં પાણી પહોંચતું હોય તો મુસાફરો માટે આખી મુસાફરી મુશ્કેલીજનક બની જાય છે. ખાસ કરીને રાત્રિના સમયે આવી ઘટના બને ત્યારે મુસાફરો માટે તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા કરવી પણ મુશ્કેલ બને છે. પરિણામે મુસાફરોને પોતાનો સામાન બચાવવા તેમજ પાણીથી બચવા માટે જાતે જ વ્યવસ્થા કરવી પડે છે. સામે આવેલા વીડિયોને કારણે હવે સોશિયલ મીડિયા પર પણ રેલવેની કોચ જાળવણીને લઈને ચર્ચા શરૂ થઈ છે. મુસાફરો દ્વારા સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે કે જ્યારે પ્રીમિયમ ટ્રેનના કોચની નિયમિત રીતે તપાસ અને જાળવણી કરવામાં આવે છે તો પછી વરસાદ દરમિયાન છતમાંથી આટલી મોટી માત્રામાં પાણી કેવી રીતે ટપક્યું. મુસાફરોનું કહેવું છે.

ગુજરાતમાં 10 જિલ્લામાં અતિ ભારે વરસાદનું રેડ એલર્ટ, 8 જિલ્લામાં હવામાન વિભાગનું ઓરેન્જ એલર્ટ

અમદાવાદ, તા.13

ગુજરાતમાં આજે સવારથી જ હવામાનમાં અચાનક પલટો આવ્યો છે અને રાજ્યભરમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરતાં વરસાદી માહોલ બરાબરનો જામી ગયો છે. રાજ્યના દક્ષિણ અને પૂર્વ-મધ્ય ભાગોમાં સાર્વત્રિક અને અત્યંત ભારે વરસાદની તીવ્ર શક્યતાઓને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગ દ્વારા રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના સત્તાવાર આંકડા અનુસાર, આજે સવારે 6 વાગ્યાથી શરૂ કરીને બપોરના 12 વાગ્યા સુધીના માત્ર 6 કલાકના ટૂંકા સમયગાળામાં જ રાજ્યના 126 જેટલા તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાઈ ચૂક્યો છે, જેના કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા પણ સામે આવી છે.

હવામાન વિભાગ દ્વારા બપોરે ૪ વાગ્યા સુધીનું તાજું નાઉકાસ્ટ બુલેટિન જારી કરવામાં આવ્યું છે, જેમાં રાજ્ય પર તોળાતા ભારે વરસાદના સંકટ સામે લાલ બત્તી ધરવામાં આવી છે. ખાસ કરીને

વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, વલસાડ, નવસારી, ડાંગ અને તાપી જિલ્લાઓ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી સહિતના કુલ ૧૦ જેટલા વિસ્તારોમાં ભયાનક વીજળીના કડાકા-ભડાકા અને પવનના તીવ્ર ઝાપટાં સાથે અત્યંત ભારેથી અતિભારે વરસાદનું 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં તંત્રને સ્ટેન્ડબાય મોડ પર રાખવામાં આવ્યું છે.

દક્ષિણ ગુજરાત ઉપરાંત મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં પણ મેઘરાજાની તોફાની પધરામણી થવાની પૂરતી શક્યતાઓ જોવા મળી રહી છે. હવામાન વિભાગે દાહોદ, પંચમહાલ, આણંદ, જૂનાગઢ, રાજકોટ, બોટાદ, અમરેલી અને ભાવનગર જિલ્લામાં ધોધમાર વરસાદની સંભાવનાને પગલે 'ઓરેન્જ એલર્ટ' આપ્યું છે. જ્યારે અમદાવાદ અને રાજ્યના પાટનગર ગાંધીનગર સહિત બાકીના તમામ જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડે તેવી શક્યતાઓ સાથે 'યલો એલર્ટ' જારી કરવામાં આવ્યું છે. રાજ્યમાં સતત વધી રહેલી વરસાદી તીવ્રતાને જોતાં વહીવટી તંત્ર દ્વારા નદીકાંઠાના અને નીચાણવાળા વિસ્તારોમાં વસતા તમામ લોકોને સાવચેત રહેવા અને બિનજરૂરી બહાર ન નીકળવા ખાસ અપીલ કરવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

9/11 હુમલા પહેલા ભારત પણ આતંકી લાદેનની હિટ લિસ્ટમાં હતું: 8 દેશમાં તબાહી મચાવવાનું હતું ષડયંત્ર

વોશિંગ્ટન, તા.13

આતંકવાદી સંગઠન અલ-કાયદાનો સરગના ઓસામા બિન લાદેન 9/11ના હુમલા પહેલા ભારતને પણ નિશાન બનાવવા માંગતો હતો. અમેરિકી ગુપ્તચર એજન્સી CIA દ્વારા તાજેતરમાં જારી કરાયેલા એક દસ્તાવેજમાંથી આ જાણવા મળ્યું છે.

28 ઓગસ્ટ 1998ના આ રિપોર્ટમાં બિન લાદેનની ભારત સહિત ઘણા દેશોમાં હુમલાની યોજનાનો ઉલ્લેખ છે. જોકે, તેમાં ભારતમાં કોઈ ખાસ જગ્યા કે હુમલાની તારીખ વિશે માહિતી આપવામાં આવી નથી.

CIAએ 9/11 હુમલાની 25મી વર્ષગાંઠના અવસરે શુક્રવારે બિન લાદેન સંબંધિત 70થી વધુ ગુપ્ત રિપોર્ટ્સ સાર્વજનિક કર્યા છે. તેમાં 100 થી વધુ પાનાની માહિતી છે.

CIA ના 1998 ના રિપોર્ટ અનુસાર, ઓસામા બિન લાદેન ભારત સહિત 8 દેશોમાં હુમલા કરવા માંગતો હતો. રિપોર્ટમાં ભારત, પાકિસ્તાન, ઈજિપ્ત, કુવૈત, સાઉદી અરેબિયા, યમન અને યુગાન્ડાના નામ છે. નાઈજીરીયાનો પણ સંભવિત નિશાન તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

જોકે, દસ્તાવેજમાં ભારતમાં કઈ જગ્યાએ હુમલો કરવાનો હતો, તેની કોઈ જાણકારી નથી. ન કોઈ શહેર કે ઈમારતનું નામ આપવામાં આવ્યું છે અને ન તો હુમલાની તારીખ કે કોઈ ખાસ યોજનાનો ઉલ્લેખ છે.

આ રિપોર્ટનું શીર્ષક 'બિન લાદેનનું આતંકવાદી નેટવર્ક હજુ પણ ખતરો' હતું. દસ્તાવેજના કેટલાક ભાગો સાર્વજનિક કરવામાં આવ્યા નથી અને ગુપ્ત માહિતી ક્યાંથી મળી તે પણ જણાવવામાં આવ્યું નથી.

રિપોર્ટ અનુસાર, બિન લાદેન ઓછામાં ઓછા 60 દેશોમાં હાજર પોતાના લોકો અને અન્ય આતંકવાદી સંગઠનોની મદદથી હુમલા કરાવી શકતો હતો.

CIA અનુસાર, અફઘાનિસ્તાનમાં અમેરિકી હુમલાઓ છતાં બિન લાદેન અને તેના સાથીઓનો પરસ્પર સંપર્ક જળવાઈ રહ્યો હતો. અલ-કાયદાએ કેટલાક તાલીમ શિબિરો ફરી શરૂ

કર્યા હતા, જ્યારે કેટલાક શિબિરોને બીજી જગ્યાએ ખસેડવામાં આવી રહ્યા હતા.

દસ્તાવેજમાં કહેવામાં આવ્યું હતું કે બિન લાદેન અમેરિકા અને બ્રિટન વિરુદ્ધ પણ નવા હુમલાઓની તૈયારી કરી રહ્યો હતો. રિપોર્ટ અનુસાર, અફઘાનિસ્તાનમાં અલ-કાયદાના ઠેકાણાઓ પર અમેરિકી મિસાઈલ હુમલાના થોડા કલાકો પહેલા બિન લાદેન દ્વારા આગળના હુમલાઓની યોજના બનાવવામાં આવી રહી હોવાની માહિતી હતી.

CIA એ 1998 થી 2001 દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિઓને બિન લાદેન અને અલ-કાયદાના ખતરા અંગે ઘણી વખત જાણકારી આપી હતી. જાહેર કરાયેલા દસ્તાવેજોમાં તત્કાલીન રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટનના કાર્યકાળથી લઈને જ્યોર્જ ડબલ્યુ. બુશના શરૂઆતી કાર્યકાળ સુધીના અહેવાલો શામેલ છે. આ અહેવાલો દર્શાવે છે કે 9/11 ના હુમલા પહેલા જ અમેરિકી ગુપ્તચર એજન્સીને બિન લાદેન અને અલ-કાયદાના સંભવિત હુમલાઓનો ખતરો હતો.

11 સપ્ટેમ્બર 2001ના આતંકવાદી હુમલામાં લગભગ 3 હજાર લોકોના મોત થયા હતા. અલ-કાયદાના 19 આતંકવાદીઓએ ચાર પેસેન્જર વિમાનોને હાઈજેક કર્યા હતા. બે વિમાન ન્યૂયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટરની ટ્વીન ટાવર્સ સાથે અથડાયા અને બંને ઈમારતો ધરાશાયી થઈ ગઈ. ત્રીજું વિમાન વોશિંગ્ટન નજીક પેન્ટાગોન સાથે અથડાયું, જ્યારે ચોથું વિમાન પેન્સિલવેનિયામાં પડી ગયું.

હુમલામાં અમેરિકા સહિત અનેક દેશોના નાગરિકો માર્યા ગયા હતા. ત્યારબાદ અમેરિકાએ અલ-કાયદા અને તેના પ્રમુખ ઓસામા બિન લાદેન વિરુદ્ધ મોટું અભિયાન શરૂ કર્યું. ઓક્ટોબર 2001માં અમેરિકી સેનાએ અફઘાનિસ્તાનમાં સૈન્ય કાર્યવાહી શરૂ કરી, જ્યાં તાલિબાન સરકાર અલ-કાયદાને આશ્રય આપી રહી હતી.

9/11 પછી વિશ્વભરમાં હવાઈ સુરક્ષા અને આતંકવાદ વિરોધી નીતિઓમાં મોટા ફેરફારો થયા. આ હુમલાને આધુનિક ઈતિહાસના સૌથી મોટા આતંકવાદી હુમલાઓમાંનો એક ગણવામાં આવે છે.

ડંકી રૂટથી અમેરિકા પહોંચેલાં યુવકે ભારતીય મૂળની મહિલાનો પીછો કરી રેસ્ટોરન્ટ બહાર ગોળીઓ વીંધી નાખી

કેલિફોર્નિયા, તા.13

અમેરિકાના કેલિફોર્નિયામાં ભારતીય મૂળની મહિલા શાલિની ઠાકુરની હત્યા કરી દેવામાં આવી. આરોપીએ કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં મંગળવારે 38 વર્ષની શાલિનીનો પીછો કરી રેસ્ટોરન્ટ બહાર ગોળી મારી દીધી.



આરોપીની ઓળખ 22 વર્ષના રોહિત નામના શખ્સ તરીકે થઈ છે. રોહિતને જ્યારે પોલીસની ટીમે ઘેર્યો તો તેણે પોતાના માથામાં ગોળી મારીને આત્મહત્યા કરી લીધી.

શાલિનીની માતા સુદેશ કુમારીએ જણાવ્યું કે રોહિત એક વર્ષથી 38 વર્ષીય શાલિનીનો પીછો કરી રહ્યો હતો અને તેને હેરાન કરી રહ્યો હતો. તેમણે જણાવ્યું કે રોહિત તેમની દીકરી સાથે લગ્ન કરવા માંગતો હતો પરંતુ ઉંમરના અંતરને કારણે તેણે ના પાડી દીધી. આનાથી રોહિત ભડકેલો હતો.

સેક્રામેન્ટો કાઉન્ટી શેરીફ ઓફિસના જણાવ્યા અનુસાર, શાલિની સેક્રામેન્ટોના આર્ડન આર્કેડ વિસ્તારમાં એક શોપિંગ પ્લાઝામાં કામ કરતી હતી. કામ પર જવા દરમિયાન જ રોહિતે તેનો પીછો કર્યો. તેણે શાલિનીને એક રેસ્ટોરન્ટ બહાર રોકી લીધી. શાલિની જીવ બચાવવા ભાગી, પરંતુ રોહિતે પીછો કર્યો અને અનેક ગોળીઓ મારી દીધી.

લોકોએ પોલીસને શંકાસ્પદની ગાડીનું વર્ણન આપ્યું. ગાડીનું છેલ્લું લોકેશન જલ્દી જ ખબર પડી ગઈ. થોડી જ મિનિટો પછી ગાડી ઈસ્ટબાઉન્ડ હાઈવે 50 પર મળી. જ્યારે અધિકારીઓએ ગાડીને રોકવાનો પ્રયાસ કર્યો તો રોહિતે અચાનક ગાડી રોકી દીધી.

પોલીસ કાર સુધી પહોંચી તો જોયું કે રોહિત ડ્રાઈવર સીટ પર લોહીથી લથપથ હાલતમાં પડેલો હતો. તેણે પોતાને ગોળી મારી લીધી હતી.

સ્થાનિક રિપોર્ટ્સ અનુસાર, રોહિત જાન્યુઆરી 2026થી શાલિનીનો પીછો કરી રહ્યો હતો. ઘણી વખત તે મદદ કરવાના બહાને શાલિનીની કારના ટાયરોની હવા કાઢી નાખતો હતો. તે કામ પર જતી વખતે તેનો પીછો કરતો હતો.

એકવાર તેણે શાલિનીના એપાર્ટમેન્ટની ચાવીની કોપી મેળવી લીધી હતી. આ પછી તે ગમે ત્યારે તેના ઘરમાં ઘૂસી જતો હતો.

શાલિનીએ મે મહિનામાં રોહિત વિરુદ્ધ કેસ નોંધાવ્યો હતો. કોર્ટે રોહિતને ચેતવણી પણ આપી હતી. આમ છતાં, તેણે શાલિનીનો પીછો છોડ્યો ન હતો.

અમેરિકી ગૃહ સુરક્ષા વિભાગના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, રોહિત વૈધ દસ્તાવેજો વિના અમેરિકામાં રહેતો હતો. પ્રવક્તાએ જણાવ્યું કે 2023માં એરિઝોનાના રસ્તે અમેરિકામાં દાખલ થયા પછી અમેરિકી સીમા પેટ્રોલિંગ દળ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી.

આ પછી બાઈડેન પ્રશાસન દરમિયાન તેને છોડી દેવામાં આવ્યો હતો. જોકે, તેના ઈમિગ્રેશન સાથે જોડાયેલી સચોટ માહિતી સ્પષ્ટ થઈ શકી નથી.

મધદરિયે 243 મુસાફરો ભરેલું જહાજ ગુમ: સુરાબાયાથી બોર્નિયો જતું હતું, 102 લોકોને બચાવાયા, 1નું મોત

ઈન્ડોનેશિયા, તા.13

ઈન્ડોનેશિયામાં 243 લોકોને લઈને જઈ રહેલું એક યાત્રી જહાજ રવિવારે ગુમ થઈ ગયું. જહાજનો જાવા સાગરમાં સંપર્ક તૂટી ગયો. વિર્ગો ટ્રાન્સપોર્ટ 8 નામનું આ જહાજ પૂર્વ જાવાના સુરાબાયાથી બોર્નિયો દ્વીપના બંજારમાસિન જઈ રહ્યું હતું. અધિકારીઓએ સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે.

બચાવ એજન્સીના જણાવ્યા અનુસાર, 103 લોકોને અલગ-અલગ જહાજોની મદદથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા. તેમાંથી એકનું મોત થયું. હવે 140 લોકોની શોધ કરવામાં આવી રહી છે. બચાવ ટીમે જહાજની છેલ્લી લોકેશન તરફ ઘણા જહાજો અને એક હેલિકોપ્ટર મોકલ્યું છે.

બંજારમાસિન સ્થિત સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓફિસના જણાવ્યા અનુસાર, જહાજમાં મુસાફરી દરમિયાન કોમ્યુનિકેશન ફેલિયર થયું હતું. ત્યારબાદ તેનો સંપર્ક થઈ શક્યો નહીં. જહાજની છેલ્લી લોકેશન જાવા સાગરમાં બંજારમાસિનના એક પિયરથી લગભગ 148 કિલોમીટર દૂર મળી છે. ઈન્ડોનેશિયામાં પહેલા પણ જહાજ ડૂબી જવાના ઘણા મોટા અકસ્માતો થયા છે. 1981માં તમ્પોમાસ-2 નામનું યાત્રી જહાજ જાવા સાગરમાં ડૂબી ગયું હતું. તેમાં લગભગ 430 લોકોના મોત થયા હતા. 2006માં સેનોપાતી નુસંતારા નામની યાત્રી ફેરી ખરાબ હવામાન દરમિયાન જાવા સાગરમાં ડૂબી ગઈ હતી. આ અકસ્માતમાં 400થી વધુ લોકો માર્યા ગયા હતા અથવા ગુમ થયા હતા.

2007માં લેવિના-1 ફેરીમાં આગ લાગ્યા બાદ તે ડૂબી ગઈ હતી, જેમાં 50થી વધુ લોકોના મોત થયા હતા.

2018માં લેસ્તારી માજુ ફેરી દક્ષિણ સુલાવેસી પાસે ડૂબી ગઈ હતી. તેમાં 36 લોકોના જીવ ગયા હતા. આ દુર્ઘટનાઓમાં ખરાબ હવામાન, તેજ મોજાં, જહાજમાં ક્ષમતા કરતાં વધુ લોકોને બેસાડવા અને સુરક્ષા નિયમોનું યોગ્ય રીતે પાલન ન કરવું જેવા કારણો સામે આવતા રહ્યા છે.

ઈન્ડોનેશિયામાં 17 હજારથી વધુ ટાપુઓ છે અને લગભગ 28 કરોડની વસ્તીનો મોટો ભાગ અલગ-અલગ ટાપુઓ પર રહે છે. આવી સ્થિતિમાં, ઘણા શહેરો અને ટાપુઓ વચ્ચે અવરજવર માટે ફેરી અને પેસેન્જર જહાજો મહત્વપૂર્ણ સાધન છે. મોટી સંખ્યામાં લોકો દરરોજ આનાથી મુસાફરી કરે છે.

દેશ ઉષ્ણકટિબંધીય ક્ષેત્રમાં હોવાને કારણે અહીં ભારે વરસાદ, વાવાઝોડું અને ઊંચા દરિયાઈ મોજાંનો ખતરો રહે છે. આવા હવામાનમાં નાના અને મધ્યમ કદના જહાજો માટે મુસાફરી મુશ્કેલ બની શકે છે.

આ ઉપરાંત, ભૂતકાળમાં થયેલા ઘણા અકસ્માતોની તપાસમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરોને બેસાડવા, સુરક્ષા સાધનોનો અભાવ અને સુરક્ષા નિયમોનું યોગ્ય રીતે પાલન ન કરવું જેવી ખામીઓ પણ સામે આવી છે. જોકે, દરેક અકસ્માતનું કારણ અલગ હોઈ શકે છે. આ પહેલા બુધવારે રાત્રે ફિલિપાઈન્સમાં એક પેસેન્જર ફેરીમાં ભીષણ આગ લાગી હતી. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં 76 લોકોના મોત થયા છે, જ્યારે 13 લોકો ગુમ છે. ફેરીમાં કુલ 132 લોકો સવાર હતા અને 43 લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.

ફેરી રાજધાની મનીલાથી કોરોન જઈ રહી હતી અને તેના ગંતવ્ય સ્થાનથી લગભગ 39 કિલોમીટર પહેલા આગની લપેટમાં આવી ગઈ. ફિલિપાઈન્સમાં પણ ઈન્ડોનેશિયાની જેમ ટાપુઓ વચ્ચે અવરજવર માટે ફેરી મહત્વપૂર્ણ સાધન છે. અધિકારીઓના મતે, આ અકસ્માતની તપાસમાં એ પણ જોવામાં આવી રહ્યું છે કે કેપ્ટને સમયસર એલાર્મ વગાડ્યું હતું કે નહીં, મુસાફરોને ચેતવણી આપવામાં આવી હતી કે નહીં અને ક્રૂએ તેમને લાઈફ જેકેટ પહેરવામાં અને સુરક્ષિત જગ્યાએ પહોંચવામાં મદદ કરી હતી કે નહીં.

બ્રિટનથી અલગ થઈ શકે છે સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડ: આજે નેતાઓની મીટિંગ, આઝાદીના નિર્ણય પર જનમત સંગ્રહ શક્ય

કાર્ડિફ, તા.13

યુકેના એકજુટ રહેવા પર ફરી સવાલો ઉઠી રહ્યા છે. સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડના નેતાઓ સોમવારે વેલ્સની રાજધાની કાર્ડિફમાં મળવાના છે. ત્રણેયની માગ અલગ-અલગ છે, પરંતુ બધા યુકેની હાલની વ્યવસ્થામાં મોટા ફેરફારો ઈચ્છે છે. ત્રણેય ક્ષેત્રોના ફર્સ્ટ મિનિસ્ટર લોકોને પોતાનું ભવિષ્ય જાતે નક્કી કરવાનો અધિકાર આપવા પર સંયુક્ત નિવેદન જાહેર કરી શકે છે. તેમાં જરૂર પડ્યે આઝાદી કે યુકેથી અલગ થવા જેવા મોટા નિર્ણયો પર જનમત સંગ્રહ કરાવવાની વાત પણ હોઈ શકે છે. સ્કોટલેન્ડ: અહીંની સત્તાધારી SNP સ્કોટલેન્ડને યુકેથી અલગ કરીને સ્વતંત્ર દેશ બનાવવા માંગે છે. વેલ્સ: રાષ્ટ્રવાદી પાર્ટી પ્લાઈડ કમરી વેલ્સને અલગ દેશ બનાવવાની માગ કરે છે અને વધુ અધિકારો ઈચ્છે છે.

નોર્ધન આયર્લેન્ડ: સત્તાધારી સિન ફેન યુકેથી અલગ થઈને આયર્લેન્ડ સાથે જોડાવાના પક્ષમાં છે. પાર્ટીના અધ્યક્ષ મેરી લૂ મેકડોનાલ્ડ પણ બેઠકમાં સામેલ થશે.

બ્રિટનની કેન્દ્ર સરકાર UK ને એકજૂટ રાખવા માંગે છે. જ્યારે સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડમાં વધુ અધિકારો અને વર્તમાન વ્યવસ્થામાં ફેરફારની માગ ઉઠી રહી છે.

ધ ટેલિગ્રાફ અનુસાર, સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર જ્હોન સ્વિની અને વેલ્સના ફર્સ્ટ મિનિસ્ટર રુન એપી ઈઓર્થવર્ટ સાથે નોર્ધન આયર્લેન્ડનું નેતૃત્વ પણ સંયુક્ત નિવેદનને સમર્થન આપી શકે છે.

સ્કોટલેન્ડની આઝાદી આ આખી ચર્ચાનો સૌથી મોટો મુદ્દો છે. વડાપ્રધાન એન્ડી બર્નહમે તાજેતરમાં કહ્યું હતું કે જો સ્કોટલેન્ડ અને નોર્ધન આયર્લેન્ડમાં UK થી અલગ થવાના પક્ષમાં સહમતિ બને છે, તો જનમત સંગ્રહ પર વિચાર કરી શકાય છે.

SNP એ બર્નહમના આ નિવેદનને તરત જ મુદ્દો બનાવી લીધો. આ પછી બર્નહમે સ્પષ્ટતા કરતા કહ્યું કે આગામી સામાન્ય ચૂંટણી પહેલા આઝાદી પર જનમત સંગ્રહ કરાવવામાં આવશે નહીં.

આ પછી, સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર સ્વિનીએ કહ્યું કે પહેલીવાર સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લેન્ડમાં એવા ફર્સ્ટ મિનિસ્ટર છે જેઓ UKની હાલની વ્યવસ્થામાં ફેરફાર ઈચ્છે છે. તેમના મતે, તેનાથી બ્રિટનને એકજૂટ રાખતી વ્યવસ્થા પર દબાણ વધી રહ્યું છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ તાજેતરમાં આયર્લેન્ડના એકીકરણ પર નિવેદન આપ્યું છે. શનિવારે ડબલિન પ્રવાસ દરમિયાન ટ્રમ્પે કહ્યું કે તેઓ આયર્લેન્ડને એક દેશ તરીકે જોવાનું પસંદ કરશે.

અમેરિકી રાષ્ટ્રપતિઓનું આ મુદ્દે સામાન્ય રીતે સાવચેતીભર્યું વલણ રહ્યું છે. આવી સ્થિતિમાં, ટ્રમ્પનું નિવેદન આ ચર્ચાને વધુ ચર્ચામાં લાવ્યું છે.

કાર્ડિફની બેઠક માત્ર UKથી અલગ થવાની માગ સુધી સીમિત નથી. ત્રણેય સ્થળોની ઘણી મુખ્ય પાર્ટીઓ યુરોપિયન યુનિયન (EU) સાથે ગાઢ સંબંધો ઈચ્છે છે.

જો ભવિષ્યમાં સ્કોટલેન્ડ કે વેલ્સ UK થી અલગ થઈને સ્વતંત્ર દેશ બને છે, તો તેઓ EU ની સદસ્યતા માટે અરજી કરી શકે છે. જ્યારે, જો

નોર્ધન આયર્લેન્ડ આયર્લેન્ડ સાથે જોડાય છે, તો તે EU નો ભાગ બની જશે, કારણ કે આયર્લેન્ડ પહેલાથી જ EU નો સભ્ય છે.

UK 2020 માં EU માંથી બહાર નીકળી ગયું હતું. તે પહેલાં 2016 માં જનમત સંગ્રહ થયો હતો, જેમાં લોકોએ EU છોડવાના પક્ષમાં મત આપ્યો હતો.

હવે જાણો કે આ ત્રણેય વિસ્તારો બ્રિટન સાથે કેવી રીતે જોડાયા અને હવે અલગ થવાની માગ કેમ થઈ રહી છે.

લગભગ 300 વર્ષ પહેલાં સ્કોટલેન્ડ અને ઈંગ્લેન્ડ બે અલગ-અલગ દેશો હતા. બંનેના પોતાના રાજા, સંસદ અને કાયદા હતા. વર્ષ 1603માં ઈંગ્લેન્ડની મહારાણી એલિઝાબેથ પ્રથમનું અવસાન થયું.

તેમનો કોઈ વારસદાર ન હતો. ત્યારે સ્કોટલેન્ડના રાજા જેમ્સ VI ઈંગ્લેન્ડના પણ રાજા બન્યા. એટલે કે હવે એક જ વ્યક્તિ બે દેશોનો રાજા હતો, પરંતુ બંને દેશો હજુ પણ અલગ-અલગ હતા.

તેના લગભગ 100 વર્ષ પછી એક મોટો નિર્ણય લેવાયો. 1707માં સ્કોટલેન્ડ અને ઈંગ્લેન્ડની સંસદે કરાર કર્યો. બંને દેશો મળીને ગ્રેટ બ્રિટન બન્યા. ત્યારબાદ બંનેની અલગ-અલગ સંસદ ન રહી અને એક સામાન્ય સંસદ બની.

20મી સદીમાં સ્કોટલેન્ડની આઝાદીની માંગને રાજકીય તાકાત મળવા લાગી. 1934માં સ્કોટિશ નેશનલ પાર્ટી (SNP) બની, જેનો હેતુ સ્કોટલેન્ડને અલગ દેશ બનાવવાનો હતો.

1999માં સ્કોટલેન્ડને પોતાની સંસદ અને સરકાર મળી. આનાથી શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવા ઘણા મામલાઓમાં તેને પોતે નિર્ણયો લેવાનો અધિકાર મળ્યો, જ્યારે સંરક્ષણ અને વિદેશ નીતિ જેવા મોટા મુદ્દા UK સરકાર પાસે રહ્યા.

પછી 2014માં આઝાદી પર જનમત સંગ્રહ થયો. 55% લોકોએ UKમાં રહેવાના પક્ષમાં મત આપ્યો, જ્યારે 45% લોકોએ આઝાદીનું સમર્થન કર્યું. તેથી સ્કોટલેન્ડ UKનો ભાગ બની રહ્યું.

2016માં બ્રેક્ઝિટ પછી આઝાદીની માંગ ફરી તેજ થઈ. સ્કોટલેન્ડના મોટાભાગના લોકોએ EUમાં રહેવા માટે મત આપ્યો હતો, જ્યારે સમગ્ર UKએ EUમાંથી બહાર નીકળવાનો નિર્ણય કર્યો.

13મી સદીમાં ઈંગ્લેન્ડના રાજા એડવર્ડ પ્રથમે વેલ્સ પર કબજો કર્યો. આમ છતાં વેલ્સે પોતાની ભાષા, સંસ્કૃતિ અને અલગ ઓળખ જાળવી રાખી. 19મી-20મી સદીમાં તેમને બચાવવા માટેના આંદોલનો તેજ બન્યા.

1925માં પ્લાઈડ કમરી પાર્ટીની રચના થઈ. શરૂઆતમાં તેનું ધ્યાન વેલ્શ ભાષા અને સંસ્કૃતિ બચાવવા પર હતું, પરંતુ બાદમાં પાર્ટીએ વેલ્સને વધુ અધિકારો અને પછી અલગ દેશ બનાવવાની માગ શરૂ કરી દીધી.

1999માં વેલ્સને પોતાની સંસદ અને સરકાર મળી. જોકે રક્ષા અને વિદેશ નીતિ જેવા મોટા નિર્ણયો હજુ પણ UK સરકાર પાસે છે. સ્કોટલેન્ડની સરખામણીમાં વેલ્સમાં આઝાદીનું સમર્થન ઓછું છે, પરંતુ પ્લાઈડ કમરી સતત આ મુદ્દાને ઉઠાવતી રહી છે.

વેલ્સ, સ્કોટલેન્ડ અને ઈંગ્લેન્ડ ગ્રેટ બ્રિટનનો ભાગ બની ચૂક્યા હતા. 1801માં આયર્લેન્ડ પણ તેમાં સામેલ થયું. જોકે, શરૂઆતથી જ આયર્લેન્ડના ઘણા ભાગોમાં તેનો વિરોધ ચાલુ રહ્યો. લાંબા સંઘર્ષ પછી 1922માં આયર્લેન્ડનો મોટાભાગનો હિસ્સો UKથી અલગ થઈને સ્વતંત્ર દેશ બન્યો. પરંતુ આયર્લેન્ડનો ઉત્તરીય હિસ્સો એટલે કે નોર્ધન આયર્લેન્ડ UK સાથે જ રહ્યો. નોર્ધન આયર્લેન્ડમાં બ્રિટનના સમર્થકોને યુનિયનિસ્ટ કહેવામાં આવે છે. આ ખ્રિસ્તી ધર્મના પ્રોટેસ્ટન્ટ સમુદાયના લોકો હતા. બીજી તરફ આઈરિશ રાષ્ટ્રવાદી અને મોટાભાગે કેથોલિક સમુદાય હતો, જેનો એક મોટો ભાગ આયર્લેન્ડ સાથે જોડાવા માંગતો હતો. આજે પણ નોર્ધન આયર્લેન્ડમાં બે પ્રકારની વિચારસરણી અસ્તિત્વમાં છે. કેટલાક લોકો UK સાથે રહેવા માંગે છે, જ્યારે કેટલાક આયર્લેન્ડ સાથે એકીકરણ ઈચ્છે છે.

ભારતે આતિથ્યના ઉન્માદ વચ્ચે ભૌગોલિક વાસ્તવિકતા સમજવી પડશે

નવી દિલ્હી, તા.13

ભારત વ્યૂહાત્મક રીતે અસમંજસમાં ઘેરાયેલું જણાય છે. તેને માત્ર જયજયકાર કરાવીને વિશ્વગુરુ થવું છે, દેશમાં મોંઘવારી છે, બેકારી છે, વિદેશી રોકાણ ઘટી રહ્યું છે, ગ્લોબલ પોલરાઈઝેશન થઈ રહ્યું છે તેમાં તેને રસ પડતો નથી અથવા તો રસ પડવા દેવાતો નથી. માત્ર ઉજવણીઓ, તાયફા, પોસ્ટરો, દેખાડા અને આત્મશ્લાઘામાં જ સરકાર રાચી રહી છે : બ્રિક્સના મંચ પરથી સતત પશ્ચિમી ઈજારાશાહી, અમેરિકાની જોહુકમી અને ડૉલરના આધિપત્ય સામે આક્રોશ ઠાલવવામાં આવે છે. બીજી તરફ હકીકત એ છે કે આજે દોઢ દાયકા પછી પણ બ્રિક્સ જૂથ પાસે ડૉલરને ટક્કર આપી શકે તેવું કોઈ એક સર્વસામાન્ય ચલણ નથી.

ભારતમાં બ્રિક્સની બેઠકનું આયોજન કરાયું છે. બ્રિક્સ સભ્ય દેશોના વિદેશમંત્રીઓ, અધિકારીઓ અને દેશના વડાઓનો કાફલો ભારતના આંગણે ચર્ચા વિચારણા કરવા આવ્યો છે. ભારત તેમને આવકારવા માટે સજ્જ છે.

ભારતના આંગણે મોટો પ્રસંગ હોય તેવી તૈયારીઓ ચાલી રહી છે અને બધા આયોજનો કરાઈ રહ્યા છે. વાસ્તવિકતા એ છે કે, આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીગીરી ક્યારેય ભાવનાઓ, આતિથ્ય કે સાંસ્કૃતિક ઉન્માદથી ચાલતી નથી; તે માત્ર અને માત્ર રાષ્ટ્રીય હિત, સૈન્ય તાકાત અને આર્થિક ગણતરીઓ પર ટકેલી હોય છે. ભારતમાં બ્રિક્સ જેવી બહુપક્ષીય પરિષદો યોજાય છે, ત્યારે દેશની અંદર 'અતિથિ દેવો ભવ:' અને 'વિશ્વગુરુ'ના નારાઓનો ભારે ઉન્માદ ફેલાય છે. લાલ જાજમો પથરાય છે, પારંપરિક નૃત્યો સાથે નેતાઓનું સ્વાગત થાય છે, પ્રદેશોના વિવિધ ખાનપાન, વસ્તુઓની ભેટસોગાદો અને ટૂરિઝમનો લાભ પણ આપવામાં આવે છે.

બીજી તરફ સંયુક્ત ઘોષણાપત્રોમાં મલ્ટિપોલર વર્લ્ડ તથા ગ્લોબલ સાઉથના કલ્યાણના મોટા દાવાઓ કરવામાં આવે છે.

કરૂણતા એ છે કે, ભારતના ઉત્સવપ્રિય વ્યવહાર અને આતિથ્યની પાછળ બંધ બારણે ચાલતી વાટાઘાટો અને જિયો-પોલિટિક્સના ઠોસ આંકડાઓ એક તદ્દન જુદી તસવીર રજૂ કરે છે. બ્રિક્સના મંચ પરથી સતત પશ્ચિમી ઈજારાશાહી, અમેરિકાની જોહુકમી અને ડૉલરના આધિપત્ય સામે આક્રોશ ઠાલવવામાં આવે છે. બીજી તરફ હકીકત એ છે કે આજે દોઢ દાયકા પછી પણ બ્રિક્સ જૂથ પાસે ડૉલરને ટક્કર આપી શકે તેવું કોઈ એક સર્વસામાન્ય ચલણ નથી. જૂથના આંતરિક વિરોધાભાસો એટલા તીવ્ર છે કે તેઓ એક સર્વસંમત આર્થિક માળખું પણ રચી શક્યા નથી.

આ સમગ્ર વૈશ્વિક પ્લેટફોર્મ પર રશિયા અને ચીન પોતાના સ્વાર્થના ચોકઠાં ગોઠવી રહ્યા છે, જ્યારે ભારત વ્યૂહાત્મક રીતે અસમંજસમાં ઘેરાયેલું જણાય છે. તેને માત્ર જયજયકાર કરાવીને વિશ્વગુરુ થવું છે, દેશમાં મોંઘવારી છે, બેકારી છે,

વિદેશી રોકાણ ઘટી રહ્યું છે, ગ્લોબલ પોલરાઈઝેશન થઈ રહ્યું છે તેમાં તેને રસ પડતો નથી અથવા તો રસ પડવા દેવાતો નથી. માત્ર ઉજવણીઓ, તાયફા, પોસ્ટરો, દેખાડા અને આત્મશ્લાઘામાં જ સરકાર રાચી રહી છે.

ઉલ્લેખનીય છે કે, વૈશ્વિક ધોરણે જે સ્થિતિ સર્જાયેલી છે, પોલરાઈઝેશન ચાલી રહ્યું છે, સત્તાના સમીકરણો, જોડાણો બદલાઈ રહ્યા છે તેની ભારતે તાકીદે સમજવાની અને અમલમાં લાવવાની જરૂરી છે. રશિયાની જ વાત કરીએ તો તે ચોક્કસપણે ભારતનું સૌથી જૂનું મિત્ર અને મજબૂત મિત્ર છે. તે જ્યારે બ્રિક્સમાં આવે છે ત્યારે તેની ભુમિકા બદલાઈ જાય છે. તેમાંય વર્તમાન પરિપ્રેક્ષ્યમાં તો રશિયા માટે બ્રિક્સ ડૂબતા માટે તણખલા સમાન છે. મોસ્કો માટે બ્રિક્સ એ કોઈ વૈશ્વિક કલ્યાણનું સાધન નથી, પરંતુ યુક્રેન યુદ્ધ બાદ પશ્ચિમના દેશોએ લાદેલા આકરા આર્થિક પ્રતિબંધો સામે બચવાનું હથિયાર છે. રશિયાના અર્થતંત્રનું એકમાત્ર લક્ષ્ય હાલમાં પોતાના તેલ, ગેસ અને શસ્ત્રો માટે વૈકલ્પિક બજારો શોધવાનું છે.

ભારતની વાત કરીએ તો ૨૦૨૨ પછી તેણે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની આયાતમાં જંગી વધારો કર્યો. ભારતની કુલ ક્રૂડ આયાતમાં રશિયાનો હિસ્સો ૧% કરતાં ઓછો હતો તે વધીને ૪૦% સુધી પહોંચી ગયો. ભારતે રશિયાને સ્થાનિક ચલણ એટલે કે રૂપિયામાં પેમેન્ટ કર્યું. રશિયા પાસે હાલમાં અંદાજે ૫૦ અબજ રૂપિયાનું બેલેન્સ ભારતીય બેન્કોમાં છે.

થોડા સમય પહેલાં જ રશિયાના વિદેશમંત્રીએ કહ્યું હતું કે, અમારા માટે આ પૈસા કોઈ કામના નથી કારણ કે અમારે ભારત પાસેથી ખાસ કંઈ લેવાનું આવતું જ નથી. જાણકારોના મતે હવે રશિયાએ ભારતીય ક્રૂડ કંપનીઓને દબાણ કર્યું છે કે, પેમેન્ટ દિરહામ અથવા તો યુઆનમાં કરવામાં આવે. અહીંયા જ મિત્રતાની લાચારી છતી થઈ જાય છે. ભારતે મજબૂરીમાં ચીનના ચલણમાં પેમેન્ટ કરવું પડે છે. રશિયાએ પોતાના અસ્તિત્વના સંઘર્ષમાં મિત્રનો વપરાશ કરી લીધો છે પણ અહીંયા તો સરકાર તંગડી ઉંચી જ રાખશે.

બીજી તરફ સૌથી મોટું જોખમ તો ચીનનું છે. ચીનનો છૂપો એજન્ડા એશિયા અને ગ્લોબલ સાઉથ પર પ્રભુત્વ મેળવવાનો છે. ચીન માટે બ્રિક્સ એ અમેરિકા વિરોધી મોરચો બનાવવાનું અને વિકાસશીલ દેશોને પોતાના દેવાની જાળમાં ફસાવવાનું ઉત્તમ મંચ છે.

ચીનનો જીડીપી આશરે ૧૮ ટ્રિલિયન ડોલર છે, જ્યારે બ્રિક્સના બાકીના તમામ દેશોનો સંયુક્ત જીડીપી પણ ચીન કરતાં ઓછો થાય છે. પરિણામે આ સંગઠનમાં જે થાય છે તે બેઈજિંગની મરજી મુજબ થાય છે. બ્રિક્સમાં આર્થિક અસંતુલન પ્રચંડ છે.

ઉલ્લેખનીય છે કે, ચીને પોતાની આ તાકાતનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું છે. ચીને વિસ્તરણની જીદ પકડી છે. ચીને પોતાના સાથી અને ઋણગ્રસ્ત દેશોને બ્રિક્સમાં ઘુસાડવા માટે દબાણ કર્યું ઈરાન, ઈજિપ્ત, ઈથોપિયા અને યુએઈ જેવા દેશોના પ્રવેશ પાછળ ચીનની ગણતરી બ્રિક્સને પશ્ચિમ વિરોધી એક્સિસ બનાવવાની છે.

ચીને પોતાના દેવામાં સપડાયેલા દેશોને બ્રિક્સમાં લાવવા ઉપરાંત તેમની સાથે રોડ અને ઈન્ફ્રાના પ્રોજેક્ટનું જોડાણ કરીને તેમના બજારો પોતાના માટે ખોલી નાખ્યા. આજે ભારત સહિત બ્રિક્સના તમામ સભ્ય દેશોમાં ચીનના સસ્તા માલનું ડમ્પિંગ થઈ રહ્યું છે. ભારત અને ચીન વચ્ચેની વાર્ષિક વેપાર ખાધ ૧૦૦ અબજ ડોલરને પાર થઈ ગઈ છે. બીજી તરફ ચીને પોતાનું ડિજિટલ અને પેમેન્ટ નેટવર્ક વિસ્તારી દીધું છે. ચીન પોતાની 'ભૈંજી' ક્રોસ બોર્ડર ઈન્ટરબેન્ક પેમેન્ટ સિસ્ટમ અને ડિજિટલ યુઆનને બ્રિક્સ પ્લેટફોર્મ પર થોપવા માગે છે, જેથી ભવિષ્યમાં સમગ્ર એશિયા-આફ્રિકાનું નાણાકીય નેટવર્ક બેઈજિંગથી ઓપરેટ થાય. ચીન કોઈપણ ભોગે પોતાના વિસ્તારવાદને પ્રોત્સાહન આપવા માગે છે અને તેમાં બ્રિક્સનો પણ હથિયાર તરીકે જ ઉપયોગ કરી રહ્યું છે.

તંત્રી લેખ

2029ના જંગ માટે ઉદ્ધવ સેનાએ તૈયારી શરૂ કરી

૨૦૨૯ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)એ અત્યારથી જ સંગઠનાત્મક તૈયારીઓ શરૂ કરી દીધી હોવાનું સામે આવ્યું છે. મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા કેટલાક વર્ષોમાં આવેલા મોટા પરિવર્તનો અને પક્ષમાં થયેલા વિભાજન બાદ ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને રાજકીય અને સંગઠનાત્મક રીતે અનેક પડકારોનો સામનો કરવો પડ્યો છે. હવે આગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પક્ષ ફરીથી પોતાની તાકાત વધારવા અને જમીની સ્તરે સંગઠનને મજબૂત બનાવવા માટે સક્રિય બન્યો છે. શિવસેનામાં થયેલા વિભાજન પછી ઉદ્ધવ ઠાકરે જૂથને મહારાષ્ટ્રમાં નોંધપાત્ર રાજકીય પીછેહટનો સામનો કરવો પડ્યો હતો. એક સમય હતો જ્યારે શિવસેનાની મહારાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં મજબૂત પકડ હતી, પરંતુ પક્ષના ભાગલા અને બદલાયેલા રાજકીય સમીકરણોએ ઉદ્ધવ ઠાકરે જૂથ સામે નવી મુશ્કેલીઓ ઊભી કરી હતી. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો સાથે હાથ મિલાવ્યા બાદ પક્ષની રાજકીય દિશામાં આવેલા ફેરફારને લઈને મૂળ શિવસેનાના કેટલાક સમર્થકોમાં પણ નારાજગી જોવા મળી હતી. ઉદ્ધવ ઠાકરે જૂથે અગાઉની તુલનામાં પોતાની રાજકીય નીતિમાં મોટો ફેરફાર કર્યો હતો અને કોંગ્રેસ સાથે ગઠબંધન કર્યા બાદ બિનસાંપ્રદાયિક રાજકારણ પર વધુ ભાર મૂકવાનું શરૂ કર્યું હતું. જોકે, આ બદલાવ શિવસેનાના પરંપરાગત સમર્થકોના એક વર્ગને સંપૂર્ણપણે પસંદ આવ્યો નહોતો. પક્ષના મૂળ વિચારધારા સાથે જોડાયેલા કેટલાક કાર્યકરો અને મતદારોમાં આ નવી રાજકીય રણનીતિ અંગે અસંતોષ જોવા મળ્યો હતો. આવી સ્થિતિમાં હવે પક્ષના નેતૃત્વ સામે એક તરફ નવા મતદારોને જોડવાનો અને બીજી તરફ જૂના સમર્થકોનો વિશ્વાસ જાળવી રાખવાનો મોટો પડકાર છે.

આ પડકારોને ધ્યાનમાં રાખીને ઉદ્ધવ ઠાકરે અને તેમના સલાહકારો સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવવા માટે આયોજન કરી રહ્યા છે. મહારાષ્ટ્રની કુલ ૪૮ લોકસભા બેઠકોમાંથી ૪૦ બેઠકો માટે પક્ષે પ્રભારીઓની નિમણૂક કરી દીધી હોવાનું જણાવવામાં આવ્યું છે. આ પ્રભારીઓને તેમના સંબંધિત લોકસભા વિસ્તારોમાં સંગઠનને મજબૂત કરવાની, સ્થાનિક કાર્યકરો સાથે સતત સંપર્કમાં રહેવાની અને ચૂંટણી માટે જરૂરી માળખું તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

પક્ષ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં મુંબઈના ઘણા યુવાન નેતાઓને પણ મહત્વપૂર્ણ જવાબદારીઓ આપવામાં આવી છે. યુવા ચહેરાઓને આગળ લાવવાની આ રણનીતિને ૨૦૨૯ની ચૂંટણીની લાંબા ગાળાની તૈયારી તરીકે જોવામાં આવી રહી છે. અલગ અલગ લોકસભા વિસ્તારોની જવાબદારી યુવા નેતાઓને સોંપીને પક્ષ નવા નેતૃત્વને તૈયાર કરવા સાથે સંગઠનમાં નવી ઊર્જા લાવવાનો પ્રયાસ કરી રહ્યો છે.

જોકે, પક્ષે હજુ સુધી મહારાષ્ટ્રના કેટલાક મહત્વપૂર્ણ વિસ્તારો માટે પ્રભારીઓની જાહેરાત કરી નથી. ખાસ કરીને મુંબઈની છ લોકસભા બેઠકો ઉપરાંત થાણે અને જલગાંવ જેવા મહત્વપૂર્ણ વિસ્તારો માટે જવાબદારોની સત્તાવાર જાહેરાત બાકી છે. આ વિસ્તારો મહારાષ્ટ્રના રાજકારણમાં વિશેષ મહત્વ ધરાવતા હોવાથી આગામી સમયમાં અહીં કોને જવાબદારી સોંપવામાં આવે છે તેના પર રાજકીય વર્તુળોની નજર રહેશે.

ઉદ્ધવ ઠાકરેની શિવસેના માટે આગામી વર્ષો અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે. પક્ષ સામે માત્ર ચૂંટણી જીતવાનો પડકાર નથી, પરંતુ પોતાના પરંપરાગત સંગઠનને ફરીથી મજબૂત કરવાનો, જૂના કાર્યકરોનો વિશ્વાસ જીતવાનો અને નવા યુવાનોને પક્ષ સાથે જોડવાનો પણ મોટો પડકાર છે. ૨૦૨૯ની લોકસભા ચૂંટણી હજુ સમય દૂર હોવા છતાં અત્યારથી શરૂ કરવામાં આવેલી આ તૈયારીઓથી સ્પષ્ટ થાય છે કે ઉદ્ધવ ઠાકરે જૂથ મહારાષ્ટ્રમાં પોતાની રાજકીય સ્થિતિ ફરીથી મજબૂત બનાવવા માટે લાંબા ગાળાની રણનીતિ પર કામ કરી રહ્યું છે.

વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં જ ભારત અને ચીન વચ્ચેનો વેપાર ૯૧.૭૨ અબજ ડોલર રહ્યો, જેમાં ભારતની વેપાર ખાધ અકલ્પનીય રીતે ૬૭.૧ અબજ ડોલર પર પહોંચી ગઈ છે! ભારતે ચીન પાસેથી ૭૯.૪૧ અબજ ડોલરનો સામાન આયાત કરવો પડયો, જ્યારે આપણી નિકાસ માત્ર ૧૨.૩૧ અબજ ડોલરમાં સમેટાઈ ગઈ : ભારત પોતાના રૂપિયામાં રશિયા સાથે વેપાર કરવાની ગુલબાંગો મારતું હતું, પણ રશિયાએ ભારતીય રૂપિયા સ્વીકારવાનો ઈનકાર કરીને યુઆન અથવા યુએઈ દિરહામમાં પેમેન્ટની માંગણી કરી ત્યારે ભારતની કહેવાતી નાણાકીય સ્વાયત્તતાના ધજાગરા ઊડી ગયા

બ્રિક્સનું યજમાન ભારત ચીન-રશિયા સામે આર્થિક ગુલામીની ગર્તામાં કેમ!

આત્મનિર્ભરતાના પોકળ દાવા અને વાસ્તવિકતા વચ્ચે આભ-જમીનનું અંતર, ભારત કરતા ચીનનું અર્થતંત્ર પાંચ ગણું વિશાળ

વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં જ ભારત અને ચીન વચ્ચેનો વેપાર ૯૧.૭૨ અબજ ડોલર રહ્યો, જેમાં ભારતની વેપાર ખાધ અકલ્પનીય રીતે ૬૭.૧ અબજ ડોલર પર પહોંચી ગઈ છે! ભારતે ચીન પાસેથી ૭૯.૪૧ અબજ ડોલરનો સામાન આયાત કરવો પડયો, જ્યારે આપણી નિકાસ માત્ર ૧૨.૩૧ અબજ ડોલરમાં સમેટાઈ ગઈ : ભારત પોતાના રૂપિયામાં રશિયા સાથે વેપાર કરવાની ગુલબાંગો મારતું હતું, પણ રશિયાએ ભારતીય રૂપિયા સ્વીકારવાનો ઈનકાર કરીને યુઆન અથવા યુએઈ દિરહામમાં પેમેન્ટની માંગણી કરી ત્યારે ભારતની કહેવાતી નાણાકીય સ્વાયત્તતાના ધજાગરા ઊડી ગયા : ભારત જ્યાં સુધી ચીનનું મોટું ગ્રાહક બની રહેશે અને ઊર્જા માટે રશિયાની મહેરબાની પર નિર્ભર રહેશે, ત્યાં સુધી આપણી વૈશ્વિક પહોંચ માત્ર દેખાડો બનીને રહી જશે. આર્થિક સાર્વભૌમત્વ વગરની ભૌગોલિક-રાજકીય તાકાત માત્ર એક ભ્રમ છે. જો હજુ પણ આંખ નહીં ઊઘડે, તો ભારત ઉત્પાદન ક્ષેત્રે ચીનનું કાયમી બજાર અને રશિયાનું લાચાર નાણાકીય સ્રોત બનીને રહી જશે. ભારતમાં હાલમાં બ્રિક્સ બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે. દેશ-વિદેશના નેતાઓ, ડેલિગેશન ભારતમાં આવ્યા છે અને જાતભાતના કરારોની વાતો ચાલી રહી છે. આ બધા વચ્ચે ભારત વિશ્વગુરુ હોવાના અભરખાના સાફા ધારણ કરીને મહાલી રહ્યો છે પણ વાસ્તવિકતા તરફ તેની નજર નથી અને ભારતીયોની નજર જાય તેમ સરકાર ઈચ્છતી પણ નથી. ભારત વૈશ્વિક મંચો પર પોતાની છાતી ફુલાવીને વૈશ્વિક મહાસત્તા બનવાના પોકળ દાવા કરી રહ્યું છે. બ્રિક્સ જેવી બહુપક્ષીય સંસ્થાઓનું નેતૃત્વ કે યજમાની મેળવી લેવાથી કોઈ દેશ આર્થિક મહાસત્તા બની જતો નથી. બંધ બારણે યોજાતી સમિટો, લાલ જાજમ અને મુત્સદ્દીગીરીના ફોટો-ઓપ પાછળ છુપાયેલું વરવું સત્ય એ છે કે વેપાર, ઉદ્યોગ અને વ્યૂહાત્મક સ્વાયત્તતાના મોરચે ભારત પોતાના જ ભાગીદાર દેશો ચીન અને રશિયા સામે ઘૂંટણિયે પડેલું છે. જાણકારોના મતે આરબીઆઈ અને આંતરરાષ્ટ્રીય આર્થિક અહેવાલો દેશના આંકડા રજૂ કરે છે, ત્યારે 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' જેવા સૂત્રો માત્ર કાલ્પનિક સાબિત થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના પહેલા ક્વાર્ટરમાં ભારતની ચાલુ ખાતાની ખાધ વધીને ૪.૨ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે અને મર્ચેન્ડાઈઝ ટ્રેડ ડેફિસિટમાં ૨૫ ટકાનો ભયાનક ઉછાળો આવ્યો છે. આપણે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની ગુલબાંગો પોકારીએ છીએ, પરંતુ વાસ્તવિકતા એ છે કે આપણું આર્થિક એન્જિન ચીનમાંથી આવતી ચીજવસ્તુઓ અને રશિયાના ક્રૂડ ઓઈલ વગર એક ડગલું પણ આગળ ચાલી શકે તેમ નથી. ઉલ્લેખનીય છે કે, ચીન સાથે સરહદ પર તણાવના નામે દેશભક્તિની વાતો કરવી સહેલી છે, પણ આર્થિક વાસ્તવિકતા તદ્દન વિપરીત અને શરમજનક છે. વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં જ ભારત અને ચીન વચ્ચેનો વેપાર ૯૧.૭૨ અબજ ડોલર રહ્યો, જેમાં ભારતની વેપાર ખાધ અકલ્પનીય રીતે ૬૭.૧ અબજ ડોલર પર પહોંચી ગઈ છે!

ભારતે ચીન પાસેથી ૭૯.૪૧ અબજ ડોલરનો સામાન આયાત કરવો પડયો, જ્યારે આપણી નિકાસ માત્ર ૧૨.૩૧ અબજ ડોલરમાં સમેટાઈ ગઈ. આ આંકડા માત્ર તૂલનાત્મક અસંતુલન નથી દર્શાવતા, પણ ભારતીય ઉત્પાદન ક્ષેત્રની પંગુતા અને અસમર્થતા છતી કરે છે. આપણે ચીન પાસેથી શું ખરીદી રહ્યા છીએ? રમકડાં કે સસ્તી ગણેશ પ્રતિમાઓ નહીં, પરંતુ આધુનિક અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતા સેમિકન્ડક્ટર્સ, ઈલેક્ટ્રોનિક પાર્ટ્સ, કમ્પ્યુટર ઉપકરણો, ઈલેક્ટ્રિક વાહનોની બેટરીઓ અને ઔદ્યોગિક મશીનરી. જે દેશ પોતાના મોબાઈલ, લેપટોપ અને દવાઓના મૂળભૂત ઘટકો માટે પણ બેઈજિંગ પર નિર્ભર હોય, તે દેશ સરહદ પર લાલ આંખ કરવાની વાતો કરે તે હાસ્યાસ્પદ છે. ચીને દાયકાઓ પહેલાં ગ્લોબલ સપ્લાય ચેઈન પર એકહથ્થુ શાસન સ્થાપી દીધું, જ્યારે આપણે માત્ર ફીલ-ગુડ ફેક્ટરમાં રચ્યાપચ્યા રહ્યા. ચીનનું હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગ અને રિસર્ચ ઈકોસિસ્ટમ આજે ભારત કરતાં પચાસ વર્ષ આગળ છે. આપણે માત્ર 'એસેમ્બલી યુનિટ' બનીને ખુશ થઈએ છીએ, સાચા ઉત્પાદક બની શક્યા નથી.

બીજી તરફ, ભારત રશિયા સાથેના ઐતિહાસિક સંબંધોના ગુણગાન ગાય છે. પશ્ચિમી પ્રતિબંધો છતાં ભારતે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાની બહાદુરી બતાવી હોવાની વાતો કરી. પરંતુ ખરેખર વ્યાપારિક દ્રષ્ટિએ આ સોદો કોના પક્ષમાં છે તેની વાસ્તવિકતા સામે આવી નથી. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં રશિયાથી ભારતની આયાત ૫૨.૫૯ ટકા વધીને ૨૩.૬૧ અબજ ડોલર થઈ ગઈ છે. ભારત ક્રૂડ ઓઈલ, ખાતર અને રત્નો માટે અબજો રૂપિયા રશિયાને ચૂકવી રહ્યું છે, પરંતુ બદલામાં આપણી નિકાસ ક્યાં છે? વેપાર સંતુલન સંપૂર્ણપણે મોસ્કો તરફ વળેલું છે. ભારત પોતાના રૂપિયામાં રશિયા સાથે વેપાર કરવાની ગુલબાંગો મારતું હતું, પણ રશિયાએ ભારતીય રૂપિયા સ્વીકારવાનો ઈનકાર કરીને યુઆન અથવા યુએઈ દિરહામમાં પેમેન્ટની માંગણી કરી ત્યારે ભારતની કહેવાતી નાણાકીય સ્વાયત્તતાના ધજાગરા ઊડી ગયા. રશિયા સાથેનો વેપાર માત્ર આપણી ઊર્જા ભૂખ સંતોષવા માટેનું મોંઘું સાધન બની રહ્યો છે, જેમાં ભારત કોઈ મોટું નિકાસ બજાર ઊભું કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયું છે. વર્તમાન પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો ભારત બ્રિક્સનું યજમાન બનીને ગ્લોબલ સાઉથનો અવાજ બનવાનો દાવો કરે છે, પરંતુ બ્રિક્સના ટેબલ પર ભારતની ક્ષમતા કેટલી છે તે ખબર નથી. આ બંને દેશો સાથેની સરખામણી કરે છે કે બ્રિક્સની અંદર ચીન આર્થિક અને ઔદ્યોગિક સત્તા છે, રશિયા કાચા માલ અને ઊર્જાનો સર્વોચ્ચ ખેલાડી છે, જ્યારે ભારત માત્ર એક વિશાળ 'ગ્રાહક બજાર' બનીને બેઠું છે. એક વપરાશકર્તા દેશ ક્યારેય નિર્માતા દેશોની સામે પોતાની શરતો લાદી શકતો નથી. યજમાની કરવી સહેલી છે, પણ એ જ મંચ પર આર્થિક સમાનતા સાબિત કરવી લોઢાના ચણા ચાવવા જેવી છે.

ભારતની આ સ્થિતિનું સૌથી મોટું કારણ ઉત્સવનો ઉન્માદ અને પોલિસી પેરાલિસીસ છે. ભારત સરકારે સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ યોજનાઓ પાછળ કરોડો રૂપિયાના કરદાતાઓના નાણાં વહાવી દીધા. પણ તેનું પરિણામ શું આવ્યું તેની લોકોને જાણ જ નથી. ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે આપણે માત્ર સ્ક્રૂ ટાઈટ કરવાનું એટલે કે એસેમ્બલી શીખ્યા છીએ. કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ, ચિપ ડિઝાઈનિંગ અને મધરબોર્ડ ઉત્પાદન આજે પણ ચીન, તાઈવાન અને દક્ષિણ કોરિયાના હાથમાં છે. તેવી જ રીતે આપણી નિકાસ એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન માત્ર ૧૫ ટકા વધી, જ્યારે આયાતમાં ૧૯ ટકાથી વધુનો વિસ્ફોટક વધારો થયો. આ દર્શાવે છે કે આપણે જેટલી નિકાસ વધારવાનો પ્રયાસ કરીએ છીએ, તેનાથી વધુ કાચો માલ આપણે વિદેશથી આયાત કરવો પડે છે. જેને આપણે 'આર્થિક વિકાસ' કહીએ છીએ તે હકિકતે આયાત-આધારિત અલ્પજીવી ચમક છે. હાઈ વેલ્યૂ એડિશન ધરાવતા ઉદ્યોગો સ્થાપવામાં આપણું સરકારી માળખું અને નબળી ઔદ્યોગિક નીતિઓ સંપૂર્ણ નિષ્ફળ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કોઈપણ દેશની ઔદ્યોગિક ક્ષમતા તેની ઊર્જા સુરક્ષા પર નિર્ભર કરે છે. મધ્ય-પૂર્વના તણાવ અને ક્રૂડની વધતી કિંમતો ભારતના અર્થતંત્રને ગમે ત્યારે પાટા પરથી ઉતારી શકે છે. ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણના દાવાઓ સામે વાહનોના એન્જિનની ક્ષમતા અને ખાદ્ય સુરક્ષાના પ્રશ્નો ઊભા થયા છે, જેના કારણે સરકારે હવે હાથ પાછા ખેંચીને ઈ૧૦ પર વિચાર કરવો પડી રહ્યો છે. આ પ્રકારની નીતિગત અનિર્ણાયકતા દેશના ઓટોમોબાઈલ અને ઊર્જા ક્ષેત્રને મોટો ફટકો મારે છે. બીજી તરફ કૃષિ ઉત્પાદન વધે છે અને વેડફાઈ જાય છે પણ લોકોની થાળી સુધી પહોંચતું જ નથી. આ સમસ્યા પણ વિકાસના સોનેરી પડદા પાછળ ઢાંકી દેવાઈ છે જેથી દેશના લોકો અને દુનિયા જોઈ શકે નહીં. વાસ્તવિકતા એ છે કે, ચીને રિન્યુએબલ અનર્જી, ખાસ કરીને સોલર પેનલ્સ અને ઈલેક્ટ્રિક વાહનો પર વિશ્વભરમાં મોનોપોલી સ્થાપી દીધી છે. ભારત આજે પણ સોલર પેનલના સેલ અને મોડયુલ્સ માટે ચીન સામે હાથ લંબાવીને ઊભું છે. આપણે પવન અને સૌર ઊર્જાના લક્ષ્યાંકો માત્ર કાગળ પર સિદ્ધ કરીએ છીએ, પણ તેના માટેના સાધનો તો ચીનથી જ આયાત થાય છે! પરિણામે, 'ગ્રીન એનર્જી'ના નામે પણ આખરે દેશનું વિદેશી હૂંડિયામણ ચીનની તિજોરીમાં જ જઈ રહ્યું છે.

જાણકારોના મતે ભારત ખરેખર ચીન અને રશિયાની સમકક્ષ વૈશ્વિક શક્તિ બનવા માંગતું હોય, તો તેણે આત્મપ્રશંસાના મોહમાંથી બહાર નીકળીને યુદ્ધના ધોરણે કઠોર આર્થિક સુધારા કરવા પડશે. સૌથી પહેલાં તો આયાત વિકલ્પો વિચારવા પડશે. માત્ર સૂત્રોચ્ચાર નહીં, પરંતુ એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ, રેર અર્થ મિનરલ્સ અને સેમિકન્ડક્ટર્સનું ભારતમાં જ મોટા પાયે ઉત્પાદન ફરજિયાત બનાવવું પડશે. જીડીપીના ઓછામાં ઓછા ૩ ટકા ઈ:ધ માં ખર્ચવા માટે ખાનગી અને સરકારી ક્ષેત્રને કાયદાકીય રીતે બાંધવા પડશે. ભારતે ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ અને હાઈ-એન્ડ સર્વિસ એક્સપોર્ટની દિશામાં પણ વિચાર કરવો પડશે. નીચા પગારવાળા કોલ સેન્ટરો કે સામાન્ય આઈટી સર્વિસથી આગળ વધીને ભારતને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને હાઈ-લેવલ કન્સલ્ટિંગનું વૈશ્વિક કેન્દ્ર બનાવવું પડશે, જેથી સેવા ક્ષેત્રની આવક આપણી વેપાર ખાધને સંપૂર્ણપણે સરભર કરી શકે.

માત્ર પશ્ચિમી દેશો કે અમુક પરંપરાગત બજારો પર નિર્ભર રહેવાને બદલે આફ્રિકા, લેટિન અમેરિકા અને આસિયાન જેવા ઉભરતા બજારોમાં ભારતીય ઉત્પાદનોને આક્રમક રીતે પહોંચાડવા પડશે. બીજી મહત્ત્વની વાત એ છે કે, ભારતમાં લોજિસ્ટિક્સ ખર્ચ જીડીપીના ૧૩-૧૪ ટકા જેટલો ઊંચો છે, જે ચીનમાં ૮ ટકાની આસપાસ છે. જ્યાં સુધી ભારતીય માલસામાનનું પરિવહન સસ્તું અને ઝડપી નહીં બને, ત્યાં સુધી વૈશ્વિક બજારમાં આપણી સ્પર્ધાત્મકતા શૂન્ય રહેશે. બ્રિક્સ સંમેલનોનું આયોજન કરવું, વૈશ્વિક નેતાઓ સાથે હાથ મિલાવવા અને વિશ્વગુરુ હોવાનો પ્રચાર કરવો એક વાત છે, પરંતુ અર્થતંત્રના જમીની મોરચે ચીન અને રશિયા જેવા દેશો સામે લાચાર ન રહેવું એ તદ્દન બીજી વાત છે. ભારતમાં મેન્યુફેક્ચરિંગ, એગ્રીકલ્ચર, એગ્રોપ્રોડક્ટ, સર્વિસ સેક્ટર અને અન્ય સેક્ટરમાં કહેવાતું કામ છે પણ આ ઉદ્યોગો વૈશ્વિક પડકારોનો સામનો કરવા કે સ્પર્ધા પૂરી પાડવા જેટલા મજબૂત નથી.

અપૂર્ણ નરમાંથી પરિપૂર્ણ નારાયણ સુધી ભાગવત એ આનંદ પ્રગટ કરવાનું મંથન શાસ્ત્ર છે

વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આનંદની શોધ ક્યાં કરવી?મનુષ્ય જન્મથી લઈને મૃત્યુ સુધી એક જ વસ્તુની સતત શોધમાં ભટકે છે - આનંદ. કોઈ ધનમાં આનંદ શોધે છે, કોઈ સત્તામાં, કોઈ સ્ત્રી-પુરુષના સંબંધમાં, કોઈ સંતાનમાં તો કોઈ કીર્તિમાં. પણ આશ્ચર્યની વાત એ છે કે આ બધું મળ્યા પછી પણ મનુષ્ય અતૃપ્ત જ રહે છે. એક તૃષ્ણા પૂરી થાય ત્યાં બીજી ઊભી થાય છે. શા માટે? કારણ કે આપણે આનંદને ખોટી જગ્યાએ શોધી રહ્યા છીએ.

આપણી દશા એવી છે કે જેમ હરણના નાભિમાં કસ્તુરી હોવા છતાં તે તેની સુગંધને શોધવા આખા વનમાં દોડે છે, તેમ જ આપણી અંદર જ આનંદનો અખૂટ ભંડાર હોવા છતાં આપણે તેને બહારની દુનિયામાં શોધીએ છીએ. આ જ ગૂઢ રહસ્યને સમજાવવા માટે, આ જ ભટકતા જીવને તેના મૂળ સ્વરૂપ સુધી પહોંચાડવા માટે મહર્ષિ વેદવ્યાસે ભાગવત મહાપુરાણનું નિર્માણ કર્યું છે. ભાગવત એ માત્ર એક ગ્રંથ નથી,એ તો દૂધમાં છુપાયેલા માખણને પ્રગટ કરવાની એક દિવ્ય મંથન પ્રક્રિયા છે. સર્વવ્યાપી કૃષ્ણને એક દેશમાં કેમ બાંધવો?કથા આવે છે કે જ્યારે ઉદ્ધવજી વ્રજમાં ગોપીઓને સમજાવવા ગયા કે 'શ્રીકૃષ્ણ મથુરામાં આનંદથી બિરાજે છે, તમે ચિંતા ન કરો,'ત્યારે પ્રેમની પરાકાષ્ઠા એ પહોંચેલી ગોપીઓએ ઉદ્ધવજી ને ખખડાવી નાખ્યા. ગોપીઓએ કહ્યું, 'અરે ઉદ્ધવ! તમે કેવી વાત કરો છો?અમારો કૃષ્ણ તો સર્વ વ્યાપી છે. તે માત્ર મથુરામાં જ કેમ હોય? તે કણ-કણમાં છે, અમારા શ્વાસમાં છે અમારી આંખના પ્રત્યેક અશ્રુમાં છે.

આ ગોપીઓનું જ્ઞાન શાસ્ત્રોના પંડિતો કરતા પણ ઊંચું છે. જેને પોતાની અંદર પરમાત્મા દેખાય છે, તે એક ક્ષણ પણ ઈશ્વરથી વિખૂટો રહી શકતો નથી. શાસ્ત્રમાં સુંદર દ્દષ્ટાંત આપ્યું છે - જેમ ઘડાની અંદર રહેલું આકાશ એ ઘટાકાશ કહેવાય છે. ઘડો ફૂટે તો પણ આકાશ ક્યાંય જતું નથી, કારણ કે આકાશ તો મહાકાશ સાથે એકરૂપ જ છે. ઘડો આકાશને બાંધી શકતો નથી. તેમ જ જ્ઞાની પુરુષના હૃદયમાં રહેલો પરમાત્મા ક્યારેય તેને છોડીને જઈ શકતો નથી. અજ્ઞાની માને છે કે ભગવાન મંદિરમાં છે, તીર્થમાં છે, પણ જ્ઞાની જાણે છે કે હું જ મંદિર છું અને મારામાં જ તે બિરાજે છે. સૂરદાસજી આ જ સ્થિતિને પામ્યા હતા, તેથી તેમને બહાર પણ કૃષ્ણ દેખાતા અને અંદર પણ કૃષ્ણ જ દેખાતા.પરમાત્માનું સ્વરૂપ: સત્, ચિત્ અને આનંદ આપણા શાસ્ત્રો એ પરમાત્માના ત્રણ સ્વરૂપો બતાવ્યા છે સત્,ચિત્ અને આનંદ. આ ત્રણને સમજીએ તો જીવનનું રહસ્ય સમજાય.*સત્ એટલે અસ્તિત્વ, જે નિત્ય છે. તે પ્રગટ રૂપે સર્વત્ર છે.એક પથ્થરમાં પણ સત્ છે, કારણ કે તેનું અસ્તિત્વ છે.

*ચિત્ એટલે જ્ઞાન, ચેતના. અને *આનંદ એટલે સુખ.હવે જડ વસ્તુ ઓમાં જેમ કે પથ્થર, માટી,ટેબલ માં માત્ર સત્ છે, પણ ચિત્ અને આનંદ નથી.એટલે તેને સુખ-દુઃખનો અનુભવ નથી.

જીવમાં, એટલે કે મનુષ્યમાં, સત્ અને ચિત્ બંને પ્રગટ છે. આપણે છીએ અને આપણને જ્ઞાન પણ છે કે 'હું છું'. પણ આપણામાં આનંદ અપ્રગટ છે, ઢંકાયેલો છે, અવ્યક્ત રૂપે છે.તેથી જ આપણે દુ:ખી છીએ જ્યારે ઈશ્વરમાં, શ્રીકૃષ્ણમાં,આ ત્રણેય સત્,ચિત્ અને આનંદ પરિ પૂર્ણ રૂપે પ્રગટ છે.શ્રીકૃષ્ણ એટલે જ પરિપૂર્ણ આનંદ. તેમનો આનંદ કોઈ સાધન પર આધારિત નથી.

આનંદ બે પ્રકારનો છે. એક *સાધન જન્ય આનંદ અને બીજો *સ્વયં સિદ્ધ આનંદ.સાધનજન્ય આનંદ એટલે કોઈ સાધન, કોઈ વિષયથી મળતો આનંદ. નવી ગાડી આવી તો આનંદ આવ્યો, સારું ભોજન મળ્યું તો આનંદ આવ્યો. પણ જેવું સાધન નાશ પામે કે વિષય છૂટે કે તરત જ આ આનંદ પણ નાશ પામે છે. તે ક્ષણિક છે, ટકાઉ નથી. જ્યારે સ્વયંસિદ્ધ આનંદએ અંદરનો આનંદ છે.જુઓ,હિમાલયના યોગી ઓ પાસે કશું જ હોતું નથી, નથી મહેલ, નથી ધન, નથી પરિવાર. છતાં તેમના મુખ પર અદભુત તેજ અને આનંદ હોય છે. આનાથી સિદ્ધ થાય છે કે આનંદ બહારની વસ્તુમાં નથી, આનંદ તો અંદર જ છે અને તે સ્વયંસિદ્ધ છે. ભાગવત શાસ્ત્ર આ જ અંદરના આનંદને પ્રગટ કરવાની કળા શીખવે છે.

દૂધમાં માખણ અને જીવમાં ઈશ્વર - મંથન અનિવાર્ય છે.શાસ્ત્ર કહે છે કે દૂધમાં માખણ રહેલું જ છે, પણ તે દેખાતું નથી.દૂધને સીધું ગરમ કરવાથી માખણ ન મળે. તેને પહેલા દહીં બનાવવું પડે, પછી તેમાં પાણી નાખીને છાશ બનાવવી પડે અને પછી સતત મંથન કરવું પડે, ત્યારે જ માખણ પ્રગટ થાય છે. એમ જ ઈશ્વર સર્વત્ર છે, આપણી અંદર જ છે, પણ તેનો અનુભવ થતો નથી.કારણ કે આપણે મનો મંથન કર્યું નથી. આપણા મનની છાશને વૈરાગ્યની રવાઈથી,ભક્તિની દોરીથી સતત મંથન કરવું પડશે, ત્યારે જ અંદર રહેલો આનંદરૂપી માખણ, શ્રીકૃષ્ણ પ્રગટ થશે. જીવ ઈશ્વરને ઓળખવાનો પ્રયત્ન જ કરતો નથી, તેથી દુ:ખી થાય છે.

આપણે અપૂર્ણ છીએ અનેનારાયણ પરિપૂર્ણ છે. જીવ અપૂર્ણ હોવાથી તેને ક્યારેય શાંતિ મળતી નથી. સંસારનો પ્રત્યેક પદાર્થ પરિણામે વિનાશી છે, તેથી તે કોઈને પરિપૂર્ણ કરી શકતો નથી. પરિપૂર્ણ તો એક માત્ર ભગવાન નારાયણ જ છે. જ્યારે નર, જે નારાયણનો જ અંશ છે, તે નારાયણને ઓળખે છે અને તેની સાથે પોતાના મનને તદા કાર બનાવે છે,ત્યારે તે પોતે પણ નારાયણ બનીને પરિપૂર્ણ થાય છે. ઈશ્વર જ્યારે જીવને અપનાવીને પોતાના સ્વરૂપનું દાન કરે છે, ત્યારે જ જીવનું જીવન સફળ થાય છે. જ્યાં સુધી અપરોક્ષ સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી શાંતિ મળતી નથી.

શ્રીકૃષ્ણનું જ્ઞાન કેવું પરિપૂર્ણ છે? તેઓ સોળ હજાર એકસો આઠ રાણીઓ સાથે એક જ સમયે અલગ અલગ વાત કરતા હતા, ત્યારે પણ તેમનું જ્ઞાન અખંડ હતું. અને જ્યારે દ્વારિકાનો વિનાશ થયો, યદુવંશનો સંહાર થયો, ત્યારે પણ તેમનું જ્ઞાન એવું ને એવું જ અખંડ રહ્યું. કારણ કે તેમણે સંહારને પણ પોતાની લીલા જ માની છે. ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર એ તેમની લીલા છે. જેનું જ્ઞાન નિત્ય ટકે છે, તે જ આનંદરૂપ થઈ શકે છે. ત્રણ માર્ગ અને કળિયુગ માટે ભાગવત શા માટે શ્રેષ્ઠ?ઈશ્વર સાક્ષાત્કાર માટે શાસ્ત્રમાં ત્રણ માર્ગો બતાવ્યા છે- કર્મમાર્ગ, જ્ઞાન માર્ગ અને ભક્તિમાર્ગ. ઉપનિષદો એ જ્ઞાનમાર્ગનું શિખર છે, પણ તેની ભાષા અત્યંત ગૂઢ છે. તે અરણ્યમાં રહી સાદું અને સાત્ત્વિક જીવન ગાળનાર ઋષિઓ માટે છે. તેનો અધિકાર બધાને નથી. જ્ઞાનમાર્ગનો પાયો છે અતિ તીવ્ર વૈરાગ્ય. શુકદેવજી મહારાજને એવો વૈરાગ્ય જન્મથી જ હતો.

નરેન્દ્ર મોદીની 'કાર ડિપ્લોમસી': વિશ્વના નેતાઓ સાથે અનોખી કૂટનીતિક સફર

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતીન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની રાજકીય મિત્રતા અને કેમેસ્ટ્રી વિશ્વભરમાં ચર્ચાનો વિષય બની રહે છે. બંને નેતાઓ અનેક વખત આંતરરાષ્ટ્રીય મંચો પર સાથે જોવા મળ્યા છે અને રશિયા તથા ચીન વચ્ચેના સંબંધો પણ છેલ્લા કેટલાક વર્ષોમાં વધુ મજબૂત બન્યા છે. તેમ છતાં એક રસપ્રદ બાબત એ છે કે આ બંને શક્તિશાળી નેતાઓએ જાહેરમાં ક્યારેય એક જ કારમાં સાથે મુસાફરી કરી હોવાના પ્રસંગો ખૂબ ચર્ચામાં આવ્યા નથી. તેની સામે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ પુતીન વચ્ચેની વ્યક્તિગત અને રાજકીય મિત્રતાનું એક અલગ જ ચિત્ર અનેક પ્રસંગોએ જોવા મળ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતીન અત્યાર સુધી ચાર વખત એક જ કારમાં સાથે મુસાફરી કરી ચૂક્યા હોવાનું જણાવવામાં આવે છે. આ પ્રસંગો માત્ર પ્રોટોકોલ પૂરતા સીમિત નથી રહ્યા, પરંતુ બંને નેતાઓ વચ્ચેની વ્યક્તિગત આત્મીયતા અને વિશ્વાસપૂર્ણ સંબંધોના પ્રતીક તરીકે પણ જોવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં નેતાઓની મુલાકાતો સામાન્ય રીતે નક્કી કરાયેલા કાર્યક્રમો, સુરક્ષા વ્યવસ્થા અને કડક પ્રોટોકોલ હેઠળ યોજાતી હોય છે. આવા સમયમાં કોઈ દેશના બે ટોચના નેતાઓ એકસાથે કારમાં મુસાફરી કરે તે ઘટના ક્યારેક તેમની વચ્ચેના વિશ્વાસ અને અનૌપચારિક સંવાદની તક તરીકે પણ જોવામાં આવે છે.

નરેન્દ્ર મોદીના લગભગ ૧૨ વર્ષના શાસનકાળ દરમિયાન વિશ્વના અનેક મહત્વપૂર્ણ નેતાઓ સાથે તેમની કાર મુસાફરીના પ્રસંગો સામે આવ્યા છે. વડાપ્રધાન મોદીએ એક ડઝનથી વધુ વખત વિવિધ દેશોના ટોચના નેતાઓ સાથે કારમાં બેસીને મુસાફરી કરી હોવાનું ચર્ચાય છે. આ મુલાકાતો દરમિયાન સત્તાવાર બેઠકખંડની બહાર વધુ અનૌપચારિક વાતચીત કરવાની તક મળતી હોય છે અને ઘણી વખત આવા ક્ષણો કૂટનીતિના માનવીય અને વ્યક્તિગત પાસાને પણ ઉજાગર કરે છે. રાષ્ટ્રપતિ પુતીન ઉપરાંત વડાપ્રધાન મોદી ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સાથે પણ કારમાં મુસાફરી કરી ચૂક્યા છે. બંને નેતાઓ વચ્ચેના સંબંધો છેલ્લા કેટલાક સમયથી આંતરરાષ્ટ્રીય મંચો પર પણ ચર્ચામાં રહ્યા છે. ભારત અને ઈટાલી વચ્ચે વેપાર, રોકાણ, ટેક્નોલોજી અને વ્યૂહાત્મક સહયોગ જેવા મુદ્દાઓ પર સંબંધો મજબૂત કરવાની દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે અને બંને નેતાઓ વચ્ચેની મુલાકાતોએ આ સંબંધોને નવી દિશા આપવાનો પ્રયાસ કર્યો છે.

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુ સાથે પણ વડાપ્રધાન મોદીની કાર મુસાફરીનો પ્રસંગ નોંધપાત્ર રહ્યો છે. ભારત અને ઈઝરાયલ વચ્ચે સંરક્ષણ, કૃષિ, ટેક્નોલોજી અને સુરક્ષા ક્ષેત્રે મજબૂત ભાગીદારી છે. બંને દેશોના નેતાઓ વચ્ચેની વ્યક્તિગત મિત્રતા પણ દ્વિપક્ષીય સંબંધોમાં એક મહત્વપૂર્ણ પરિબળ તરીકે જોવામાં આવે છે. વડાપ્રધાન મોદીએ અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા સાથે પણ એક વખત કારમાં મુસાફરી કરી હતી. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં આવેલા નવા ફેરફારોના સમયગાળામાં બંને નેતાઓની મુલાકાતોએ વિશેષ ધ્યાન ખેંચ્યું હતું. વિશ્વની બે મોટી લોકશાહીઓ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાના પ્રયાસોમાં નેતાઓ વચ્ચેનો વ્યક્તિગત સંવાદ પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મૈક્રો સાથેની કાર મુસાફરી પણ ભારત-ફ્રાન્સ સંબંધોની આત્મીયતાનું પ્રતીક બની હતી. સંરક્ષણ, પરમાણુ ઊર્જા, અવકાશ, ટેક્નોલોજી અને વેપાર સહિત અનેક ક્ષેત્રોમાં ભારત અને ફ્રાન્સ વચ્ચે નજીકનો સહયોગ છે. બંને નેતાઓ અનેક વખત એકબીજાના દેશોની મુલાકાત લઈ ચૂક્યા છે અને તેમના વ્યક્તિગત સંબંધો પણ આંતરરાષ્ટ્રીય રાજકીય ચર્ચાઓમાં નોંધપાત્ર રહ્યા છે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટારમર સાથે પણ વડાપ્રધાન મોદીની કારમાં થયેલી મુલાકાત ચર્ચાનો વિષય બની હતી. તે ઉપરાંત સંયુક્ત આરબ અમીરાતના શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન, જોર્ડનના ક્રાઉન પ્રિન્સ અલ હુસૈન બિન અબ્દુલ્લા દ્વિતીય, ઈથોપિયાના વડાપ્રધાન અબી અહમદ અને જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ જેવા વિશ્વ નેતાઓ સાથે પણ મોદીની કાર મુસાફરીના પ્રસંગો રાજકીય અને કૂટનીતિક વર્તુળોમાં ધ્યાન ખેંચતા રહ્યા છે. આવી કાર મુસાફરીને લઈને એક રસપ્રદ સવાલ હંમેશાં ઊભો થાય છે કે આખરે બંધ કારના દરવાજા પાછળ વિશ્વના ટોચના નેતાઓ વચ્ચે શું વાતચીત થતી હશે? શું તેઓ માત્ર સામાન્ય અને અનૌપચારિક વાતો કરતા હશે કે પછી વિશ્વ રાજકારણ, યુદ્ધ, વેપાર, સુરક્ષા અને દ્વિપક્ષીય સંબંધો જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પણ ચર્ચા થતી હશે? તેનો ચોક્કસ જવાબ સામાન્ય જનતાને મળવો મુશ્કેલ છે, કારણ કે આવા અનૌપચારિક સંવાદની સંપૂર્ણ વિગતો જાહેર કરવામાં આવતી નથી.

રાજકીય નિષ્ણાતો માટે પણ આવા પ્રસંગો કૂટનીતિના એક અલગ પાસાને સમજવાની તક આપે છે. સત્તાવાર બેઠકમાં અનેક અધિકારીઓ, સલાહકારો અને પ્રતિનિધિઓ હાજર હોય છે, જ્યારે કારમાં થતી ટૂંકી મુસાફરી દરમિયાન બે નેતાઓને વધુ સીધી અને વ્યક્તિગત વાતચીત કરવાની તક મળી શકે છે. ઘણી વખત રાજકીય સંબંધોમાં વિશ્વાસ અને વ્યક્તિગત સમજણ પણ સત્તાવાર કરારો જેટલી જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી હોય છે. નરેન્દ્ર મોદીએ વિશ્વના વિવિધ નેતાઓ સાથે કારમાં મુસાફરી દરમિયાન ખરેખર શું વાતો કરી હતી, તેની સંપૂર્ણ માહિતી કદાચ હાલમાં જાહેરમાં ઉપલબ્ધ નથી. ભવિષ્યમાં જ્યારે આ નેતાઓ પોતાના રાજકીય અનુભવો અથવા આત્મકથાઓ લખશે, ત્યારે કદાચ આવા અનેક રસપ્રદ પ્રસંગો અને બંધ દરવાજા પાછળ થયેલી વાતચીતના કેટલાક રહસ્યો સામે આવી શકે. ત્યાં સુધી વિશ્વ રાજકારણના રસિકો માટે આ કાર મુસાફરીઓ માત્ર તસવીરો અને રાજકીય પ્રોટોકોલનો ભાગ નહીં, પરંતુ નેતાઓ વચ્ચેના સંબંધો, વિશ્વાસ અને કૂટનીતિની અનોખી ભાષા તરીકે ચર્ચાનો વિષય બની રહેશે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઊગે છે આશાનો સૂરજ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સિવિલ હોસ્પિટલને 'મેડી સિટી' બનાવવાના સંકલ્પની દિશામાં વધુ એક માઈલસ્ટોન સર્જાયો

શરીરની બહાર રહેલા મૂત્રાશયની અત્યંત દુર્લભ જન્મજાત ખામીની જટિલ સર્જરી કરીને છેલ્લા 100 દિવસમાં 8 માસૂમોને અપાયું નવજીવન

અમદાવાદ, તા.13

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અમદાવાદની સિવિલ હોસ્પિટલને મેડી સિટી બનાવવાનો સેવાકીય સંકલ્પ લીધો હતો. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના માર્ગદર્શનમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલ આરોગ્ય ક્ષેત્રે નિરંતર આગળ વધી રહી છે અને તાજેતરમાં તેણે એક નોંધપાત્ર માઈલસ્ટોન પાર કર્યો છે.

છેલ્લા 100 દિવસના ટૂંકા ગાળામાં સિવિલ હોસ્પિટલે શરીરની બહાર રહેલા મૂત્રાશયની અત્યંત દુર્લભ જન્મજાત ખામીથી પીડાતા આઠ માસૂમોને જટિલ સર્જરી સફળતાપૂર્વક કરીને માત્ર નવજીવન જ નહિ ગૌરવપૂર્ણ જીવનની ભેટ આપી છે. વર્ષ 2009થી સિવિલ હોસ્પિટલમાં આવી 300થી વધારે જટિલ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી છે. આને લીધે બ્લેડર એક્ષ્ટ્રોફીની સારવાર માટે આજે સિવિલ મેડી સિટી આશાનું વૈશ્વિક કેન્દ્ર બનીને ઊભર્યું છે.

આ જટિલ સર્જરી અંગે વાત કરતા સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું છે કે જન્મજાત ખામીને કારણે શરીરની બહાર રહેલું મૂત્રાશય– જેને તબીબી ભાષામાં Bladder Exstrophy-Epispadias Complex કહેવાય છે. આવી જન્મજાત ખામી 40-50

હજારમાંથી કોઈ એકાદ બાળકમાં જોવા મળે છે. કન્યા કરતાં દીકરામાં આવી ખામી વધારે નોંધાઈ છે. બે-ત્રણ બાળકની સામે એકાદ બાળકીમાં જ આ ખામી જોવા મળે છે. આ જન્મજાત ખામી ધરાવતા બાળકો માટે સામાન્ય જીવન જીવવું અશક્ય માનવામાં આવતું હતું, પરંતુ અમદાવાદની સિવિલ હોસ્પિટલના બાળ સર્જનોએ આ અશક્યને શક્ય કરી બતાવ્યું છે.

છેલ્લા સો જેટલા દિવસોમાં દેશભરમાંથી આવેલા 8 જેટલા આવા બ્લેડર એક્ષ્ટ્રોફીના ગંભીર કેસોમાં અત્યંત જટિલ રી-કન્સ્ટ્રક્શન સર્જરી કરી બાળકોને સામાન્ય અને સુખમય જીવનની અમૂલ્ય ભેટ આપવામાં આવી છે.

સિવિલ મેડી સિટીની સેવા અને સજ્જતાની સુવાસ દેશભરમાં પ્રસરી છે. આ અંગે ડૉ. જોષીએ જણાવ્યું હતું કે છેલ્લા 100 દિવસોમાં થયેલી આઠ સર્જરીઓની વાત કરીએ તો દિલ્હીનો એક દોઢ વર્ષનો માસૂમ બાળક, મુંબઈ-મહારાષ્ટ્રનો 1 વર્ષનો બાળક, ઉત્તર પ્રદેશની એક 4 વર્ષની દીકરી તેમજ ગુજરાતમાંથી દોઢથી ત્રણ વર્ષની ઉંમરનાં 4 બાળકો તથા કચ્છના એક આઠ વર્ષના બાળકની આ દુર્લભ ખામીની સફળતાપૂર્વક જટિલ પુન:નિર્માણ સર્જરી કરવામાં આવી છે. આ આઠ બાળકોમાંથી પાંચ બાળકો સફળ ઓપરેશન બાદ હસતા-રમતા ઘરે પરત ફર્યાં છે અને બાકીનાં ત્રણ બાળકોને ટૂંક સમયમાં રજા અપાશે.

ખાનગી હોસ્પિટલમાં બ્લેડર એક્ષ્ટ્રોફી સર્જરી અને આશરે એક મહિનો લાંબી સારવારનો ખર્ચ રૂ. 10 લાખ કરતાં વધારે આવી શકે છે, ત્યારે રાજ્યના આરોગ્ય વિભાગના સહયોગથી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં તેની સંપૂર્ણ નિ:શુલ્ક સારવાર કરવામાં આવે છે, એવું ડૉ. રાકેશ જોષીએ ઉમેર્યું હતું.

માત્ર સર્જરી જ નહીં, સંપૂર્ણ સારવાર અને સંભાળ

બ્લેડર એક્ષ્ટ્રોફી સર્જરીની વાત કરતાં ડૉ. જોષીએ જણાવ્યું હતું કે આ પ્રકારની સર્જરી સામાન્ય ઓપરેશન કરતાં ઘણી અલગ અને પડકારજનક હોય છે. બાળકનું મૂત્ર યોગ્ય રીતે બહાર નીકળે, કિડની સુરક્ષિત રહે અને બાળકના વિકાસ સાથે તે સામાન્ય જીવન તરફ આગળ વધી શકે તે સારવારનો મુખ્ય હેતુ છે.

આ પ્રકારની સર્જરીમાં ઓપરેશન જેટલું જ મહત્ત્વ ઓપરેશન બાદની કાળજીનું હોય છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બાળકોને સર્જરી પહેલાંથી લઈને ડિસ્ચાર્જ સુધી નિષ્ણાત ટીમ દ્વારા સતત દેખરેખ આપવામાં આવે છે.

પેલ્વિક ઓસ્ટિઓટોમી એટલે કે મૂત્રાશયને શરીરની અંદર સ્થાપિત કરવા માટે બાળકના પેલ્વિક વિસ્તારના હાડકાંને યોગ્ય સ્થિતિમાં લાવવા જરૂરી સર્જરી કરવામાં આવે છે. ત્યારબાદ હાડકાં યોગ્ય રીતે જોડાઈ જાય તે માટે દર્દીઓને 28થી 30 દિવસ સુધી એક્સટર્નલ ફિક્સેટર પર રાખી ખાસ કાળજી લઈ દેખરેખ હેઠળ રાખી તેમના હલનચલન ઉપર નિયંત્રણ રાખવામાં આવે છે.

સર્જરીના 15મા દિવસે યુરીન પાઈપ હટાવી લેવાય છે. 28મા દિવસે બહારથી આપેલ સપોર્ટ દૂર કરી બાળકોને ધીમેધીમે હલનચલન માટે તૈયાર કરવામાં આવે છે. મહત્તમ 40 દિવસની સઘન સારવાર અને સંભાળ બાદ તમામ આઠેય બાળકોને રજા આપવામાં આવી હતી. આજે તમામ બાળકો સામાન્ય જીવન જીવે છે અને હસી-રમી રહ્યાં છે.

2009થી 300+ સર્જરી: સિવિલ મેડી સિટી બની આશાનું વૈશ્વિક કેન્દ્ર

સિવિલ મેડી સિટીએ વર્ષ 2009થી આ જન્મજાત ખામીની સારવારમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત કરી છે. અત્યાર સુધીમાં અહીં વિદેશી ફેકલ્ટી અને આંતરરાષ્ટ્રીય સર્જનોના સહયોગ સાથે 300થી વધુ સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂકી છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે ખાનગી હોસ્પિટલમાં અંદાજે 10 લાખ રૂપિયાનો ખર્ચ ધરાવતી આ સારવાર રાજ્ય સરકારના સહયોગથી જરૂરિયાતમંદ પરિવારોને વિનામૂલ્યે અને આર્થિક બોજ વગર ઉપલબ્ધ બની છે.

સુપર-સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર્સનું અદભુત ટીમ-વર્ક

આ જટિલ સર્જરી સુપર-સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર્સ વચ્ચેના સંકલન થકી જ સફળ થઈ શકે. આ અતિ-જટિલ મિશનને સફળ બનાવવામાં હોસ્પિટલના વિવિધ વિભાગોની ટીમે એક થઈને કામ કર્યું:

પીડિયાટ્રિક સર્જરી ટીમ: ડૉ. રાકેશ જોષી અને ડૉ. જયરામજીની આગેવાનીમાં જટિલ રી-કન્સ્ટ્રક્શન પાર પડ્યું.

ઓર્થોપેડિક્સ ટીમ: પ્રોફેસર ડૉ. પિયુષ મિત્તલ અને ટીમે નાજુક ઓસ્ટિઓટોમી હાડકાંની સર્જરી સંભાળી.

એનેસ્થેસિયા અને નર્સિંગ ટીમ: નાનાં બાળકોને કલાકો સુધી સુરક્ષિત બેહોશ રાખવા એનેસ્થેસિયા વિભાગના ડૉક્ટરોની ટીમ અને સર્જરી બાદના 24 કલાક સતત દેખરેખ, પીડાનિયંત્રણ અને દૈનિક સંભાળ લેવામાં નર્સિંગ સ્ટાફે પણ માતૃત્વ જેવો સ્નેહ દર્શાવી સમગ્ર ટીમે સંકલિત કામગીરી કરીને અદ્ભુત ટીમ વર્કનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે.

લીમપુર ગામે કેવડા ત્રીજ વ્રતની ઉજવણી......... મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના લીમપુર ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવા સુદ ત્રીજને રવિવાર તારીખ:-13/9/2026 ના રોજ કેવડાત્રીજ નિમિત્તે પૂજન અર્ચનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. શ્રી ગણેશજી રિદ્ધિ સિદ્ધિ સહિત, મહાદેવજી તેમજ પાર્વતીજી બહેનપણીઓ જયા વિજયા તેમજ દૂધની કટોરી આમ ત્રીદેવની પાર્થિવ મૂર્તિઓ બનાવી પૂજન અર્ચનનો કાર્યક્રમ શ્રી હસુબેન હરીશભાઈ પટેલ ના ઘેર રાખવામાં આવેલ હતો. શ્રી ભરતભાઈ એ. પંડ્યા દ્વારા પૂજન અર્ચન કરાવવામાં આવેલ હતું. ગામમાંથી 18 બહેનો દ્વારા વ્રત નિમિત્તે 1008 પર્ણ ચઢાવી તેમજ કેવડો સુંગી આખો દિવસ ઉપવાસી રહી પોતાના પતિના લાંબા આયુષ્ય માટે તેમજ સ્વાસ્થ્ય સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવેલ હતી. પૂજનના અંતે થાળ આરતી કરી ભૂદેવ શ્રી ના આશીર્વાદ લઈ બહેનો દ્વારા વ્રત સમાપ્ત કરવામાં આવે છે. રાત્રિ દરમિયાન ભજન કીર્તન કરી જાગરણ કરવામાં આવે છે...........(ભરતભાઈ એ. પંડ્યા. દીવડા કોલોની.)

કપુરાઈથી 17 લાખથી વધુના દારૂ-મુદ્દામાલ સાથે એક પકડાયો: SMCના દરોડામાં 66 પેટી વિદેશી દારૂ મળ્યો

વડોદરા, તા.13

ભાવનગર લઠ્ઠાકાંડ બાદ રાજ્યની સક્રિય એજન્સી સ્ટેટ મોનિટરિંગ સેલે દ્વારા ઠેર-ઠેર કાર્યવાહી કરી વિદેશી દારૂના વેપલા અને ઘૂસણખોરી સામે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે વડોદરાના કપુરાઈ પોલીસ સ્ટેશનની હદમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડીને રૂ. 8,47,620ની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો જપ્ત કર્યો છે. દરોડા દરમિયાન કુલ રૂ. 17,07,620નો મુદ્દામાલ કબજે કરી એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે 8 આરોપીને વોન્ટેડ જાહેર કરાયા છે.

SMCની ટીમે કપુરાઈ વિસ્તારમાં આવેલા રિદ્ધી સિદ્ધી

સોસાયટીના કોમન પ્લોટ પાસે ગુપ્ત બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. જ્યાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની 66 પેટીઓ (કુલ 2208 બોટલ) મળી આવી હતી. સ્થળ પરથી 2 વાહનો અને 1 મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 17 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરાયો છે.

કાર્યવાહી દરમિયાન નર્મદા જિલ્લાના તિલકવાડાના વઘેલી ગામના રહીશ નિખીલ ભરતભાઈ તડવીની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં દારૂ સપ્લાય કરનાર અને વાહન માલિકો સહિત વિપુલ પંચાલ, સંદિપ રાજપૂત, ભાવેશ રાજપૂત, આશીષ બારિયા અને આતિષ ઠાકોર સહિત 8 આરોપીઓ વિરુદ્ધ કપુરાઈ પોલીસ મથકે ગુનો નોંધી તેમને વોન્ટેડ જાહેર કરાયા છે.

સુરતમાં 5 કેન્દ્રો પર UPSCની NDA અને CDS પરીક્ષા યોજાઈ: 'ઇંગ્લિશનું પેપર સારું રહ્યું, હવે GKની કસોટી' કહી ઉમેદવારો બીજા સેશન માટે સજ્જ

સુરત, તા.13

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) દ્વારા દેશની સેનામાં જોડાવવા માંગતા યુવાનો માટે આજે રવિવાર, 13 સપ્ટેમ્બરના રોજ સુરત ખાતે નેશનલ ડિફેન્સ એકેડેમી (NDA) અને કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસ (CDS-II)ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. સુરત શહેરના નિયત કરાયેલા 5 અલગ-અલગ કેન્દ્રો પર કુલ 1,242 જેટલા ભાવિ ડિફેન્સ ઓફિસરો પરીક્ષા આપી રહ્યા છે. સવારે 9 થી 11 વાગ્યા દરમિયાન પ્રથમ સેશનનું પેપર પૂર્ણ થતાં ઉમેદવારો ઉત્સાહભેર કેન્દ્ર

બહાર નીકળ્યા હતા.

આજના આયોજન અંતર્ગત શહેરની 5 શાળાઓમાં ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં CDS પરીક્ષા માટે T & TV સાર્વજનિક હાઈસ્કૂલ અને સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ તથા NDA માટે લૂર્ડ્સ કૉન્વેન્ટ હાઈસ્કૂલ, સી. સી. શાહ સાર્વજનિક ઈંગ્લિશ હાઈસ્કૂલ અને સંસ્કાર ભારતી વિદ્યાલય ખાતે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સવારે પ્રથમ તબક્કામાં લેવાયેલી અંગ્રેજી વિષયની પરીક્ષા પૂર્ણ કરીને બહાર આવેલા ઉમેદવાર પ્રભાત તિવારીએ કહ્યું હતું કે, આજે અમારે કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસ (CDS)ની પરીક્ષા છે. સવારનું અંગ્રેજીનું પેપર ખૂબ જ સારું રહ્યું છે. પ્રશ્નપત્ર બહુ અઘરું નહોતું પણ મોડરેટ સ્તરનું હતું. હું ધોરણ 12 પછીથી જ ડિફેન્સ સર્વિસ માટે તૈયારી કરી રહ્યો છું અને અગાઉ NDA ની પરીક્ષા પણ પાસ કરી ચૂક્યો છું. અત્યારે ફક્ત પહેલો પડાવ પૂર્ણ થયો છે અને હજુ બે પેપર આપવાના બાકી છે.

પ્રથમ સેશન પૂર્ણ થયા બાદ ઉમેદવારો હવે પછીના પેપર માટે પુન: તૈયારીમાં લાગી ગયા છે. CDS પરીક્ષા માટે હવે બપોરે 12:30 થી 2:30 વાગ્યા સુધી જનરલ નોલેજનું બીજું પેપર યોજાયું, જ્યારે ત્રીજા તબક્કામાં સાંજે 4થી 6 વાગ્યા દરમિયાન એલિમેન્ટરી મેથેમેટિક્સની પરીક્ષા. તમામ સેન્ટરો પર વહીવટી તંત્ર દ્વારા કડક સુરક્ષા અને શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તે માટે પૂરતો બંદોબસ્ત રાખવામાં આવ્યો છે.

સુરત લાજપોર જેલમાં બંધ ગેંગસ્ટર માન્યા ડુક્કરનો આતંક: જેલમાં ધકેલાયા બાદ ડુક્કર પર ફરી કેસ નોંધાયો

સુરત, તા.13

સુરતના ઉધના વિસ્તારમાં ભાજપના કાર્યકર જય દલાલની હત્યા કેસમાં થોડા દિવસ અગાઉ લોડેડ પિસ્તોલ સાથે ઝડપાઈને હાલ લાજપોર મધ્યસ્થ જેલમાં બંધ કુખ્યાત સાગર ઉર્ફે માન્યા ડુક્કર સામે સલાબતપુરા પોલીસ મથકમાં વધુ એક ગુનો નોંધાયો છે. માન્યા ડુક્કર, દયાવાન બંટી તથા અન્ય બે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ બળજબરીથી નાણાં પડાવવા (ખંડણી) તથા ધાકધમકીનો ગુનો દાખલ કરાયો છે.

સલાબતપુરા પોલીસમાં

નોંધાયેલી ફરિયાદ મુજબ, મીઠીખાડી વિસ્તારમાં રહેતા અને મજૂરીકામ કરતા 27 વર્ષીય ફૈસલ ઝબીઉલ્લા પઠાણ નામના યુવકને માન્યા ડુક્કર તથા દયાવાન બંટી અગાઉથી જ તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી ખર્ચા પેટે રૂપિયાની ઉઘરાણી કરતા હતા. જોકે યુવક પાસે નાણાં ન હોવાથી તેણે આપવાનો ઈનકાર કર્યો હતો.

આ અદાવત રાખી 12 જુલાઈએ બપોરે આશરે અઢી વાગ્યે સલાબતપુરા ખ્વાજાનગર ખાડી પુલ નજીક માન્યા ડુક્કર, દયાવાન બંટી અને અન્ય બે અજાણ્યા શખ્સો થાર ગાડીમાં આવી પહોંચ્યા હતા. આરોપીઓએ જાહેરમાં ગાડી રોકી ફરિયાદી સાથે ગાળાગાળી કરી ફરીથી ખર્ચા પેટે રૂપિયા માંગ્યા હતા. ભયના માહોલમાં ગભરાયેલા યુવક પાસેથી આરોપીઓએ તેના ખિસ્સામાં રહેલા રોકડા રૂ. 4,540 બળજબરીથી કઢાવી લીધા હતા. આ ઉપરાંત માન્યા ડુક્કરે યુવકને જાનથી મારી નાખવાની ગર્ભિત ધમકી આપી તમામ આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા.

આ મામલે ફરિયાદીએ સલાબતપુરા પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવતાં પોલીસે ચારેય સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હાલ પીએસઆઈ એસ.આઈ. મકરાણી આ સમગ્ર કેસની આગળની તપાસ ચલાવી રહ્યા છે. હત્યા જેવા ગંભીર ગુનામાં જેલના સળિયા પાછળ ધકેલાયેલા માન્યા ડુક્કર વિરુદ્ધ વધુ એક ગુનો નોંધાતા તેના ગુનાહિત ઈતિહાસમાં નવો ઉમેરો થયો છે.

ભારતીય રેલવેએ ઓગસ્ટ 2026માં મુસાફર કનેક્ટિવિટી અને ફ્રેટ ક્ષમતાનો વિસ્તાર કર્યો, ઓગસ્ટ 2025ની સરખામણીમાં માલસામાનના લોડિંગમાં 5.4% નો ગ્રોથ થયો

5 નવા ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ્સ કાર્યરત કરાયા, કુલ સંખ્યા 149 પર પહોંચી, ઉદ્યોગ અને પ્રાદેશિક આર્થિક પ્રવૃત્તિને ટેકો આપવા ઝડપી માલસામાનની અવરજવર

અમદાવાદ, તા.13

ઓગસ્ટ 2026માં દેશભરમાં રેલવે કનેક્ટિવિટી અને સેવાઓમાં નોંધપાત્ર વિસ્તાર જોવા મળ્યો, જેમાં ભારતીય રેલવેએ મુસાફરોની અવરજવર અને ફ્રેટ લોડિંગ બંનેમાં વૃદ્ધિ નોંધાવી છે. મહિના દરમિયાન, 14 અમૃત ભારત સેવાઓને નિયમિત કરવામાં આવી હતી, જેણે કેટલાક મહત્વપૂર્ણ માર્ગો પર મુસાફરોને વધુ પરવડે તેવા અને આરામદાયક પ્રવાસના વિકલ્પો પૂરા પાડ્યા હતા, જ્યારે ઉદ્યોગો માટે લાસ્ટ-માઈલ ફ્રેટ કનેક્ટિવિટી સુધારવા માટે 5 નવા ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ્સ (GCTs) કાર્યરત કરવામાં આવ્યા હતા.

ભારતીય રેલવેએ ફ્રેટ લોડિંગમાં પણ 5.4 ટકાનો ગ્રોથ નોંધાવ્યો છે, જે અર્થતંત્રના મુખ્ય ક્ષેત્રોમાંથી સતત માંગ દર્શાવે છે. તહેવારોની મોસમ દરમિયાન માંગમાં થયેલા ઉછાળાને પહોંચી વળવા માટે વધારાની સ્પેશિયલ ટ્રેન સેવાઓ ચલાવવામાં આવતાં મુસાફરોની અવરજવરમાં પણ વધારો થયો છે.

વધુ માલસામાનની અવરજવર, ઉદ્યોગ અને અર્થતંત્રને ટેકો આપે છે

ભારતીય રેલવેએ ઓગસ્ટ 2025માં 130.9 મિલિયન ટનની સરખામણીએ ઓગસ્ટ 2026 દરમિયાન 137.9 મિલિયન ટન માલસામાનનું લોડિંગ કર્યું હતું, જે વાર્ષિક ધોરણે 5.4 ટકાનો ગ્રોથ નોંધાવે છે.

માલસામાનની અવરજવરમાં થયેલો આ વધારો કોલસો, આયર્ન ઓર, સ્ટીલ, ખાતરો અને અન્ય ચીજવસ્તુઓ જેવા મુખ્ય ક્ષેત્રોમાંથી વધતી જતી માંગને દર્શાવે છે. ઉચ્ચ રેલ ફ્રેટ અવરજવર ઉદ્યોગોને ભરોસાપાત્ર પરિવહન મેળવવામાં મદદ કરે છે જ્યારે પ્રદેશોમાં આવશ્યક ચીજવસ્તુઓની અવરજવરને ટેકો આપે છે.

ઓગસ્ટ 2026 દરમિયાન ફ્રેટ રેવેન્યુma ઓગસ્ટ 2025ની સરખામણીમાં 6.27 ટકા વધી છે, જે ભારતીય રેલવેના ફ્રેટ બિઝનેસમાં સતત મજબૂતીકરણ સૂચવે છે.

મુખ્ય ચીજવસ્તુઓની ઉચ્ચ અવરજવર ઉદ્યોગ અને આવશ્યક સપ્લાય ચેઈનને ટેકો આપે છે

ઓગસ્ટ 2026 દરમિયાન કેટલાક મહત્વપૂર્ણ કમોડિટી જૂથોએ હેલ્ધી ગ્રોથ નોંધાવ્યો હતો. આયર્ન ઓર લોડિંગમાં 12.1 ટકા, ક્લિન્કરમાં 10.4 ટકા, ડોમેસ્ટિક કન્ટેનરમાં 9.2 ટકા અને કોલસામાં 6 ટકાનો વધારો થયો છે. ફિનિશ્ડ સ્ટીલ લોડિંગમાં 4.9 ટકા, મિનરલ ઓઈલમાં 3.1 ટકા, ખાતરોમાં 1.6 ટકા અને બાકીના અન્ય માલસામાનમાં 8.2 ટકાનો વધારો થયો છે.

આ વિભાગોમાં ગ્રોથ ઉદ્યોગો માટે રેલ-આધારિત સપ્લાય ચેઈનને મજબૂત કરે છે અને દેશભરમાં આવશ્યક ઈનપુટ્સ અને ફિનિશ્ડ ગુડ્સની અવરજવરને ટેકો આપે છે. ખાસ કરીને વધેલી કન્ટેનરની અવરજવર, રેલ નેટવર્ક દ્વારા વિવિધ માલસામાનના વધુ કાર્યક્ષમ પરિવહનને ટેકો આપે છે.

ફ્રેટ કનેક્ટિવિટી સુધારવા માટે 5 નવા ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ્સ

ઓગસ્ટ 2026માં 5 નવા ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ્સ કાર્યરત કરવામાં આવ્યા હતા, જેનાથી 31 ઓગસ્ટ 2026ના રોજ કાર્યરત GCTની કુલ સંખ્યા 149 પર પહોંચી ગઈ છે.

નવા કાર્યરત થયેલા ટર્મિનલ્સ અહીં છે -

- શિવલખા, ગુજરાત
- નલ્લી, તમિલનાડુ
- શક્તિનગર, ઉત્તર પ્રદેશ
- દેઓરાગ્રામ,મધ્ય પ્રદેશ
- બ્રજરાજનગર, ઓડિશા

ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ નેટવર્કનો વિસ્તાર ઉત્પાદન અને વપરાશના કેન્દ્રોની નજીક ફ્રેટ-હેન્ડલિંગ સુવિધાઓ લાવે છે. માલસામાનના વધુ સીધા અને કાર્યક્ષમ હેન્ડલિંગને સક્ષમ કરીને, આ ટર્મિનલ્સ અટકાવી શકાય તેવી અવરજવર ઘટાડી શકે છે, લોજિસ્ટિક્સ કાર્યક્ષમતામાં સુધારો કરી શકે છે અને ઔદ્યોગિક તથા વ્યાપારી સ્થળોએથી માલસામાનની ઝડપી નિકાસ/અવરજવરને સુગમ બનાવી શકે છે.

વધતું જતું GCT નેટવર્ક ભારતના વ્યાપક લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે રેલવેના એકીકરણને મજબૂત બનાવવામાં પણ મદદ કરી રહ્યું છે, જેનાથી ઉદ્યોગોને રેલ-આધારિત માલવાહક પરિવહનની વધુ પહોંચ મળે છે.

પરવડે તેવી રેલ કનેક્ટિવિટી વિસ્તૃત કરવા અમૃત ભારતની 14 સેવાઓ નિયમિત કરવામાં આવી

ઓગસ્ટ 2026 એ મુસાફર કનેક્ટિવિટીના નોંધપાત્ર વિસ્તારને ચિહ્નિત કર્યો, જેમાં મહિના દરમિયાન અમૃત ભારતની 14 સેવાઓને સ્પેશિયલ ટ્રેનમાંથી નિયમિત ટ્રેનમાં રૂપાંતરિત કરીને નિયમિત કરવામાં આવી હતી, જેનાથી અમૃત ભારત સેવાઓની કુલ સંખ્યા 86 થઈ ગઈ છે.

આ સેવાઓ ઉત્તર પ્રદેશ, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને દેશના અન્ય મહત્વપૂર્ણ ભાગો સહિત દેશના કેટલાક મુખ્ય શહેરો અને પ્રદેશોને જોડે છે.

આ સેવાઓમાં સમાવેશ થાય છે: સુબેદારગંજ - લોકમાન્ય તિલક ટર્મિનસ

- ગોરખપુર - બાંદ્રા ટર્મિનસ
- ગોરખપુર - દિલ્હી જંક્શન
- અમદાવાદ - ભાગલપુર
- લોકમાન્ય તિલક ટર્મિનસ - પ્રયાગરાજ જંક્શન
- પ્રયાગરાજ જંક્શન - ઉધના જંક્શન
- ધનબાદ - કોઈમ્બતુર, અન્ય સેવાઓ સાથે.

આ નવી સેવાઓ મુસાફરોને મુસાફરીના વધુ વિકલ્પો, મુખ્ય શહેરી કેન્દ્રો અને પ્રાદેશિક ગંતવ્યો વચ્ચે સુધારેલી કનેક્ટિવિટી તથા પરવડે તેવી લાંબા અંતરની રેલ મુસાફરી પૂરી પાડે તેવી અપેક્ષા છે.

પૂર્વાંચલ અને પૂર્વ ઉત્તર પ્રદેશ માટે, ગોરખપુરથી બાંદ્રા ટર્મિનસ અને દિલ્હીની સેવાઓ બે મુખ્ય મેટ્રોપોલિટન પ્રદેશો માટે વધારાની કનેક્ટિવિટી પૂરી પાડે છે, જેનાથી રોજગાર, શિક્ષણ, વ્યાપાર અને પારિવારિક હેતુઓ માટે મુસાફરી કરતા મુસાફરોને લાભ થાય છે.

એ જ રીતે, અમદાવાદ-ભાગલપુર કનેક્ટિવિટી ગુજરાત અને બિહાર વચ્ચેની રેલ લિંકને મજબૂત કરે છે, જે બંને પ્રદેશોના મુસાફરોને સીધો મુસાફરીનો અન્ય એક વિકલ્પ પૂરો પાડે છે. ધનબાદ-કોઈમ્બતુર સેવા પૂર્વ ભારત અને દક્ષિણ ભારત વચ્ચેની લાંબા અંતરની કનેક્ટિવિટી સુધારે છે, ખાસ કરીને ઔદ્યોગિક અને રોજગાર કેન્દ્રો વચ્ચે મુસાફરી કરતા મુસાફરોને લાભ આપે છે.

પ્રયાગરાજ અને ઉધના વચ્ચે તથા પ્રયાગરાજ અને મુંબઈ વચ્ચેની કનેક્ટિવિટી ઉત્તર પ્રદેશના પશ્ચિમ ભારત તરફ મુસાફરી કરતા મુસાફરો માટે પ્રવાસના વિકલ્પોને વધુ વિસ્તાર આપે છે.

અમૃત ભારત સેવાઓનો વિસ્તાર એ ખાસ કરીને મુખ્ય શહેરો અને ઉભરતા પ્રાદેશિક કેન્દ્રો વચ્ચે મુસાફરી કરતા મુસાફરો માટે આરામદાયક, પરવડે તેવી અને સુલભ લાંબા અંતરની રેલ મુસાફરી પૂરી પાડવાના ભારતીય રેલવેના સતત પ્રયાસોનો એક ભાગ છે.

પેસેન્જર ટ્રાફિક સતત વધતો રહ્યો છે

ભારતીય રેલવેએ ઓગસ્ટ 2025 દરમિયાન 64.43 કરોડ મુસાફરોની સરખામણીએ ઓગસ્ટ 2026 દરમિયાન 67.27 કરોડ મુસાફરોને પરિવહન પૂરું પાડ્યું હતું.

સબઅર્બન (સબર્બન) પેસેન્જર ટ્રાફિકે ખાસ કરીને મજબૂત ગ્રોથ નોંધાવ્યો છે, જેમાં 9.02 ટકાનો વધારો થયો છે. ઓગસ્ટ 2025માં 34.89 કરોડની સરખામણીએ ઓગસ્ટ 2026 દરમિયાન કુલ 38.01 કરોડ સબઅર્બન મુસાફરોએ મુસાફરી કરી હતી.

આ વધારો લાખો મુસાફરોને, ખાસ કરીને ગીચ વસ્તી ધરાવતા શહેરી અને સબઅર્બન પ્રદેશોમાં પરવડે તેવી દૈનિક ગતિશીલતા પૂરી પાડવામાં રેલવે નેટવર્કના સતત મહત્વને દર્શાવે છે.

વધારાની સ્પેશિયલ ટ્રેનો તહેવારોના ધસારા દરમિયાન મુસાફરોને મદદ કરે છે

તહેવારોની મોસમ દરમિયાન મુસાફરોની વધેલી માંગ સાથે, ભારતીય રેલવેએ 8 અને 14 ઓગસ્ટ 2025 વચ્ચે સંચાલિત 48 ટ્રિપ્સની સરખામણીએ 25 અને 31 ઓગસ્ટ 2026 વચ્ચે રક્ષાબંધન સ્પેશિયલ ટ્રેનોની 144 ટ્રિપ્સ ચલાવી હતી.

સ્પેશિયલ ટ્રેન સેવાઓમાં નોંધપાત્ર વધારાથી તહેવારોના પીક પિરિયડ દરમિયાન વધારાની પ્રવાસ ક્ષમતા પૂરી પાડવામાં મદદ મળી, જેનાથી અત્યંત ઊંચી માંગના સમયગાળા દરમિયાન મુસાફરોને મુસાફરીના વધુ વિકલ્પો મળ્યા.

આવી વધારાની સેવાઓ તહેવારો દરમિયાન પોતાના વતન અને પરિવારો તરફ મુસાફરી કરતા મુસાફરો માટે ખાસ કરીને મહત્વપૂર્ણ છે, જે નિયમિત સેવાઓ પરનું દબાણ હળવું કરવામાં અને પીક પિરિયડ દરમિયાન મુસાફરીની ઉપલબ્ધતા સુધારવામાં મદદ કરે છે.

રેલ કનેક્ટિવિટીનો વિસ્તાર, દૈનિક ગતિશીલતાને મજબૂત કરવી

ઓગસ્ટ 2026 દરમિયાનના વિકાસ ભારતીય રેલવેના મુસાફર કનેક્ટિવિટી વિસ્તારવા, પ્રવાસના વિકલ્પો સુધારવા, ફ્રેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા અને બદલાતી માંગને પ્રતિસાદ આપવા પરના સતત ધ્યાન કેન્દ્રિત કરવાને દર્શાવે છે.

નવી અમૃત ભારત સેવાઓની શરૂઆત મુખ્ય શહેરો અને પ્રાદેશિક કેન્દ્રો વચ્ચે પરવડે તેવી લાંબા અંતરની કનેક્ટિવિટી વિસ્તારી રહી છે, જ્યારે વધારાની તહેવાર સેવાઓ મુસાફરોને મોસમી મુસાફરીની માંગને પહોંચી વળવામાં મદદ કરી રહી છે. તે જ સમયે, ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ્સનો વિસ્તાર લોજિસ્ટિક્સ નેટવર્કને મજબૂત કરી રહ્યો છે અને ઉદ્યોગો માટે રેલ એક્સેસમાં સુધારો કરી રહ્યો છે.

સતત ક્ષમતા વૃદ્ધિ, સુધારેલી ઓપરેશનલ કાર્યક્ષમતા અને મુસાફર તથા ફ્રેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તાર દ્વારા, ભારતીય રેલવે રેલ મુસાફરીને વધુ સુલભ બનાવવા અને દેશભરમાં આર્થિક પ્રવૃત્તિ તથા પ્રાદેશિક કનેક્ટિવિટીના મહત્વપૂર્ણ ડ્રાઈવર તરીકે રેલવે નેટવર્કને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત રાખે છે.

ઈંગ્લેન્ડે પાકિસ્તાનને 3-0 થી કચડી નાખતા બાબર આઝમનું દર્દ છલકાયું, કહ્યું- ટીમ અંગે ચર્ચા તો કરવી જ પડશે

નવી દિલ્હી, તા.13

ઈંગ્લેન્ડ સામેની 3 ટેસ્ટ મેચોની સીરિઝમાં પાકિસ્તાની ટીમનું પ્રદર્શન અત્યંત નિરાશાજનક રહ્યું છે અને ટીમને એક પણ જીત મળી શકી નથી. ઈંગ્લેન્ડ સામે 0-3 થી ક્લીન સ્વીપ થયા બાદ પાકિસ્તાની કપ્તાન બાબર આઝમનું દર્દ છલકાયું છે અને તેમણે ટીમ સિલેક્શન તથા પ્લેઈંગ ઈલેવનને લઈને મોટું નિવેદન આપ્યું છે. બર્મિંઘમના એજબેસ્ટન મેદાન પર રમાયેલી સીરિઝની ત્રીજી ટેસ્ટમાં 8 વિકેટથી હાર મળ્યા બાદ બાબરે સ્પષ્ટ કર્યું કે હવે ટીમએ પોતાની ભૂલો પર બેસીને ચર્ચા કરવી પડશે.

બાબર આઝમના મતે ટીમ મેનેજમેન્ટ, પસંદગીકારો અને કપ્તાને સાથે બેસીને વર્તમાન સ્થિતિનું આકલન કરવું પડશે. તેમણે સ્વીકાર્યું કે પાકિસ્તાને પોતાની ભૂલોથી શીખવાની સાથે એક મજબૂત અને સ્પષ્ટ પ્લેઈંગ ઈલેવન તૈયાર કરવાની ખૂબ જ મહત્ત્વપૂર્ણ જરૂરિયાત છે. તેમણે જણાવ્યું હતું કે મેનેજર, સિલેક્ટર અને હું પોતે સાથે બેસીને અમારી સર્વશ્રેષ્ઠ ઈલેવન પર નિર્ણય કરીશું. પાકિસ્તાન માટે આ સમગ્ર પ્રવાસ અત્યંત મુશ્કેલ રહ્યો હતો કારણ કે પ્રથમ બે ટેસ્ટ મેચો દરમિયાન ટીમ કોઈપણ ઈનિંગ્સમાં 200 રન પણ બનાવી શકી ન હતી.

એજબેસ્ટનમાં પાકિસ્તાનના બેટ્સમેનોએ અગાઉની બે મેચોની તુલનામાં બહેતર પ્રદર્શન કર્યું હતું. બીજી ઈનિંગ્સમાં ટીમએ 449 રન બનાવ્યા અને ઈંગ્લેન્ડ સામે 130 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો. પૂર્વ કપ્તાન શાન મસૂદે 95 રનની શાનદાર રમત રમી હતી, જ્યારે બાબર આઝમે 76 રન અને અઝાન અવાસે 59 રનનું યોગદાન આપ્યું હતું. આ પ્રદર્શનના આધારે પાકિસ્તાને છેલ્લી ટેસ્ટમાં ઈંગ્લેન્ડને સખત ટક્કર આપવાનો પ્રયાસ કર્યો હતો.

આ સીરિઝનું સૌથી મોટું સકારાત્મક પાસું યુવા ઝડપી બોલર રજાઉલ્લાહ રહ્યો હતો. ડેબ્યૂ ટેસ્ટમાં તેણે બોલિંગ અને બેટિંગ બંનેમાં અદ્ભુત પ્રભાવ છોડ્યો હતો. તેમણે ઈંગ્લેન્ડની પહેલી ઈનિંગ્સમાં 4 વિકેટ ઝડપી હતી અને ત્યારબાદ બીજી ઈનિંગ્સમાં માત્ર 63 બોલમાં 9 છગ્ગાની મદદથી 81 રનની આક્રમક ઈનિંગ્સ રમી હતી. તેની આ વિસ્ફોટક બેટિંગના કારણે પાકિસ્તાન બીજી ઈનિંગમાં મોટો સ્કોર બનાવવામાં સફળ રહ્યું હતું.

130 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની શરૂઆત પણ ખરાબ રહી હતી. મોહમ્મદ અબ્બાસે પહેલી જ ઓવરમાં 2 વિકેટ ઝડપીને પાકિસ્તાનને શાનદાર શરૂઆત અપાવી હતી. બાબરે સ્વીકાર્યું કે તે સમયે ટીમમાં જીતની આશા જાગી હતી, પરંતુ કપ્તાન જો રૂટ અને જોર્ડન કોક્સે અણનમ રમીને પાકિસ્તાનની વાપસીના તમામ રસ્તા બંધ કરી દીધા હતા. રૂટે અણનમ 62 અને કોક્સે અણનમ 59 રન બનાવ્યા હતા તથા બંનેએ 128 રનની અણનમ ભાગીદારી કરીને ઈંગ્લેન્ડને 8 વિકેટથી વિજય અપાવ્યો હતો.

34 છગ્ગા, 575 રન અને 201નો સ્ટ્રાઈક રેટ... તો પણ સ્ટાર બેટરને ટીમ ઈન્ડિયામાં ન મળ્યો ચાન્સ!

નવી દિલ્હી, તા.13

શેર-એ-પંજાબ ટી20 લીગ 2026 માં ઓપનિંગ બેટ્સમેન પ્રભસિમરન સિંહે પોતાની વિસ્ફોટક બેટિંગનો શાનદાર નજારો બાંધ્યો હતો. શનિવારે (12 સપ્ટેમ્બર) લુધિયાના લાયન્સ સામેના સેમિફાઈનલ મેચમાં જલંધર વોરિયર્સ માટે કપ્તાની ઈનિંગ રમતા પ્રભસિમરને 35 બોલમાં 63 રન બનાવ્યા, જેમાં 5 ચોગ્ગા અને 4 છગ્ગા સામેલ હતા. જોકે, તેમની આ તોફાની ઈનિંગ છતાં જલંધર વોરિયર્સને 17 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો.

મોહાલીના પંજાબ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં રમાયેલા આ મેચમાં લુધિયાના લાયન્સે પ્રથમ બેટિંગ કરતા 5 વિકેટે 220 રન બનાવ્યા હતા. જવાબમાં જલંધર વોરિયર્સની ટીમ 8 વિકેટે 203 રન જ બનાવી શકી હતી. લુધિયાના તરફથી બોલિંગ કરતા સાહિલ ભાસ્કરે માત્ર 16 રન આપીને 6 વિકેટ ઝડપી હતી. હવે 13 સપ્ટેમ્બરે રમાનાર ખિતાબી મેચમાં

લુધિયાના લાયન્સનો મુકાબલો અમૃતસર શૂરમાઝ સામે થશે.

જલંધર વોરિયર્સ ભલે ફાઈનલમાં પહોંચી શકી ન હોય, પરંતુ કપ્તાન પ્રભસિમરન સિંહે પોતાના પ્રભાવશાળી પ્રદર્શનથી સૌના દિલ જીતી લીધા છે. તેમણે ટૂર્નામેન્ટની 9 મેચોમાં કુલ 575 રન બનાવ્યા હતા. જેમાં 2 શતક અને 3 અર્ધશતક સામેલ છે. આ દરમિયાન તેમનો શાનદાર એવરેજ 82.14 રહ્યો હતો અને તેમણે 201.05 ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી હતી. આ સમગ્ર ટૂર્નામેન્ટમાં તેમણે 57 ચોગ્ગા અને 34 છગ્ગા ફટકાર્યા હતા.

26 વર્ષના પ્રભસિમરન સિંહને તાજેતરના જિમ્બાબ્વે પ્રવાસ અને હાંગઝોઉ એશિયન ગેમ્સ માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા, પરંતુ ત્રણેય મેચોમાં તેમને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળ્યું ન હતું. આઈપીએલ (IPL) માં પંજાબ કિંગ્સ (PBKS) માટે અનેક શાનદાર ઈનિંગ્સ રમનાર પ્રભસિમરન હજુ પણ ભારત માટે પોતાના ઈન્ટરનેશનલ ડેબ્યૂની રાહ જોઈ રહ્યા છે.

ભારતની નજર વિક્રમી આઠમા ટાઈટલ પર, શ્રીલંકા સામે ફાઈનલ

દુબઈ, તા.13

સાત વખતની ચેમ્પિયન ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમ રવિવારે અહીં રમાનારી વિમેન્સ એશિયા કપ ટી20 ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં લડાયક શ્રીલંકા સામે ટકરાશે ત્યારે તે ફરી એક વાર શેફાલી વર્મા અને દિપ્તી શર્મા પાસે શ્રેષ્ઠ પ્રદર્શનની આશા રાખશે. ભારત અને શ્રીલંકા વચ્ચે રવિવારે અહીના દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ફાઈનલ રમાશે જે ભારતીય સમય મુજબ રાત્રે 8.00 કલાકે શરૂ થશે.

બે અડધી સદી સહિત 168 રન ફટકારીને શેફાલી વર્મા માત્ર ભારતની જ સર્વશ્રેષ્ઠ બેટર નથી પરંતુ આ ટુર્નામેન્ટની વર્તમાન આવૃત્તિમાં સૌથી વધુ રન

નોંધાવનારી ખેલાડી પણ રહી છે. તેણે દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમની ધીમી અને સ્પિનર્સને સાનુકૂળ પિચ પર પણ અવિરત રહીને પોતાનું કામ પૂર્ણ કર્યું છે.

સ્મૃતિ મંધાના (154)નું પ્રદર્શન ઉતાર-ચઢાવવાળું રહ્યું છે. તેણે એક શાનદાર સદી ફટકારી છે પણ સાથે જ બે ઈનિંગ્સમાં તે સિંગલ ડિજિટમાં આઉટ થઈ છે. તેની સરખામણીએ શેફાલી બેટ સાથે સતત સ્થિર પ્રદર્શન કરવામાં સફળ રહી છે. સૌથી મહત્વની વાત એ છે કે જ્યાં અન્ય બેટર્સ સંઘર્ષ કરતા જોવા મલી છે ત્યાં શેફાલીએ પ્રમાણમાં સરળતાથી પોતાની બેટિંગ કરી છે.

શ્રીલંકાની કપ્તાન ચમારી અટાપટ્ટુ સાથે 11 વિકેટ લઈને ટુર્નામેન્ટમાં સૌથી વધુ વિકેટ લેનારી દિપ્તી શર્મા ભારતીય બોલિંગ આક્રમણની આગેવાની કરી રહી છે. બેટિંગમાં પણ આ અનુભવી ભારતીય ઓલરાઉન્ડરની હાજરી મહત્વની રહી છે. સેમિફાઈનલમાં બાંગ્લાદેશ સામે તેની છ બોલમાં 13 રનની ઈનિંગ્સે ટીમના સ્કોરને 150ની નજીક પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ચુસ્ત બોલિંગ કરતી શ્રી ચરણી અને ફોર્મ મેળવી ચૂકેલી પ્રેમા રાવત સાથે દિપ્તી અત્યંત મહત્વપૂર્ણ સ્પિન આક્રમણની આગેવાની કરે છે.

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે કોટલા ખાતે પ્રથમ ટી20

નવી દિલ્હી, તા.13

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ત્રણ મેચની ટી20 સિરીઝની પ્રથમ ટી20 રવિવારે અહીના અરણ જેટલી સ્ટેડિયમ (કોટલા) ખાતે રમાશે. આ મેચ અગાઉ ભારતની મૂંઝવણ એ છે કે તેઓ આક્રમક બેટર વૈભવ સૂર્યવંશીને ટીમમાં સામેલ કરે કે અનુભવી સંજુ સેમસનને. આ બંને ખેલાડી સારા ફોર્મમાં છે અને ટીમમાં એક સ્થાન માટેના દાવેદાર છે. રવિવારે સાંજે 7.30 કલાકથી મેચનો પ્રારંભ થશે.

ત્રણ મેચની આ શ્રેણીની પ્રથમ મેચમાં ભારત જ્યારે અફઘાનિસ્તાન સામે મેદાને ઉતરશે, ત્યારે તેની સામે 'વંડર બોય' વૈભવ સૂર્યવંશીના આક્રમક અંદાજને પસંદ કરવો કે સંજુ સેમસનના અનુભવ અને ક્ષમતા પર ભરોસો રાખવો તેને લઈને ધર્મસંકટ ઉભું થયું છે.

ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન સેમસનના સ્થાને સૂર્યવંશીને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો હતો પરંતુ શ્રેણીની છેલ્લી મેચ સુધીમાં આ 15 વર્ષીય ખેલાડીએ તેના સિનિયર ખેલાડીની વાપસી માટે રસ્તો બનાવવો પડ્યો હતો.

આ કોઈ સરળ પસંદગી નથી, જોકે સેમસન અને અભિષેક શર્માની જોડી એક વધુ સ્થિર જોડી છે જેણે સારું પ્રદર્શન કર્યું છે. એવી આશા રાખી શકાય કે જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સની મેચ માટે અંતિમ પ્લેઈંગ ઈલેવન નક્કી કરતા પહેલા કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન શ્રેયસ ઐયર જો શક્ય હોય તો સેમસન અને સૂર્યવંશી બંનેને સમાન તક આપશે.

શુક્રવારના સાંજના નેટ સેશન દરમિયાન સૂર્યવંશીની સરખામણીમાં સેમસન વધુ નિયંત્રણમાં દેખાતો હતો. જસપ્રિત બુમરાહ તરફથી પિચ પરથી મૂવમેન્ટ મળતા ફાસ્ટ બોલિંગનો સામનો કેવી રીતે કરવો તેનો પાઠ સૂર્યવંશીને શીખવા મળ્યો હતો. સળંગ ત્રણ રેડ-બોલ મેચ રમ્યા પછી યુવા ખેલાડીને સેટ થવામાં સમય લાગ્યો હોય તેવું પણ બની શકે છે.

આ ઉપરાંત અફઘાનિસ્તાનનું બોલિંગ આક્રમણ બુમરાહની ગુણવત્તાની આસપાસ પણ ન હોવાથી સૂર્યવંશી તેની સામે આક્રમક બેટિંગ કરી શકે છે. જે ઝડપીથી તેઓ બોલિંગ કરે છે તે સૂર્યવંશીના ફૂટવર્ક અને ક્રિઝ પર ઊભા રહીને શોટ મારવાની રમતને અનુકૂળ આવી શકે છે.

સંજુ સેમસનના કિસ્સામાં એક જોખમી ફોર્મેટમાં માત્ર ત્રણ નિષ્ફળતાઓ પછી ઈંગ્લેન્ડમાં તેને પડતો મૂકવો અયોગ્ય લાગતો હતો. પરંતુ સૂર્યવંશીનો ક્રેઝ એવા તબક્કે પહોંચ્યો હતો કે બહારના ઘોંઘાટથી દૂર રહેવાના તેના પોતાના નિર્ણય છતાં ટીમ મેનેજમેન્ટે ચાહકોની માંગ સાંભળવી પડી હતી.

પરંતુ જો શુક્રવારે સાંજના નેટ સેશન દરમિયાન પીઠની ઈજાને કારણે ઈશાન કિશન મેચમાંથી બહાર થઈ જાય તો સૂર્યવંશી અને સેમસન બંને રમે તેવી સ્થિતિ પણ સર્જાઈ શકે છે.

દુલીપ ટ્રોફીની ફાઈનલમાં 270 અને 80 રન ફટકારીને આવી રહેલો કિશન આ મેચ ગુમાવવા માંગશે નહીં, કારણ કે તે માત્ર આ જ એક ફોર્મેટમાં ભારતીય ટીમનો નિયમિત સભ્ય છે.

ગણેશ ચતુર્થી 2026 : આલિયા, દીપિકા સહિતની 6 એક્ટ્રેસના એથનિક લૂકમાંથી ફેશન ટિપ્સ અપનાવો

સાડીથી લઈને લહેંગા અને અનારકલી સુધી, ગણપતિ ઉત્સવ માટે પરંપરાગત વસ્ત્રોને આધુનિક અંદાજમાં પહેરવાની ઈન્સ્પિરેશન

મુંબઈ, તા.13

ગણેશ ચતુર્થીના પર્વની ઉજવણી નજીક આવી રહી છે ત્યારે તહેવારોની તૈયારીઓની સાથે એથનિક વોર્ડરોબને પણ નવો લૂક આપવાનો સમય આવી ગયો છે. પૂજા હોય, પરિવાર સાથેની ઉજવણી હોય કે પછી ઘરમાં યોજાતી નાની ગેટ-ટુગેધર–દર વખતે સાડી કે હેવી લહેંગા જ પહેરવા જરૂરી નથી. યોગ્ય રંગ, સિલ્વેટ અને સ્ટાઈલિંગની નાની વિગતો પરંપરાગત લૂકને પણ નવો અંદાજ આપી શકે છે. બોલિવૂડની અભિનેત્રીઓના આ 6 લૂકમાંથી ગણેશ ચતુર્થી માટે અનેક ફેશન આઈડિયા મેળવી શકાય છે.

આલિયા ભટ્ટે ટીલ અને ગોલ્ડ રંગની સાડીમાં પરંપરાગત છતાં સોબર લૂક અપનાવ્યો છે. નાજુક જ્યોમેટ્રિક ડિઝાઈન અને ગોલ્ડ બોર્ડરવાળી સાડી સાથે સ્ટેટમેન્ટ ઝુમકા અને સ્લીક બન તેના લૂકને ગ્રેસફુલ બનાવે છે. તહેવાર માટે એલિગન્ટ અને અન્ડરસ્ટેટેડ લૂક પસંદ કરનારાઓ માટે આ સારો વિકલ્પ છે.

દીપિકાએ પિંક અને આઈવરી રંગના ઓન્સોમ્બલથી ટ્રેડિશનલ ફેશનને કન્ટેમ્પરરી ટચ આપ્યો છે. સફેદ પોલ્કા-ડોટ મોટિફવાળા પિંક કુર્તા સાથે ગોલ્ડ એમ્બ્રોઈડરીવાળા આઈવરી ટ્રાઉઝર્સ અને ગોલ્ડ બોર્ડરવાળો પિંક દુપટ્ટો લૂકને ખાસ બનાવે છે. મોટા ઝુમકા, સ્લીક બન અને મેટાલિક હીલ્સ સાથે આ લૂકમાં પરંપરા અને આધુનિકતાનાં સંતુલન સાથે કમ્ફર્ટ જોવા મળે છે.

ફેસ્ટિવ લૂકમાં થોડો ડ્રામા ઉમેરવો હોય તો શ્રીલીલાનો ડીપ પર્પલ વેલ્વેટ ઓન્સોમ્બલ ધ્યાન ખેંચે છે. રિચ કલર સાથેની ઈન્ટ્રિકેટ એમ્બ્રોઈડરી, સ્ટેટમેન્ટ ઈયરિંગ્સ અને ટેક્સ્ચર્ડ પોનીટેલ આ લુકને યંગ અને કન્ટેમ્પરરી બનાવે છે. ખાસ કરીને સાંજની ગણપતિ ઉજવણી માટે આ પ્રકારનો લૂક પસંદ કરી શકાય છે.

કિયારાનાં યલો લહેંગા પરંપરાગત વસ્ત્રોમાં આધુનિકતા ઉમેરવાનું ઉત્તમ ઉદાહરણ છે. બ્રાઈટ યલો રંગ ફેસ્ટિવ માહોલને અનુરૂપ છે, જ્યારે જ્યોમેટ્રિક એમ્બ્રોઈડરી તેને કન્ટેમ્પરરી ટચ આપે છે. ક્રોપ્ડ બ્લાઉઝ અને ફ્લોઈંગ જેકેટ લુકને વધુ મોડર્ન સિલ્વેટ આપે છે.

શ્રદ્ધાએ આઈવરી ઓન્સોમ્બલમાં સિમ્પલ અને એલિગન્ટ ફેસ્ટિવ ફેશન પસંદ કરી છે. નાજુક ગોલ્ડ ડિટેલિંગ, ફ્લોઈંગ સિલ્વેટ અને પરંપરાગત એમ્બેલિશમેન્ટ્સથી લૂક ભવ્ય લાગે છે, પરંતુ ઓવરડ્રેસ્ડ નથી લાગતો. ક્લાસિક અને કમ્ફર્ટેબલ લૂક પસંદ કરનારાઓ માટે આ સ્ટાઈલ યોગ્ય છે.

પ્રિયંકા ચોપરાનો સનશાઈન યલો લહેંગા સેટ દિવસની ગણેશ ચતુર્થી ઉજવણી માટે ખાસ ધ્યાન ખેંચે એવો છે. એમ્બ્રોઈડરીવાળું કોર્સેટ-સ્ટાઈલ બ્લાઉઝ, ફ્લોઈંગ સ્કર્ટ અને શિયર દુપટ્ટો લૂકને પ્લેફુલ અને એલિગન્ટ બનાવે છે. સ્ટેટમેન્ટ ઈયરિંગ્સ, બંગડીઓ અને સ્લીક પોનીટેલ સાથે આ લૂકમાં ટ્રેડિશનલ અને કન્ટેમ્પરરી સ્ટાઈલનું મિશ્રણ જોવા મળે છે. આ છ લૂક એ વાત દર્શાવે છે કે ગણપતિ ઉત્સવ માટે એથનિક ડ્રેસિંગની કોઈ એક નિશ્ચિત ફોર્મ્યુલા નથી. જ્વેલ ટોન, પેસ્ટલ શેડ્સ, ઈન્ટ્રિકેટ એમ્બ્રોઈડરી, લહેંગા કે સિમ્પલ કુર્તા સેટ–તમારી પસંદગી અને સ્ટાઈલ મુજબ પરંપરાગત ફેશનને પોતાની રીતે અપનાવી શકાય.

'સોશિયલ મીડિયા ક્યારેય નહીં છોડું' : શનાયા કપૂર

મુંબઈ, તા.13

અભિનેત્રી અને આન્ત્રપ્રિન્યોર શનાયા કપૂર સોશિયલ મીડિયા પર મળતી નકારાત્મક કમેન્ટ્સથી દૂર રહેવાને બદલે તેમાંથી ઉપયોગી પ્રતિસાદ અલગ તારવવાનું પસંદ કરે છે. તાજેતરમાં એક કાર્યક્રમમાં હાજર રહેલી શનાયાએ કહ્યું કે સોશિયલ મીડિયા તેના માટે માત્ર ટીકા કે નકારાત્મકતાનું માધ્યમ નથી, પરંતુ એક અભિનેત્રી અને ઉદ્યોગસાહસિક તરીકે પોતાની જાતને સુધારવાનો રસ્તો પણ છે. શનાયા જ્વેલરી બ્રાન્ડ 'ઈન્ડીનૂર'ની સહસ્થાપક પણ છે.

શનાયાએ કહ્યું, "લોકો હંમેશાં સોશિયલ મીડિયાની નકારાત્મક બાજુ વિશે વાત કરે છે, કારણ કે ઈન્ટરનેટ પર ઘણી વખત અંધાધૂંધી સર્જાઈ શકે છે. પરંતુ મને લાગે છે કે તેની એક મોટી સકારાત્મક બાજુ પણ છે અને એક અભિનેત્રી તથા ઉદ્યોગસાહસિક તરીકે હું એ જ બાબત પર ધ્યાન આપું છું."

તેણે ફિલ્મોના ઉદાહરણ સાથે કહ્યું કે દર્શકો પોતાની મહેનતની કમાણીમાંથી ટિકિટ ખરીદીને તેની ફિલ્મ જોવા આવે છે, ત્યારે તેમના પ્રતિસાદને અવગણવો યોગ્ય નથી. "જો હું લોકોની વાત નહીં સાંભળું, તો એક અભિનેત્રી તરીકે આગળ કેવી રીતે વધીશ? હું નવું શીખી શકીશ નહીં. જ્યારે હું તેમની વાત જ ન સાંભળતી



હોય, તો એક વર્ષ પછી ફરી આવીને તેમને મારી બીજી ફિલ્મની ટિકિટ ખરીદવા માટે કેવી રીતે કહી શકું?"

શનાયાના જણાવ્યા મુજબ, તે સોશિયલ મીડિયા છોડવાને બદલે મળતા પ્રતિસાદને ફિલ્ટર કરે છે. "જો કોઈ કહે કે આ બાબત મારા માટે સારી રહી, પરંતુ તેમાં ફેરફાર કરી શકાય, તો હું તેના પર ધ્યાન આપું છું અને તે ફીડબેક સ્વીકારું છું. પરંતુ સોશિયલ મીડિયા પર મળતી માત્ર નફરત અને નકારાત્મકતાને અવગણવાનું હું હજુ શીખી રહી છું. આ બાબત મેં હજી સંપૂર્ણપણે શીખી નથી."

'વાઈબ', 'મડગાંવ એક્સપ્રેસ' અને 'ગો ગોવા ગોન' એક જ યુનિવર્સનો ભાગ?

કુનાલ ખેમુએ કહ્યું, 'મારા મનમાં ઘણી યોજનાઓ ચાલી રહી છે'

મુંબઈ, તા.13

કુનાલ ખેમુની આગામી ફિલ્મ 'વાઈબ'ના ટ્રેલરે કોમેડી ઉપરાંત તેનાં છુપાયેલા કનેક્શનને કારણે પણ ચર્ચા જગાવી છે. ટ્રેલરમાં સ્પર્શ શ્રીવાસ્તવનું પાત્ર કુનાલના પાત્રને 'હાર્દિક' કહીને સંબોધે છે અને તેનાં ભૂતકાળના ડ્રગ ઓવરડોઝ તથા ગોવાને પોન્ડિચેરી અને મુંબઈને બેંગલુરુ સમજવાની વાત કરે છે. આ સંદર્ભો કુનાલની અગાઉની ફિલ્મો 'ગો ગોવા ગોન' અને 'મડગાંવ એક્સપ્રેસ' સાથે જોડાયેલા હોવાનું માનવામાં આવી રહ્યું છે.

'ગો ગોવા ગોન'માં કુનાલે હાર્દિક નામનાં સ્ટોનરનું પાત્ર ભજવ્યું હતું. બીજી તરફ, 'મડગાંવ એક્સપ્રેસ'માં તેણે કેમિયો કર્યો હતો, જેમાં ડ્રગ્સના નશામાં તેનું પાત્ર ગોવાને પોન્ડિચેરી અને મુંબઈને બેંગલુરુ સમજી બેસે છે. શું આ માત્ર રમુજી કનેક્શન છે કે કુનાલ ત્રણેય ફિલ્મોને એક જ સિનેમેટિક યુનિવર્સમાં જોડવાની યોજના બનાવી રહ્યો છે? આ સવાલના જવાબમાં કુનાલે સંકેત આપ્યો કે તેના મનમાં કેટલીક યોજનાઓ ચોક્કસ ચાલી રહી છે. જોકે, તે હાલમાં તેને જાહેર કરવા માગતો નથી. તેણે કહ્યું કે જો ભવિષ્યમાં તેને યોગ્ય દિશા દેખાશે તો તે આ વિચારોને આગળ વધારી શકે છે.

કોમેડીને લઈને કુનાલનું માનવું છે કે એક્ટિંગ અને ડિરેક્શન બંને એટલાં જ મુશ્કેલ છે. તેના મતે કોમેડી માટે ઈન્સ્ટિંક્ટ અને પોતાના નિર્ણય પર વિશ્વાસ જરૂરી છે. 'મડગાંવ એક્સપ્રેસ'ના સેટ પર પણ સૌથી રમૂજી દ્રશ્યોના શૂટિંગ દરમિયાન કલાકારો ગંભીર રહેતા હતા. 'વાઈબ'માં પ્રીતિ ઝિન્ટા, વંશિકા ધીર, દિનેશ લાલ યાદવ અને યશપાલ શર્મા પણ છે. ફિલ્મ 18 સપ્ટેમ્બરે થિયેટરમાં રિલીઝ થશે.

નવરાત્રિ પહેલા કેન્દ્રીય કર્મચારીઓને મળી શકે મોટી ભેટ, DA 60%થી વધીને 64% થવાની શક્યતા

નવી દિલ્હી, તા.13

તહેવારોની સિઝનની શરૂઆત સાથે જ દેશભરના કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોની નજર હવે મોંઘવારી ભથ્થા એટલે કે Dearness Allowance (DA) પર ટકેલી છે. જુલાઈ 2026થી લાગુ થનારા DAમાં કેટલો વધારો થશે અને સરકાર તેની જાહેરાત ક્યારે કરશે, તેને લઈને કર્મચારીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. દેશના અંદાજે 50 લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને 65 લાખથી વધુ પેન્શનરો માટે આ નિર્ણય સીધી રીતે તેમના માસિક પગાર અને પેન્શન સાથે જોડાયેલો હોવાથી તહેવારો પહેલા સરકાર તરફથી મોટી જાહેરાતની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

આ વર્ષે નવરાત્રિનો પ્રારંભ 11 ઓક્ટોબરથી થવાનો છે, જ્યારે 20 ઓક્ટોબરે દશેરાની ઉજવણી થશે. ત્યારબાદ દિવાળીનો તહેવાર પણ નજીક હોવાથી કેન્દ્રીય કર્મચારીઓમાં એવી ચર્ચા ચાલી રહી છે કે સરકાર તહેવારોની સિઝન દરમિયાન DA વધારાની જાહેરાત કરીને તેમને મોટી ભેટ આપી શકે છે. સામાન્ય રીતે કેન્દ્ર સરકાર જુલાઈથી લાગુ થનારા મોંઘવારી ભથ્થાની જાહેરાત સપ્ટેમ્બર અથવા ઓક્ટોબર મહિનામાં કરતી હોય છે. તેથી આ વખતે પણ કર્મચારીઓની નજર સરકારની કેબિનેટ બેઠક અને સત્તાવાર જાહેરાત પર ટકેલી છે.

જો નવરાત્રિ દરમિયાન DA વધારાની જાહેરાત કરવામાં નહીં આવે તો કર્મચારીઓને દિવાળી સુધીમાં સારા સમાચાર મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે અંતિમ નિર્ણય કેન્દ્ર સરકારની કેબિનેટ મંજૂરી બાદ જ સ્પષ્ટ થશે. મહત્વની વાત એ છે કે DAમાં વધારો જાહેર કરવામાં ભલે થોડો સમય લાગે, પરંતુ તેનો લાભ 1 જુલાઈ 2026થી જ લાગુ ગણાશે. એટલે કે જાહેરાતમાં વિલંબ થાય તો પણ કર્મચારીઓને જુલાઈથી મળનારા વધારાના DAની બાકી રકમ એરિયર તરીકે આપવામાં આવશે.

મોંઘવારી ભથ્થું નક્કી કરવા માટે ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ એટલે કે AICPIના આંકડાઓ મહત્વની ભૂમિકા ભજવે છે. મોંઘવારીના દર અને ગ્રાહક ભાવ સૂચકાંકમાં થતા ફેરફારના આધારે DAમાં વધારો નક્કી કરવામાં આવે છે. જુલાઈના AICPIના આંકડા અનુસાર ઈન્ડેક્સ 153.2ના સ્તરે પહોંચ્યો

હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આ આંકડાના આધારે હાલના અંદાજ મુજબ DAનો દર 64 ટકા સુધી પહોંચી શકે છે.

હાલમાં કેન્દ્રીય કર્મચારીઓને તેમના મૂળ પગારના 60 ટકા જેટલું મોંઘવારી ભથ્થું મળી રહ્યું છે. જો નવા DA દરમાં 4 ટકાનો વધારો થાય અને તે 64 ટકા થાય તો કર્મચારીઓના મૂળ પગારના આધારે મળતા DAની રકમમાં સીધો વધારો થશે. જોકે અહીં એક મહત્વની વાત સમજવી જરૂરી છે કે DAમાં 4 ટકાનો વધારો થવાનો અર્થ એ નથી કે કર્મચારીનો સમગ્ર ટેક-હોમ પગાર પણ 4 ટકા વધી જશે. મોંઘવારી ભથ્થાની ગણતરી મૂળ પગારના આધારે કરવામાં આવે છે અને તેથી વાસ્તવિક વધારો દરેક કર્મચારીના પે લેવલ અને બેઝિક પે પ્રમાણે અલગ-અલગ રહેશે. ઉદાહરણ તરીકે, જો કોઈ કર્મચારીનો મૂળ પગાર 18 હજાર રૂપિયા હોય તો હાલમાં 60 ટકા DAના આધારે તેને 10,800 રૂપિયા મોંઘવારી ભથ્થું મળતું હોય છે. જો DA 64 ટકા થાય તો આ રકમ વધીને 11,520 રૂપિયા થઈ શકે છે. એટલે કે માત્ર DAના કારણે દર મહિને 720 રૂપિયાનો વધારો થઈ શકે છે. તેવી જ રીતે જે કર્મચારીનો મૂળ પગાર વધારે છે, તેને 4 ટકાના વધારાથી મળનારી વધારાની DA રકમ પણ વધારે મળશે.

મોંઘવારી ભથ્થામાં થતો વધારો માત્ર માસિક પગાર પૂરતો મર્યાદિત રહેતો નથી. DAમાં વધારાની અસર કર્મચારીઓના અન્ય કેટલાક નાણાકીય લાભો પર પણ પડી શકે છે. તેમાં PF અને ગ્રેચ્યુઈટી જેવા લાભોનો સમાવેશ થાય છે. બીજી તરફ કેન્દ્રીય પેન્શનરો માટે DAના સમકક્ષ મોંઘવારી રાહત એટલે કે Dearness Reliefમાં પણ વધારો થવાથી માસિક પેન્શનમાં વધારો થઈ શકે છે. તેથી DAનો નિર્ણય લાખો કર્મચારીઓની સાથે મોટી સંખ્યામાં પેન્શનરો માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

કેન્દ્ર સરકાર સામાન્ય રીતે DAમાં ફેરફાર અંગે કેબિનેટ બેઠકમાં નિર્ણય લે છે. કેબિનેટની મંજૂરી બાદ સંબંધિત વિભાગ દ્વારા સત્તાવાર આદેશ જાહેર કરવામાં આવે છે. ત્યારબાદ કર્મચારીઓના પગારમાં સુધારેલો DA ઉમેરવામાં આવે છે અને અગાઉના મહિનાઓની બાકી રકમ પણ એરિયર તરીકે ચૂકવવામાં આવે છે. આ વખતે પણ જો જુલાઈથી DA વધારાની મંજૂરી મળે છે તો જુલાઈ, ઓગસ્ટ અને ત્યારબાદના બાકી સમયગાળાની રકમ કર્મચારીઓને એરિયર તરીકે મળી શકે છે.

તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખીને DAની જાહેરાતનું મહત્વ વધુ વધી જાય છે. નવરાત્રિ, દશેરા અને દિવાળી દરમિયાન સામાન્ય રીતે પરિવારોના ખર્ચમાં વધારો થાય છે. આવી સ્થિતિમાં પગારમાં DAનો વધારો અને તેની સાથે મળનારી એરિયરની રકમ કર્મચારીઓ માટે આર્થિક રીતે રાહતરૂપ બની શકે છે. ખાસ કરીને લાંબા સમયથી મોંઘવારીનો સામનો કરી રહેલા પરિવારો માટે વધારાની રકમ તહેવારોના ખર્ચમાં મદદરૂપ થઈ શકે છે. આ સમગ્ર મામલો 8મા પગાર પંચ સાથે પણ જોડાયેલો છે. જ્યાં સુધી 8મા પગાર પંચની ભલામણો અને નવી પગાર રચનાનો સંપૂર્ણ અમલ થતો નથી, ત્યાં સુધી હાલના નિયમો અનુસાર 7મા પગાર પંચ હેઠળ જ DAમાં વધારો આપવામાં આવશે.

દર મહિને 210 રૂપિયાની બચતથી મળશે ₹60,000 પેન્શન: આ સરકારી યોજનામાં નાની ઉંમરે શરૂઆત કરવાથી વધારે ફાયદો

નવી દિલ્હી, તા.13

અટલ પેન્શન યોજના દ્વારા તમે તમારા માટે પેન્શનની વ્યવસ્થા કરી શકો છો. અટલ પેન્શન યોજના હેઠળ 60 વર્ષના થવા પર દર મહિને 1,000 થી લઈને 5,000 રૂપિયાનું પેન્શન મળે છે. આ યોજના દ્વારા તમે તમારા વૃદ્ધાવસ્થાને આર્થિક સુરક્ષા આપી શકો છો. અમે તમને આ યોજના વિશે જણાવી રહ્યા છીએ...

અટલ પેન્શન યોજના હેઠળ 60 વર્ષના થવા પર દર મહિને 1000 થી લઈને 5000 રૂપિયાનું પેન્શન મળે છે. તેમાં 18 વર્ષથી 40 વર્ષ સુધીની વ્યક્તિ રોકાણ કરી શકે છે. જો કોઈ વ્યક્તિ આ સ્કીમ લે છે, તો તેને ઓછામાં ઓછા 20 વર્ષ રોકાણ કરવું પડશે.

આ યોજનામાં રોકાણ માટે તમારી રકમમાંથી કેટલું કપાશે તે તમે નિવૃત્તિ પછી કેટલું પેન્શન ઈચ્છો છો તેના પર નિર્ભર કરશે. દર મહિને 1 થી 5 હજાર રૂપિયા પેન્શન મેળવવા માટે સબ્સ્ક્રાઇબરને દર મહિને 42 થી 210 રૂપિયા સુધીનું યોગદાન આપવું પડશે. આ 18 વર્ષની ઉંમરે સ્કીમ લેવા પર થશે.

જ્યારે, જો કોઈ સબ્સ્ક્રાઈબર 40 વર્ષની ઉંમરે સ્કીમ લે છે, તો તેને દર મહિને 291 થી 1,454 રૂપિયા સુધીનું યોગદાન આપવું પડશે. સબ્સ્ક્રાઈબર જેટલું વધુ યોગદાન આપશે, તેને નિવૃત્તિ પછી તેટલું જ વધુ પેન્શન મળશે.

આ યોજના હેઠળ રોકાણકારો માસિક, ત્રિમાસિક અથવા અર્ધ-વાર્ષિક એટલે કે 6 મહિનાના સમયગાળામાં રોકાણ કરી શકે છે. યોગદાન ઓટો-ડેબિટ થઈ જશે, એટલે કે તમારા ખાતામાંથી નિર્ધારિત રકમ આપમેળે કપાઈ જશે અને તમારા પેન્શન ખાતામાં જમા થઈ જશે.

સબસ્ક્રાઈબરના મૃત્યુ પછી તેના જીવનસાથીને સમાન પેન્શન ચૂકવવામાં આવશે અને સબસ્ક્રાઈબર અને જીવનસાથી બંનેના અવસાન પર 60 વર્ષની ઉંમર સુધી જમા થયેલી પેન્શનની રકમ નોમિનીને પરત કરી દેવામાં આવશે.

જો 60 વર્ષ પહેલા ગ્રાહકના મૃત્યુના કિસ્સામાં તેનો જીવનસાથી APY ખાતામાં યોગદાન ચાલુ રાખી શકે છે. ગ્રાહકનો પતિ કે પત્ની તે જ પેન્શન રકમ મેળવવા માટે હકદાર હશે જે ગ્રાહકને મળવાની હતી. જ્યારે જો તે ઈચ્છે તો આવું ન કરીને APY ખાતામાં જમા થયેલા પૂરા પૈસા ઉપાડી શકે છે.

અટલ પેન્શન યોજના ટેક્સપેયર્સ માટે નથી. એટલે કે, જો તમે ઈન્કમ ટેક્સ ચૂકવો છો, તો તમે આ યોજનામાં એકાઉન્ટ ખોલી શકશો નહીં. આ નિયમ સરકારે 1 ઓક્ટોબર 2022 થી લાગુ કર્યો છે.

તમે બેંકમાં જઈને આ યોજના માટે એકાઉન્ટ ખોલી શકો છો, મોટાભાગની બેંકો તેની સુવિધા આપી રહી છે. વળી, પોસ્ટ ઓફિસ દ્વારા પણ આ યોજનામાં રોકાણ કરી શકાય છે. આ ઉપરાંત, બેંકો ઓનલાઈન એકાઉન્ટ ખોલવાની સુવિધા પણ આપે છે.

બેંકોમાં આ અઠવાડિયે 4 દિવસની રજા: 14 થી 20 સપ્ટેમ્બર સુધી શહેરો પ્રમાણે SBI, HDFC, ICICI અને PNB બેંકો બંધ રહેશે

નવી દિલ્હી, તા.13

જો આ અઠવાડિયે તમારે બેંક સંબંધિત કોઈ મહત્વપૂર્ણ કામ પતાવવાનું હોય તો ઘરેથી નીકળતા પહેલાં બેંક રજાઓની યાદી તપાસવી જરૂરી બની ગઈ છે. 14 સપ્ટેમ્બરથી 20 સપ્ટેમ્બર દરમિયાન દેશના વિવિધ શહેરો અને રાજ્યોમાં અલગ-અલગ પ્રસંગો તથા પ્રાદેશિક તહેવારોને કારણે બેંકો કુલ ચાર દિવસ સુધી બંધ રહી શકે છે. જોકે, આ રજાઓ સમગ્ર દેશમાં એકસાથે લાગુ નહીં પડે અને દરેક રાજ્ય તથા શહેરમાં સ્થાનિક રજાઓના આધારે બેંકિંગ સેવાઓ પર અસર જોવા મળશે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવતી બેંક હોલિડે લિસ્ટ મુજબ વિવિધ રાજ્યોમાં સ્થાનિક તહેવારો, ધાર્મિક પ્રસંગો અને અન્ય ખાસ દિવસોને ધ્યાનમાં રાખીને બેંકોને રજા આપવામાં આવે છે. તેથી કોઈ એક શહેરમાં બેંક બંધ હોય ત્યારે અન્ય રાજ્ય અથવા શહેરમાં બેંકનું કામકાજ સામાન્ય રીતે ચાલુ પણ હોઈ શકે છે. આ કારણસર ગ્રાહકોએ પોતાના શહેરની બેંક રજાઓની માહિતી તપાસ્યા બાદ જ બેંક જવાની યોજના બનાવવી વધુ યોગ્ય રહેશે.

આ સમયગાળા દરમિયાન સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, HDFC બેંક, ICICI બેંક, પંજાબ નેશનલ બેંક સહિત સરકારી અને ખાનગી ક્ષેત્રની અન્ય બેંકોમાં પણ સંબંધિત રાજ્યની રજાઓ અનુસાર શાખાઓ બંધ રહેશે. જે દિવસે બેંક રજા હશે તે દિવસે સામાન્ય રીતે શાખા સ્તરના કામકાજ, જેમ કે રોકડ જમા કરાવવી, ચેક સંબંધિત કેટલાક કાર્યો, પાસબુક અપડેટ કરાવવી, ડ્રાફ્ટ બનાવડાવવો અથવા અન્ય ઓફલાઈન બેંકિંગ સેવાઓ ઉપલબ્ધ નહીં હોય.

ખાસ કરીને એવા ગ્રાહકો માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે જેમણે કોઈ મહત્વપૂર્ણ નાણાકીય કામ માટે બેંક શાખામાં જવું જરૂરી હોય. લોન સંબંધિત દસ્તાવેજો, મોટી રકમની રોકડ જમા અથવા ઉપાડ, KYC અપડેટ, ચેક સંબંધિત કાર્યવાહી અને અન્ય મહત્વપૂર્ણ બેંકિંગ કામ સમયસર પૂર્ણ કરવા માટે ગ્રાહકોએ રજાઓને ધ્યાનમાં રાખીને અગાઉથી આયોજન કરવું જોઈએ.

જોકે બેંક શાખાઓ બંધ હોવા છતાં ડિજિટલ બેંકિંગ સેવાઓ મોટા ભાગે ચાલુ રહે છે. ગ્રાહકો મોબાઈલ બેંકિંગ, ઈન્ટરનેટ બેંકિંગ, UPI અને અન્ય ઓનલાઇન પેમેન્ટ સેવાઓ દ્વારા અનેક નાણાકીય વ્યવહારો કરી શકે છે. ATM સેવાઓ પણ સામાન્ય રીતે ઉપલબ્ધ રહે છે, જોકે કોઈ વિસ્તારમાં ટેકનિકલ અથવા રોકડ સંબંધિત સમસ્યા હોય તો તેની અસર અલગ હોઈ શકે છે.

આજના સમયમાં મોટા ભાગના નાના અને મધ્યમ સ્તરના બેંકિંગ વ્યવહારો ઓનલાઇન થઈ જતા હોવાથી સામાન્ય ગ્રાહકોને બેંક રજાના દિવસોમાં મોટી મુશ્કેલી પડતી નથી. તેમ છતાં જે કામ માટે બેંક શાખાની મુલાકાત ફરજિયાત હોય તેવા ગ્રાહકોએ ખાસ સાવચેતી રાખવી જરૂરી છે. કારણ કે સતત રજાઓ અથવા સપ્તાહાંત સાથે રજાઓ જોડાઈ જાય તો જરૂરી કામમાં વિલંબ થઈ શકે છે.

14 સપ્ટેમ્બરથી 20 સપ્ટેમ્બરના આ સમયગાળા દરમિયાન અલગ-અલગ રાજ્યોમાં પ્રાદેશિક તહેવારો અને સ્થાનિક પ્રસંગોના કારણે બેંકિંગ કામકાજ પ્રભાવિત થવાની શક્યતા છે.

AIની દોડ ધીમી કરો, સુરક્ષા માટે સમય આપો: એન્થ્રોપિક ચીફની ચેતવણીથી ટેક જગતમાં ખળભળાટ

નવી દિલ્હી, તા.13

કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે AIની દુનિયામાં ઝડપથી વધી રહેલી સ્પર્ધા વચ્ચે હવે તેના સંભવિત જોખમોને લઈને મોટી ચેતવણી સામે આવી છે. વિશ્વની અગ્રણી AI કંપની એન્થ્રોપિકના વડા ડેરિયો અમોડેઈએ અદ્યતન AI મોડલ્સ વિકસાવવાની ગતિ થોડા સમય માટે ધીમી કરવાની અને તેમની સુરક્ષાનું વધુ કડક મોનિટરિંગ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. અમોડેઈનું કહેવું છે કે AI ટેક્નોલોજીની ક્ષમતાઓ જેટલી ઝડપથી વધી રહી છે, તેની સરખામણીમાં સુરક્ષા વ્યવસ્થા અને માનવીય નિયંત્રણની તૈયારીઓ પૂરતી ઝડપથી આગળ વધી રહી નથી. આવી સ્થિતિમાં ઉતાવળમાં વધુ શક્તિશાળી AI સિસ્ટમ્સ વિકસાવવી ભવિષ્યમાં ગંભીર જોખમો ઊભા કરી શકે છે.

અમોડેઈએ પોતાના નવા નિબંધ 'વી મસ્ટ પેસ ધ ફ્રન્ટિયર'માં AIના વિકાસ સાથે જોડાયેલા જોખમો અંગે વિસ્તૃત ચિંતા વ્યક્ત કરી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ AIનું સંશોધન કે નવી ટેક્નોલોજીનો વિકાસ સંપૂર્ણપણે બંધ કરવાના પક્ષમાં નથી. તેમનો મુખ્ય મુદ્દો એ છે કે નવી અને વધુ શક્તિશાળી AI સિસ્ટમ્સને બજારમાં અથવા મોટા પાયે ઉપયોગમાં મૂકતા પહેલાં તેમની સુરક્ષા, વિશ્વસનીયતા અને માનવીય નિયંત્રણ હેઠળ રહેવાની ક્ષમતાની પૂરતી તપાસ થવી જોઈએ. તેમના મતે કંપનીઓ અને સરકારોને AIની ઝડપથી બદલાતી ક્ષમતાઓને સમજવા અને તેના જોખમો સામે અસરકારક વ્યવસ્થા ઊભી કરવા માટે વધુ સમયની જરૂર છે. AI ક્ષેત્રમાં હાલમાં વિશ્વભરની મોટી ટેક કંપનીઓ વચ્ચે ભારે સ્પર્ધા ચાલી રહી છે. દરેક કંપની વધુ શક્તિશાળી, વધુ બુદ્ધિશાળી અને વધુ સ્વતંત્ર રીતે કામ કરી શકે તેવા AI મોડલ્સ વિકસાવવા માટે દોડમાં છે. આ સ્પર્ધામાં ઘણી વખત એવી ચિંતા વ્યક્ત કરવામાં આવે છે કે કંપનીઓ બજારમાં સૌથી પહેલાં પહોંચવાની હોડમાં સુરક્ષાને પાછળ ન ધકેલી દે. અમોડેઈએ આ જ મુદ્દે ચેતવણી આપતાં કહ્યું છે કે ટેક્નોલોજીની ગતિ અને તેની સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવું હવે અત્યંત જરૂરી બની ગયું છે.

એન્થ્રોપિકના વડાએ AIની સુરક્ષા માટે એક વ્યાપક માળખું સૂચવ્યું છે, જેમાં સ્વતંત્ર

મોનિટરિંગ, ઉદ્યોગ સ્તરે સંયુક્ત નિયમો અને વૈશ્વિક સ્તરે સરકારો દ્વારા બનાવવામાં આવનારા કાયદાઓનો સમાવેશ થાય છે. તેમના મતે કોઈ પણ AI કંપનીએ પોતે જ પોતાના મોડલને સંપૂર્ણપણે સુરક્ષિત જાહેર કરી દેવું પૂરતું નથી. જ્યારે કોઈ નવી અને અત્યંત શક્તિશાળી AI સિસ્ટમ તૈયાર થાય ત્યારે તેની તપાસ કોઈ સ્વતંત્ર અને નિષ્પક્ષ સંસ્થા દ્વારા થવી જોઈએ.

આવી સ્વતંત્ર તપાસનો હેતુ એ રહેશે કે AI મોડલમાં એવી કોઈ ક્ષમતા અથવા ખામી તો નથી ને, જે ભવિષ્યમાં માનવીય નિયંત્રણ માટે મુશ્કેલી ઊભી કરી શકે. ઉદાહરણ તરીકે કોઈ AI સિસ્ટમ પોતાની મર્યાદાઓમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરે, અનધિકૃત રીતે કમ્પ્યુટર સિસ્ટમ્સમાં પ્રવેશ મેળવવાનો પ્રયાસ કરે અથવા એવી કામગીરી શરૂ કરે જે માટે તેને સ્પષ્ટ મંજૂરી આપવામાં આવી નથી, તો આવી બાબતો સમયસર શોધી શકાય. અમોડેઈના મતે AI કંપનીઓ દ્વારા કરવામાં આવતી આંતરિક તપાસ ઉપરાંત બાહ્ય નિષ્ણાતોની દેખરેખ પણ જરૂરી બનશે.

તેમણે ઉદ્યોગ સ્તરે પણ AI કંપનીઓ વચ્ચે સહમતિથી સુરક્ષા ધોરણો નક્કી કરવાની વાત કરી છે. સરકાર કાયદા બનાવે તેની રાહ જોવાને બદલે વિશ્વની મોટી AI કંપનીઓએ એકસાથે આવીને નક્કી કરવું જોઈએ કે માત્ર સ્પર્ધામાં આગળ નીકળવા માટે કોઈ કંપની સુરક્ષા સાથે સમાધાન નહીં કરે. જો તમામ મોટી કંપનીઓ માટે કેટલાક ન્યૂનતમ સુરક્ષા ધોરણો ફરજિયાત સ્વરૂપે સ્વીકારવામાં આવે તો ખતરનાક અથવા અધૂરા પરીક્ષણવાળા મોડલ્સને ઉતાવળમાં જાહેર કરવામાં આવતાં રોકી શકાય. અમોડેઈએ વૈશ્વિક સ્તરે નિયમનને પણ અત્યંત મહત્વપૂર્ણ ગણાવ્યું છે. AI એક એવી ટેક્નોલોજી છે જે કોઈ એક દેશની સરહદોમાં સીમિત રહેતી નથી. જો એક દેશમાં કડક નિયમો લાગુ કરવામાં આવે પરંતુ બીજા દેશોમાં કોઈ નિયંત્રણ ન હોય, તો જોખમ સમગ્ર દુનિયા માટે ઊભું થઈ શકે છે. તેથી તેમના મતે અમેરિકા, યુરોપ, ચીન અને અન્ય મોટા ટેક્નોલોજી ધરાવતા દેશોએ મળીને એવા આંતરરાષ્ટ્રીય ધોરણો બનાવવાની જરૂર છે, જે અદ્યતન AI વિકસાવતી તમામ મોટી કંપનીઓ માટે લાગુ પડે.

ડેરિયો અમોડેઈની આ ચેતવણીને AI જગતના અન્ય મોટા નામો તરફથી પણ સમર્થન મળ્યું હોવાનું જણાવવામાં આવ્યું છે. ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેને AI સિસ્ટમ્સના સ્વતંત્ર મૂલ્યાંકનનો વિચાર મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું છે. AI ટેક્નોલોજી ભવિષ્યમાં માનવીય નિયંત્રણથી બહાર જઈ શકે તેવી શક્યતા અંગે પણ ટેક જગતમાં લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે. જોકે, આવી સંભાવનાઓ અંગે નિષ્ણાતોમાં અલગ-અલગ મંતવ્યો છે અને તેના વાસ્તવિક જોખમના સ્તર અંગે હજુ પણ ચર્ચા ચાલુ છે. અબજોપતિ અને xAI સાથે જોડાયેલા ઈલોન મસ્ક પણ લાંબા સમયથી AIના સંભવિત જોખમોને લઈને ચેતવણી આપતા રહ્યા છે. તેઓ અનેક પ્રસંગોએ કહી ચૂક્યા છે કે અત્યંત શક્તિશાળી AIના વિકાસ સાથે પૂરતી સુરક્ષા વ્યવસ્થા હોવી જરૂરી છે.

હોમ લોન અને કાર લોનના હપ્તા વધશે: RBI 0.50% સુધી રેપો રેટ વધારી શકે છે, ક્રૂડ ઓઈલ 100 ડોલર પાર થવાથી મોંઘવારી વધશે

નવી દિલ્હી, તા.13

આવનારા દિવસોમાં તમારી હોમ લોન અને કાર લોન મોંઘી થઈ શકે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ રિસર્ચ રિપોર્ટમાં દાવો કર્યો છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા રેપો રેટમાં વધારો કરી શકે છે.

રિપોર્ટ મુજબ, RBI ઓક્ટોબરની ક્રેડિટ પોલિસીમાં રેપો રેટ 0.25% વધારી શકે છે, ત્યારબાદ ડિસેમ્બરમાં પણ આટલો જ વધારો કરી શકે છે. એટલે કે 0.50% સુધી રેપો રેટ વધી શકે છે.

હાલમાં ઓગસ્ટમાં યોજાયેલી મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં RBIએ રેપો રેટને સતત ચોથી વખત 5.25% પર સ્થિર રાખ્યો હતો. જોકે, હવે 5 થી 7 ઓક્ટોબર વચ્ચે યોજાનારી આગામી MPC બેઠકમાં દરો વધારવાનું લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે.

ક્રૂડ ઓઈલના ભાવ વધ્યા: મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધને કારણે 15 દિવસમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ 100 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયું છે અને તેના $105-$123 સુધી

પહોંચવાની આશંકા છે.

મોંઘવારીનો વ્યાપ વધ્યો: દેશમાં મોંઘવારીનો વ્યાપ સતત વધી રહ્યો છે. CPI એટલે કે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં 90% હિસ્સેદારી ધરાવતી આવશ્યક ચીજવસ્તુઓની સંખ્યા જાન્યુઆરી 2026માં 22 હતી, જે જુલાઈ સુધીમાં વધીને 53 થઈ ગઈ છે. પેટ્રોલ-ડીઝલ, ગેસ, દવાઓ અને ઈલેક્ટ્રોનિક્સ બનાવવાનો ખર્ચ વધ્યો છે, જેની સીધી અસર જનતાના ખિસ્સા પર પડી રહી છે.

RBIને સલાહ: રિપોર્ટમાં મોંઘવારી પર અંકુશ લગાવવા માટે RBIને રેપો રેટ વધારવાની સલાહ આપવામાં આવી છે. આ નિર્ણય અમેરિકી નીતિઓથી નહીં, પરંતુ દેશની આંતરિક આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લેવામાં આવશે.

RBIના રેપો રેટમાં કોઈપણ ફેરફારની સીધી અસર દેશના કરોડો દેવાદારો અને બેંકમાં પૈસા જમા કરાવનારા FD રોકાણકારો પર પડે છે: ફ્લોટિંગ રેટ પર લોન લેનારાઓ પર અસર: બેંકોના લોનના દરો RBIના રેપો રેટ સાથે સીધા જોડાયેલા હોય છે. રેપો રેટ વધતા જ બેંકો પોતાના લોનના દરો વધારી દે છે, જેનાથી હાલના ફ્લોટિંગ રેટ લોનની માસિક EMI વધી જાય છે.

નવી લોન વધુ વ્યાજ પર મળશે: નવા ગ્રાહકો માટે હોમ લોન, ઓટો લોન કે પર્સનલ લોન પર મળતા વ્યાજ દરો પહેલાની સરખામણીમાં વધુ થઈ જશે. જોકે, ફિક્સ્ડ-રેટ લોન લેનારાઓ પર તેની કોઈ અસર નહીં થાય.

FD કરાવનારાઓને ફાયદો: રેપો રેટ વધવાનો ફાયદો બચત કરનારાઓને મળે છે. જ્યારે બેંકો રેપો રેટ વધવા પર લોન મોંઘી કરે છે, ત્યારે તેઓ પોતાની ફિક્સ્ડ ડિપોઝિટ પર મળતા વ્યાજને પણ વધારી દે છે.

ધારો કે તમે 50 લાખની હોમ લોન 20 વર્ષ માટે 8.25%ના ફ્લોટિંગ વ્યાજ દરે લીધી છે. વર્તમાન સ્થિતિ: તમારી EMI 42,603 થાય છે. 0.50% વધારા પછી: જો RBI રેપો રેટમાં 0.50% નો વધારો કરે છે અને બેંકો તેનો સંપૂર્ણ બોજ ગ્રાહકો પર નાખે છે, તો લોનની વ્યાજ દર વધીને 8.75% થઈ જશે. નવી EMI: આ નવા દર પર EMI વધીને લગભગ 44,186 થઈ જશે. સીધી અસર: એટલે કે દર મહિને 1,583 વધુ હપ્તો ચૂકવવો પડશે અને આખા વર્ષમાં ખર્ચ 18,996 વધી જશે.

રેપો રેટ મોંઘવારી સામે લડવાનું ટુલ છે. જ્યારે મોંઘવારી વધુ હોય છે, ત્યારે સેન્ટ્રલ બેંક તેને વધારીને અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઓછો કરવાનો પ્રયાસ કરે છે. પોલિસી રેટ વધુ હશે તો બેંકોને સેન્ટ્રલ બેંક પાસેથી મળતી લોન મોંઘી થશે. બદલામાં બેંકો ગ્રાહકો માટે લોન મોંઘી કરી દે છે. આનાથી અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઘટે છે. નાણાંનો પ્રવાહ ઓછો થવા પર માંગ ઘટે છે અને મોંઘવારી ઓછી થઈ જાય છે.

જ્યારે અર્થતંત્ર ખરાબ સમયમાંથી પસાર થાય છે, ત્યારે રિકવરી માટે મની ફ્લો વધારવાની જરૂર પડે છે. આવી સ્થિતિમાં સેન્ટ્રલ બેંક પોલિસી રેટ ઘટાડે છે. આનાથી બેંકોને સેન્ટ્રલ બેંક પાસેથી મળતી લોન સસ્તી થઈ જાય છે અને ગ્રાહકોને પણ સસ્તા દરે લોન મળે છે.

ચાંદીની કિંમતોમાં પ્રચંડ ઉછાળાની 'ભવિષ્યવાણી', નિષ્ણાતોએ કહ્યું - 3 લાખને પણ વટાવી જશે ભાવ

નવી દિલ્હી, તા.13

કિંમતી ધાતુઓના બજારમાં ફરી એકવાર ચાંદીના ભાવને લઈને ચર્ચા તેજ બની છે. બજારના અગ્રણી વિશેષજ્ઞોનું માનવું છે કે આગામી સમયમાં ઘરેલુ બજારમાં ચાંદીના ભાવમાં નોંધપાત્ર તેજી જોવા મળી શકે છે અને ચાંદીનો ભાવ પ્રતિ કિલોગ્રામ 3.20 લાખથી લઈને 3.25 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. છેલ્લા કેટલાક સમયથી ચાંદીના ભાવમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે, જેના કારણે રોકાણકારોમાં પણ અસમંજસની સ્થિતિ હતી. જોકે હવે બજારના વલણ અને આંતરરાષ્ટ્રીય પરિબળોને જોતા ચાંદીમાં ફરીથી મજબૂત ખરીદી જોવા મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ચાંદીના ભાવમાં અગાઉ જોવા મળેલી તેજી અને ત્યારબાદ આવેલા ઘટાડાએ કિંમતી ધાતુના બજારને ખાસ ચર્ચામાં રાખ્યું છે. જાન્યુઆરી 2026 દરમિયાન ચાંદીના ભાવમાં અસાધારણ ઉછાળો નોંધાયો હતો અને ભાવ 4 લાખથી લઈને 4.25 લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામ સુધીના ઊંચા સ્તરે પહોંચ્યા હતા. જોકે આ તેજી લાંબા સમય સુધી ટકી શકી નહોતી અને ત્યારબાદ ચાંદીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. હવે બજાર વિશેષજ્ઞોનું

માનવું છે કે ચાંદી ફરી એકવાર તેજીના તબક્કામાં પ્રવેશી શકે છે, પરંતુ અગાઉના રેકોર્ડ સ્તર સુધી પહોંચવા માટે તેને થોડો વધુ સમય લાગી શકે છે.

વિશેષજ્ઞોના મતે જાન્યુઆરીમાં ચાંદીના ભાવમાં જોવા મળેલો ઉછાળો સામાન્ય માંગ અને પુરવઠાના પરિબળો કરતાં કેટલીક હદે સટ્ટાકીય પ્રવૃત્તિઓ અને એક્સચેન્જ ટ્રેડેડ ફંડ એટલે કે ETFમાં થયેલી ભારે ખરીદીથી પણ પ્રભાવિત થયો હતો. આવી પરિસ્થિતિને તરત જ ફરીથી દોહરાવવી સરળ નથી. તેથી આગામી તેજી વધુ સ્થિર અને બજારના મૂળભૂત પરિબળો પર આધારિત રહેવાની શક્યતા છે. રોકાણકારો માટે આ બાબત ખાસ મહત્વની બની શકે છે, કારણ કે અચાનક આવેલા ઉછાળાની સરખામણીએ ધીમે-ધીમે બનતી તેજી વધુ ટકાઉ સાબિત થઈ શકે છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં પણ ચાંદી માટે સકારાત્મક સંકેતો જોવા મળી રહ્યા હોવાનું વિશેષજ્ઞોનું મૂલ્યાંકન છે. તેમના અંદાજ મુજબ આંતરરાષ્ટ્રીય સ્તરે ચાંદીનો ભાવ 90થી 95 ડોલર પ્રતિ ઔંસ સુધી પહોંચવાની સંભાવના છે. જો આ સ્તર હાંસલ થાય તો ભારતીય બજારમાં પણ ચાંદીના ભાવને મજબૂતી મળી શકે છે. વર્તમાન રૂપાંતરણ અને બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ સ્તર ભારતીય બજારમાં આશરે 3.20 લાખથી 3.25 લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામની આસપાસ જોવા મળી શકે છે. ચાંદીના ભાવમાં તેજી પાછળ અનેક આંતરરાષ્ટ્રીય પરિબળો મહત્વની ભૂમિકા ભજવે છે. વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિ, અમેરિકાની વ્યાજદર નીતિ, ડોલરનું મૂલ્ય, ઔદ્યોગિક માંગ અને રોકાણકારોની ખરીદી જેવા પરિબળો ચાંદીના ભાવને સીધી અસર કરે છે. ચાંદી માત્ર કિંમતી ધાતુ તરીકે જ નહીં પરંતુ ઔદ્યોગિક ધાતુ તરીકે પણ ઉપયોગમાં લેવાય છે. સોલાર પેનલ, ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રિકલ સાધનો અને અન્ય ટેક્નોલોજી ક્ષેત્રોમાં ચાંદીની માંગ હોવાથી વૈશ્વિક ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વધારો થાય ત્યારે તેની માંગને પણ ટેકો મળી શકે છે. વિશેષજ્ઞોના મતે ચાંદીમાં આગામી તેજી આવે તો રોકાણકારો માટે એકસાથે મોટી ખરીદી કરવાને બદલે તબક્કાવાર રોકાણની વ્યૂહરચના વધુ યોગ્ય બની શકે છે.

અમદાવાદ કાળા-ડિબાંગ વાદળોથી ઘેરાયું, કડાકા ભડાકા સાથે તૂટી પડ્યો વરસાદ

અમદાવાદ, તા.13

ગુજરાતમાં એક સાથે ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે, ત્યારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગે 15 સપ્ટેમ્બર સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. તેવામાં ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર(SEOC)ના આંકડા મુજબ, રવિવારે(13 સપ્ટેમ્બર) સવારે 6 વાગ્યાથી બપોરે 4 વાગ્યા સુધીમાં 168 તાલુકામાં વરસાદ નોંધાયો છે. અમદાવાદમાં સાંજે કાળા-ડિબાંગ વાદળો વચ્ચે કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. જાણો ક્યાં-કેટલો વરસાદ પડ્યો.

અમદાવાદમાં આજે(13 સપ્ટેમ્બર) વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, ત્યારે શહેરમાં વાદળછાયું વાતાવરણ છવાયું છે. ગત રાત્રે અમદાવાદના અનેક વિસ્તારોમાં વરસાદ થયો હતો. ત્યારે આજે(13 સપ્ટેમ્બર) અમદાવાદ શહેરમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી વચ્ચે વીજળીના કડાકા-ભડાકા સાથે શહેરના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જેમાં નવાવાડજ, રાણીપ, જગતપુર, એસજી હાઈવે, ગોતા, મકરબા, જુહાપુરા, સરખેજ, આનંદનગર સહિતમાં વરસાદી માહોલ સક્રિય થયો છે.

આજે સવારે 6 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન અમદાવાદ શહેરમાં સરેરાશ 1.05 ઈંચ વરસાદ નોંધાયો. શહેરના ઉત્તરમાં આવેલા હંસપુરા વિસ્તારમાં સૌથી વધુ 2.54 ઈંચ વરસાદ પડ્યો હતો, જ્યારે નરોડામાં 2.15 ઈંચ અને સરદારનગરમાં 1.91 ઈંચ વરસાદ નોંધાયો હતો. પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ વિસ્તારોમાં મોટેરામાં 2.20 ઈંચ, રાણીપમાં 1.69 ઈંચ, ચાંદખેડામાં 1.65 ઈંચ અને નવરંગપુરામાં 1.59 ઈંચ વરસાદ પડ્યો હતો. મધ્ય ઝોનના દુધેશ્વરમાં 1.95 ઈંચ અને પૂર્વના નિકોલમાં 1.81 ઈંચ તથા કઠવાડામાં 1.48 ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સમયગાળા દરમિયાન મોટા ભાગનો વરસાદ બપોરે 2:00 વાગ્યાથી સાંજે 5:00 વાગ્યા દરમિયાન વરસ્યો હતો, જેના કારણે ખાસ કરીને ઉત્તર, પશ્ચિમ અને પૂર્વ ઝોનના વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ શહેરની સરેરાશની સરખામણીએ નોંધપાત્ર રીતે વધુ રહ્યું હતું.

પંચમહાલના શહેરા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં રવિવારે બપોર બાદ વરસાદની પધરામણી થઈ. સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે સતત બીજા દિવસે વરસાદ વરસ્યો છે.

પંચમહાલ જિલ્લાના શહેરામાં છેલ્લા એક મહિનાથી વરસાદે વિરામ લીધો હતો જેને લઈને ખેડૂતો ચિંતામાં મુકાયા હતા. જ્યારે હવે શહેરા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સતત બીજા દિવસે પણ વરસાદ શરૂ થતા ખેડૂતો ખુશખુશાલ થયા છે. આજે વહેલી સવારથી જ વાદળછાયુ વાતાવરણ સર્જાયું હતું અને બપોર બાદ કાળા દિબાંગ વાદળો વચ્ચે વરસાદની પધરામણી થઈ હતી. વરસાદી ખેંચાતા ખેડૂતોએ કરેલા પાકને નુકસાન થવાની ભિતી સેવાય હતી, ત્યારે વરસાદે પધરામણી લેતા ખેડૂતોએ કરેલા પાકને જીવતદાન મળતા ખેડૂતોમાં હરખ છવાયો છે.

તાપીમાં લાંબા વિરામ બાદ વરસાદ વરસતા ઉકાઈ ડેમમાં પાણી આવક વધી છે. જેમાં ઉપરવાસમાં પડી રહેલા વરસાદને પગલે ડેમમાં પાણીની આવકમાં વધારો નોંધાયો છે. હાલ ઉકાઈ ડેમના ઉપરવાસમાંથી 80,259 ક્યુસેક પાણીની આવક છે પાણીની આવક થતા ડેમની સપાટી 335.27 ફૂટ પર પહોંચી છે. ડેમમાંથી કેનાલ મારફતે 800 ક્યુસેક પાણીની જાવક છે. ડેમની ભયજનક સપાટી 345 ફૂટ છે.

અમરેલીના જાફરાબાદ, ધારી, સારવકુંડલા સહિતના વિસ્તારોમાં છેલ્લા ચાર દિવસથી હળવાથી મધ્યમ વરસાદ થઈ રહ્યો છે. જાફરાબાદના દરિયાકાંઠા વિસ્તારમાં મેઘરાજાની એન્ટ્રી થઈ છે. જેમાં જાફરાબાદ કોસ્ટલ બેલ્ટમાં વહેલી સવારથી ધીમીધારે વરસાદ થયો છે. લાંબા વિરામ બાદ વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં પ્રસરી ઠંડક છે. અસહ્ય ગરમી અને બફારાથી સ્થાનિક લોકોને મોટી રાહત મળી છે. કોસ્ટલ બેલ્ટના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. વરસાદના આગમનથી મગફળી અને કપાસના પાકને નવું જીવનદાન મળશે. વરસાદ ખેંચાતા ચિંતિત ખેડૂતોમાં વરસાદથી ખુશીની લહેર છવાઈ છે.

SEOC અનુસાર, 13 સપ્ટેમ્બરે સવારે 6 વાગ્યાથી બપોરે 4 વાગ્યા સુધીમાં સૌથી વધુ વલસાડના કપરાડામાં 3.35 ઈંચ, નવસારીના વાંસદામાં 3.19 ઈંચ, વલસાડના ધરમપુરમાં 3 ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે સુરતના અંબિકા, વલસાડના નાનાપોંઢા, વાપી, નર્મદાના દેડિયાપાડા, ગરુડેશ્વર, બોટાદના બરવાળા, નવસારી, અમદાવાદના ધંધુકા સહિતના 34 તાલુકામાં 1 ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

અમદાવાદના રખિયાલમાં બ્રાન્ડેડ કંપનીના બનાવટી ખાદ્ય તેલનો જથ્થો ઝડપાયો: ભંગારના ડબ્બામાં સસ્તું તેલ ભરી વેચતો વેપારી

અમદાવાદ, તા.13

અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલી ઘણીવાળા ટ્રેડર્સ નામની દુકાનમાંથી બ્રાન્ડેડ કંપનીના બનાવટી ખાદ્ય તેલના 44 ડબ્બા મળી આવ્યા હતા. આ મામલે રખિયાલ પોલીસે વેપારી અમિત કુશવાહ સામે કોપીરાઈટ એક્ટ હેઠળ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, ખાનગી કંપનીમાં નોકરી કરતા ફરિયાદી ભુષણ દાણીને બાતમી મળી હતી કે રખિયાલ વિસ્તારમાં આવેલા ગુજરાત બેકરી પાસેની ઘાણીવાળા ટ્રેડર્સ નામની દુકાનમાં તેની કંપનીના કપાસિયા તેલના ડુપ્લિકેટ ડબ્બા વેચવામાં આવી રહ્યા છે. આ માહિતીના આધારે 12મી સપ્ટેમ્બરના રોજ ફરિયાદીએ રખિયાલ પોલીસને સાથે રાખીને દુકાનમાં તપાસ કરી હતી. ત્યાં દુકાનમાંથી અમિત કુશવાહ નામનો શખસ મળી આવ્યો હતો. તેની દુકાનમાં તપાસ કરતા કપાસિયા તેલના લેબલ, બારકોડ અને લાલ રંગના ડુપ્લિકેટ સીલ મારેલા કુલ 44 ડબ્બા મળી આવ્યા હતા. આ ડબ્બાઓ બાબતે આરોપી અમિત કુશવાહની પૂછપરછ કરતા તેણે પોતાની કામગીરીની કબૂલાત કરી હતી. તેણે જણાવ્યું હતું કે, 'હું ભંગારમાંથી તેલના સારી હાલતના ખાલી ડબ્બા ખરીદતો હતો.

સાબરમતી નદીમાંથી યુવકનો મૃતદેહ મળ્યો, હાથ પર લખ્યું -'મેરે પાપા કો મેરી બોડી પહુંચા દેના'

અમદાવાદ, તા.13

અમદાવાદની સાબરમતી નદીમાં આજે (13મી સપ્ટેમ્બર) વહેલી સવારે પુરૂષનો તરતો મૃતદેહ જોવા મળતા ફાયર વિભાગ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. રિવર રેસ્ક્યુ ટીમે મૃતદેહને પાણીમાંથી બહાર કાઢીને તપાસ કરી ત્યારે તેની પાસેથી કોઈ ઓળખના દસ્તાવેજ મળ્યા ન હતા. જોકે, મૃતકના હાથ ઉપર એક મોબાઈલ નંબર લખેલો હતો અને સાથે જ હિન્દી ભાષામાં લખ્યું હતું કે, 'મેરે પાપા કો મેરી બોડી પહોચા દેના.' હાલ આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે આ લખાણ અને મોબાઈલ નંબરના આધારે તપાસ આગળ કરતા મૃતકની ઓળખ થઈ હતી. પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતક યુવક રાજસ્થાનના ડુંગરપુરનો વતની રોહિત પ્રજાપતિ છે. આ અંગે પોલીસે તેના પરિવારનો સંપર્ક કરીને જાણ કરી દીધી છે અને હવે પોસ્ટમોર્ટમની પ્રક્રિયા બાદ મૃતદેહ તેના પરિવારજનોને સોંપી દેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, આ ઘટનાની સાથે જ ગઈકાલે બપોરે જમાલપુર નજીકથી પણ નદીમાં તરતું એક માનવ કંકાલ મળી આવ્યું હતું. ફાયરની ટીમે જ્યારે આ હાડપિંજરને બહાર કાઢ્યું ત્યારે તેના શરીરના ઉપરના ભાગે કેટલાક કપડાં જોવા મળ્યા હતા. પોલીસના પ્રાથમિક અંદાજ મુજબ આ કંકાલ અંદાજિત 10 દિવસ જૂનો હોઈ શકે છે. હાલમાં રિવરફ્રન્ટ પોલીસ દ્વારા આ અજાણ્યા કંકાલની ઓળખ મેળવવા તેમજ આ બંને અલગ અલગ બનાવો અંગે તપાસ કરવામાં આવી રહી છે.

અમદાવાદમાં વરસાદી માહોલ વચ્ચે ખાડિયામાં મકાન ધરાશાયી, કાટમાળ નીચે દબાયેલા માતા-પુત્રી સહિત ત્રણનું રેસ્ક્યૂ

અમદાવાદ, તા.13

અમદાવાદમાં રવિવારે(13 સપ્ટેમ્બર) સાંજે કાળા-ડિબાંગ વાદળો વચ્ચે કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. શહેરમાં વરસાદી માહોલ વચ્ચે કોટ વિસ્તારમાંથી મોટી દુર્ઘટના ઘટી છે. જેમાં ખાડિયા ચાર રસ્તા પાસે જૂનું મકાન અચાનક ધરાશાયી થતાં દોડધામ મચી હતી.

મળતી માહિતી મુજબ, શહેરના ખાડિયા ચાર રસ્તા પાસે આવેલી લાલાભાઈની બારી અને પાંચકુવા દરવાજા પાછળ એક જૂનું મકાન અચાનક ધરાશાયી થતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી! ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમો કાફલા સાથે સ્થળ પર દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ કાટમાળ નીચે દબાયેલા 27 વર્ષીય જાનવીબહેન રાણા, 23 વર્ષીય પાર્થ રાણા અને 42 વર્ષીય આશાબહેનને સદ્ભાગ્યે જીવંત હાલતમાં બહાર કાઢ્યા હતા.

ઈજાગ્રસ્ત માતા-પુત્રી સહિત ત્રણેય લોકોને 108 એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હાલમાં ફાયર વિભાગ દ્વારા ઘટનાસ્થળેથી કાટમાળ હટાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

બુલેટ ટ્રેનના સાબરમતી અને અમદાવાદ સ્ટેશન બનશે મલ્ટિમોડલહબ, રેલવે-મેટ્રો-બસનીએકજસ્થળેથીકનેક્ટિવિટી

અમદાવાદ, તા.13

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન કોરિડોરમાં ગુજરાતના બે મહત્ત્વના સ્ટેશન સાબરમતી અને અમદાવાદને મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યાં છે. બંને સ્ટેશન પર બુલેટ ટ્રેન ઉપરાંત ભારતીય રેલવે, મેટ્રો, સિટી બસ અને અન્ય પરિવહન વ્યવસ્થાઓ સાથે સરળ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવવાની યોજના છે. પેસેન્જરોને એક પરિવહન માધ્યમમાંથી બીજા માધ્યમમાં જવા માટે લાંબું અંતર કાપવાની કે સ્ટેશનની બહાર નીકળવાની જરૂર ન પડે તે રીતે સમગ્ર માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે.ભૌગોલિક નકશા તપાસો

સાબરમતી બુલેટ ટ્રેન સ્ટેશન સાબરમતી ધર્મનગર રેલવે સ્ટેશન અને સાબરમતી જેલરોડ રેલવે સ્ટેશન વચ્ચેના વિસ્તારમાં તૈયાર કરવામાં આવી રહ્યું છે. સ્ટેશનની બાજુમાં મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ પણ તૈયાર કરવામાં આવ્યું છે, જેના કારણે બુલેટ ટ્રેન પેસેન્જરોને વિવિધ પરિવહન સેવાઓ સાથે સરળ કનેક્ટિવિટી મળી શકશે. અહીં ભારતીય રેલવેની વિવિધ સેવાઓ સાથે મેટ્રો અને બસ કનેક્ટિવિટી ઉપલબ્ધ છે. બુલેટ ટ્રેન સ્ટેશન અને મલ્ટિમોડલ હબના વિકાસથી આ સમગ્ર વિસ્તારને એક સંકલિત પરિવહન કેન્દ્ર તરીકે વિકસાવવાનો માર્ગ મોકળો થશે.

સાબરમતી ખાતે તૈયાર કરવામાં આવેલા મલ્ટિમોડલ હબનો મુખ્ય હેતુ પેસેન્જરોને એક જ સ્થળેથી વિવિધ પરિવહન સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. બુલેટ ટ્રેનમાંથી ઉતર્યા બાદ પેસેન્જરો રેલવે ટ્રેન, મેટ્રો, બસ અથવા અન્ય જાહેર પરિવહન સેવાનો ઉપયોગ સરળતાથી કરી શકશે. આ વ્યવસ્થાથી ખાસ કરીને અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં

જતા પેસેન્જરોને લાસ્ટ માઈલ કનેક્ટિવિટીમાં ફાયદો થશે.

અમદાવાદનું બુલેટ ટ્રેન સ્ટેશન કાલુપુર ખાતેના અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 9, 10, 11 અને 12ની ઉપર તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ સ્ટેશન અમદાવાદના સૌથી વ્યસ્ત રેલવે પરિસર સાથે સીધી રીતે સંકલિત રહેશે. બુલેટ ટ્રેન સ્ટેશનની ડિઝાઈન એવી રીતે કરવામાં આવી રહી છે કે રેલવે પેસેન્જરોને સામાન્ય ટ્રેનમાંથી બુલેટ ટ્રેન સુધી પહોંચવામાં સરળતા રહે. સ્ટેશન બિલ્ડીંગ માટે વિશાળ માળખું તૈયાર કરવામાં આવશે, જેમાં પેસેન્જરોની અવરજવર અને વિવિધ પરિવહન સેવાઓને જોડતી વ્યવસ્થા હશે.

અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશન સાથે મલ્ટિમોડલ કનેક્ટિવિટી વિકસાવવાની યોજના છે. અહીં બુલેટ ટ્રેન, ભારતીય રેલવે, મેટ્રો અને શહેરની બસ સેવા વચ્ચે પેસેન્જરોની અવરજવર સરળ બનાવવામાં આવશે. સ્ટેશન બિલ્ડીંગ અને તેની સાથે જોડાયેલા પરિવહન માળખામાં લિફ્ટ, એસ્કેલેટર અને અન્ય પેસેન્જર સુવિધાઓનો સમાવેશ કરવામાં આવશે. જેના કારણે કાલુપુર રેલવે સ્ટેશન, મેટ્રો અને સિટી ટ્રાન્સપોર્ટ વચ્ચે મુસાફરી વધુ સુવિધાજનક બનશે. અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ કોરિડોરનો હેતુ માત્ર શહેરો વચ્ચે ઝડપી મુસાફરી પૂરી પાડવાનો નથી, પરંતુ પેસેન્જરોને તેમના અંતિમ ગંતવ્ય સુધી સરળતાથી પહોંચાડવાનો પણ છે. આ માટે મુખ્ય સ્ટેશનોને સ્થાનિક અને પ્રાદેશિક પરિવહન વ્યવસ્થાઓ સાથે જોડવામાં આવી રહ્યાં છે. સાબરમતી અને અમદાવાદ સ્ટેશનનું મલ્ટિમોડલ વિકાસ મોડલ આ દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. એક જ પરિવહન હબમાં વિવિધ વાહન વ્યવસ્થાઓ ઉપલબ્ધ થવાથી પેસેન્જરોનો સમય બચશે અને શહેરમાં જાહેર પરિવહનનો ઉપયોગ વધવાની શક્યતા છે.

અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ કોરિડોરની કુલ લંબાઈ 508 કિલોમીટર છે અને તેમાં કુલ 12 સ્ટેશન બનાવવામાં આવી રહ્યાં છે. સાબરમતી, અમદાવાદ, વડોદરા અને સુરત જેવા મહત્ત્વના શહેરોમાં બુલેટ ટ્રેન સ્ટેશનોને હાલની પરિવહન વ્યવસ્થાઓ સાથે જોડવાનું આયોજન કરવામાં આવ્યું છે. નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) દ્વારા આ સ્ટેશનોનું નિર્માણ અને મલ્ટિમોડલ કનેક્ટિવિટીનું માળખું વિકસાવવામાં આવી રહ્યું છે. ભવિષ્યમાં બુલેટ ટ્રેનના પેસેન્જરોને એક જ સ્થળેથી ઝડપી ટ્રેન, સામાન્ય રેલવે, મેટ્રો અને બસ સેવા ઉપલબ્ધ કરાવવાનું આ માળખું મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPaccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર